CMYK

RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE ®
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૭૯ મહા સુદ-૧૪   શનિવાર, તા.૦૪-૦૨-૨૦૨૩   અંક : ૮૩ વર્ષ : ૨૦   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# ટીમ ઈન્ડિયા પાકિસ્તાન જશે કે નહીં ? આજે ફેંસલો




## સપ્ટેમ્બરમાં યોજાશે એશિયા કપ ૨૦૨૩: પાકિસ્તાનનો પ્રવાસ નહીં જ ખેડવા બીસીસીઆઈ અડગ

નવીદિલ્હી

ભારતીય ક્રિકેટ બોર્ડ ના સચિવ જય શાહ એશિયન ક્રિકેટ પરિષદની ઈમરજન્સી બેઠકમાં ભાગ લેવા માટે બહેરીન પહોંચી ચૂક્યા છે. આ બેઠક પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ ચેરમેન નઝમ સેઠીના અનુરોધ પર બોલાવવામાં આવી છે જેમાં પાકિસ્તાનની એશિયા કપની મેજબાની અંગે નિર્ણય લેવામાં આવશે.

બીસીસીઆઈના સૂત્રોનું માનવામાં આવે તો ટીમ ઈન્ડિયા સપ્ટેમ્બરમાં પાકિસ્તાનની અંદર એશિયા કપ રમવા જવા માટે બિલકુલ તૈયાર નથી એટલા માટે કાં તો પાકિસ્તાન પાસેથી એશિયા કપની મેજબાની છીનવાઈ શકે છે કાં તો આ ટૂર્નામેન્ટને ન્યુટ્રલ મતલબ કે તટસ્થ ઉપર રમાડવામાં આવી શકે છે. જો પાકિસ્તાનમાં ટૂર્નામેન્ટ ન રમાય તો તે સંયુક્ત અરબ અમીરાત (યુએઈ)માં રમાડી પાકિસ્તાનની યજમાની યથાવત રહે તેવી શક્યતા છે. જો આમ ન બને તો પછી શ્રીલંકા બીજો વિકલ્પ બની શકે છે. બીસીસીઆઈ પોતાનો પક્ષ બદલવા બિલકુલ તૈયાર નથી એટલા માટે ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન જવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો કેમ કે સરકાર તરફથી મંજૂરી મળેલી નથી.

બીસીસીઆઈએ પહેલાંથી જ સ્પષ્ટ કહી દીધું હતું કે ટીમ ઈન્ડિયાએ એશિયા કપમાં કોઈ પણ સંજોગોમાં પાકિસ્તાનનો પ્રવાસ કરશે નહીં. બીજી બાજુ પાકિસ્તાની ક્રિકેટ બોર્ડ પોતાને ત્યાં ટૂર્નામેન્ટ રમાડવા માટે મથી રહ્યું છે. આવામાં કોઈ તટસ્થ સ્થળે એશિયા કપ યોજાઈ શકે છે. પાછલા વર્ષે પણ એશિયા કપની યજમાની શ્રીલંકા પાસે હતી પરંતુ ત્યાંની સ્થિતિને કારણે ટૂર્નામેન્ટને યુએઈમાં ખસેડવામાં આવી હતી. આવામાં એવી સંભાવના છે કે એશિયા કપનું આયોજન પાકિસ્તાનની જગ્યાએ યુએઈમાં થઈ શકે છે.

## મીતીયાળા પંથકમાં સવારે ચાર મિનિટમાં ત્રણ ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

### કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૩ કિલોમીટર દૂર નોંધાયું



સાવરકુંડલા,

સાવરકુંડલાના મીતીયાળા પંથકમાં આજે સવારે ઉપરાઉપરી ત્રણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બહાર કાતિલ ઠંડી વચ્ચે જંગલી પશુઓનો ભય અને ઘરમાં ભૂકંપના ભય વચ્ચે રહેતા લોકો આજે ફરી ધરા ધ્રૂજતા ફફડી ઉઠ્યા હતા. અમરેલીના મીતીયાળામાં સતત બીજા દિવસે પણ ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડરનો માહોલ જોવા મળી રહ્યો છે. મીતીયાળા પંથકમાં આજે સવારે ૪ મિનિટમાં ભૂકંપના ત્રણ આંચકા આવ્યા હતા. જેમાં પહેલો આંચકો સવારે ૭.૫૧ કલાકે, બીજો આંચકો સવારે ૭.૫૩ કલાકે અને ત્રીજો આંચકો સવારે ૭.૫૫ કલાકે અનુભવાયો હતો. જેનું કેન્દ્રબિંદુ અમરેલીથી ૪૩ કિલોમીટર દૂર નોંધાયું છે. સતત ભૂકંપના આંચકાથી સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી છે.

આજે સવારે મીતીયાળા અને ખાંભાના ગ્રામ્ય વિસ્તારની ફરી એકવાર ધરા ધ્રુજી હતી. સવારના ૭.૫૨, ૭.૫૩ અને ૭.૫૫ એમ ૪ મિનિટમાં જ ભૂકંપના ત્રણ વખત આંચકા અનુભવાયા હતા. અહીં ગતરોજ પણ એક જ કલાકમાં ધરતીકંપના ૩ આંચકા અનુભવાયા હતા. ગત રોજ મીતીયાળા, સાકરપરા, ધજડી સાથે ખાંભાના ભાડ, વાંકિયામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ત્રીજા ભૂકંપની ૨.૮ની તીવ્રતા નોંધાઈ હતી. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, મીતીયાળા પંથકમાં છેલ્લા દોઢ મહિનાથી સતત ભૂકંપ આવે છે.

### બે અઠવાડિયા પહેલા તપાસ માટે પહોંચી હતી ટીમ

અત્રે ઉલ્લેખનીય છે કે, બે અઠવાડિયા પહેલા મીતીયાળા ગામે સિસમોલોજી ડિઝાસ્ટર મેન્જેમેન્ટ ટીમ તપાસ માટે પહોંચી હતી. તેમણે મીતીયાળા વાસીઓ સાથે બેઠક કરીને જમીનમાં થતી હલચલ અંગે જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, જમીનના પેટાળમાં ૬૪૦૦ કિલોમીટરમાં થતી મધ્ય કેન્દ્રમાં હલચલને કારણે નાના-નાના આંચકાઓ આવે છે.

## પૂર્વોત્તરના ત્રણ રાજ્યોમાં ભગવો લહેરાશે-મુખ્યમંત્રી હિમંત બિસ્વા

(એ.આર.એલ),ગોવાહાટી,તા.૩

આસામના મુખ્ય પ્રધાન અને પૂર્વોત્તરમાં બીજેપીના વડા હિમંત બિસ્વા સરમાએ પ્રદેશના ત્રણ રાજ્યોમાં આગામી ચૂંટણીમાં પાર્ટીને જંગી જીત મળશે તેવી આગાહી કરી છે. સરમાએ મીડિયા સાથેના એક ઈન્ટરવ્યુમાં કહ્યું, "મેઘાલયમાં બીજેપી વધુ મહત્વપૂર્ણ રાજકીય દળ તરીકે ઉભરી આવશે. ત્રિપુરામાં અમે મોટી બહુમતી સાથે સત્તા જાળવી રાખીશું અને નાગાલેન્ડમાં અમે ફરીથી NDPP સાથે સરકાર બનાવીશું."મેઘાલય અને નાગાલેન્ડ માટે પાર્ટીના ઉમેદવારોની જાહેરાત સાથે, ભાજપ આ મહિનાના અંતમાં નિર્ણાયક ચૂંટણીઓ માટે તૈયાર છે. ત્રિપુરામાં ૧૬ ફેબ્રુઆરીએ ચૂંટણી યોજાવાની છે, ત્યારબાદ મેઘાલય અને નાગાલેન્ડમાં ૨૭ ફેબ્રુઆરીએ મતદાન થશે. ત્રણેય રાજ્યોમાં સત્તામાં રહેલી ભાજપ માટે ૨૦૨૪ની સામાન્ય ચૂંટણીઓ પહેલા આ એક પડકાર છે. ત્રિપુરામાં છેલ્લી વખતે, તેણે ઐતિહાસિક જનાદેશમાં એકલા હાથે ૩૬ બેઠકો જીતીને આઈપીએફટી સાથે સરકાર બનાવી હતી. અન્ય બે રાજ્યોમાં પ્રાદેશિક પક્ષ સાથે ગઠબંધન કર્યું હતું. આ વખતે ત્રિપુરામાં ભાજપને સત્તા પરથી હટાવવા માટે ડાબેરીઓ અને કોંગ્રેસે ગઠબંધન કર્યું છે. ડાબેરી મોરચો રાજ્યની ૬૦ બેઠકોમાંથી ૪૭ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે કોંગ્રેસ પાસે માત્ર ૧૩ બેઠકો હશે. ભાજપ કુલ ૬૦માંથી ૫૫ બેઠકો પર અને આઈપીએફટી પાંચ બેઠકો પર ચૂંટણી લડશે.મેઘાલયમાં હાલમાં ભાજપ અને અન્ય ચાર પ્રાદેશિક સહયોગીઓ સાથે જોડાણ કરીને કોનરાડ સંગમાની નેશનલ પીપલ્સ પાર્ટીનું શાસન છે. છ પક્ષોનું મેઘાલય ડેમોક્રેટિક એલાયન્સ ૫૦ વર્ષમાં પૂર્ણ કાર્યકાળ પૂર્ણ કરનાર ત્રીજું ગઠબંધન છે.મમતા બેનર્જીની તૃણમૂલ કોંગ્રેસ રાજ્યમાં ચૂંટણી લડવા જઈ રહેલી મોટી પાર્ટી છે. પૂર્વ મુખ્યમંત્રી મુકુલ સંગમાના નેતૃત્વમાં કોંગ્રેસના ૧૭માંથી ૧૨ ધારાસભ્યો જોડાઈને તે પહેલાથી જ સૌથી મોટો વિરોધ પક્ષ છે.

## સુરક્ષાની ખાતરી વિના કાશ્મીર પંડિતને ઘાટીમાં મોકલવા એ ક્રૂર પગલું : રાહુલ

### કાશ્મીરી પંડિતોની સમસ્યાઓને લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો



નવીદિલ્હી,

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કાશ્મીરી પંડિતોની સમસ્યાઓને લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો. એ પત્રમાં એમને લખ્યું છે કે તેઓ પ્રધાનમંત્રીનું ધ્યાન કાશ્મીરમાંથી વિસ્થાપિત કાશ્મીરી પંડિત સમુદાયની વેદના તરફ દોરવા માંગે છે. રાહુલ ગાંધીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નામે ખુલ્લો પત્ર લખ્યો હતો અને એ પત્રને ટ્વીટ કરતાં એમને કહ્યું કે, પ્રધાનમંત્રી ભારત જોડો યાત્રા દરમિયાન કાશ્મીરી પંડિતોનું એક પ્રતિનિધિમંડળ મને મળ્યું હતું અને તેમની દુઃખદ સ્થિતિ વિશે એમને મને જણાવ્યું હતું. આતંકવાદીઓ દ્વારા ટાર્ગેટેડ કિલિંગનો ભોગ બનેલા કાશ્મીરી પંડિતોને કોઈપણ સુરક્ષા ગેરંટી વિના ફરી ઘાટીમાં જવા માટે દબાણ કરવું એ ક્રૂર પગલું છે. આશા છે કે આ બાબતે તમે યોગ્ય પગલાં ભરશો. આ સાથે જ આ પત્રમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે પ્રધાનમંત્રીજી સમગ્ર ભારતને પ્રેમ અને એકતાના સૂત્રમાં જોડવા માટે ભારત જોડો યાત્રાના જમ્મુ તબક્કે કાશ્મીરી પંડિતોનું એક પ્રતિનિધિમંડળ તેમની સમસ્યાઓને લઈને મને મળ્યા હતા અને એ સમયે એમને મને કહ્યું કે સરકારી અધિકારીઓ તેને કાશ્મીર ઘાટીમાં કામ પર પાછા જવા માટે દબાણ કરી રહ્યા છે અને આ સંજોગોમાં સુરક્ષા અને સલામતીની કોઈ ખાતરી વિના તેમને ઘાટીમાં કામ પર જવાની ફરજ પાડવી એ એક ક્રૂર પગલું છે. જ્યાં સુધી સ્થિતિ સુધરે અને સામાન્ય ન થાય ત્યાં સુધી સરકાર આ કાશ્મીરી પંડિત કર્મચારીઓ પાસેથી અન્ય વહીવટી અને જાહેર કાર્યોમાં સેવાઓ લઈ શકે છે.આગળ રાહુલ ગાંધીએ લખ્યું હતું કે, 'પોતાની સુરક્ષા અને પરિવારની ચિંતાઓ માટે આજીજી કરી રહેલ કાશ્મીરી પંડિતો આજે પણ સરકાર પાસેથી સહાનુભૂતિ અને સ્નેહની અપેક્ષા રાખી રહ્યા છે પણ એ જ સમયે ઉપરાજ્યપાલ માટે તેમના માટે ભિખારી જેવા શબ્દોનો ઉપયોગ કરવો બેજવાબદાર છે.

## ચાલુ વર્ષે દરરોજ ૧૨ કિલોમીટર નવા રેલ્વે ટ્રેક પાથરવાનું લક્ષ્ય

### પૂછપરછની ક્ષમતા દર મિનિટે ચાર લાખથી વધારીને ૪૦ લાખ કરવાની યોજના



નવી દિલ્હી

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં ૭ હજાર કિલોમીટરના નવા રેલવે ટ્રેક બિછાવવાનું લક્ષ્ય છે.આ ઉપરાંત રેલવે ટિકીટ જાહેર કરવાની ક્ષમતા દર મિનિટ ૨૫ હજારથી વધારીને ૨.૨૫ લાખ સુધી વધારવાની પણ યોજના છે તેમજ પૂછપરછની ક્ષમતા દર મિનિટે ચાર લાખથી વધારીને ૪૦ લાખ કરવાની યોજના છે.

રેલ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશના ૨૦૦૦ રેલવે સ્ટેશનો પર ૨૪ કલાક ખુલ્લા રહેતા 'જન સુવિધા' સ્ટોર શરૂ કરવામાં આવશે. રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે ચાલુ નાણાંકીય વર્ષમાં ૪૫૦૦ કિલોમીટર (દરરોજ ૧૨ કિલો મીટર) રેલવે ટ્રેક પાથરવાનું લક્ષ્ય પહેલાથી જ હાંસલ કરવામાં આવ્યું હતું.

# અદાણી મુદે સરકારને કઈ લાગે વળગે નહી: કેન્દ્ર

### હાથ ખંખેરતી સરકાર: વિપક્ષો પાસે કોઈ મુદા નથી તેથી આ મુદે સંસદ ખોરવે છે: સંસદીય મંત્રીનો પ્રહાર

નવી દિલ્હી:

દેશ અને વિશ્વના નાણાકીય તથા શેરબજારમાં અદાણી ગ્રુપની સામે સર્જાયેલા વાવાઝોડા તથા સંસદમાં પણ છેલ્લા બે દિવસથી વિપક્ષો દ્વારા સરકારને ભીસમાં લેવાના થઈ રહેલા પ્રયાસ વચ્ચે ફરી એક વખત કેન્દ્રની મોદી સરકારે અદાણી મુદે ખુદને દુર રાખવાનો પ્રયાસ કર્યો છે.સંસદમાં વિપક્ષો દ્વારા સંસદમાં થઈ રહેલી ધમાલમાં પણ સરકારે કોઈ નિવેદન આપવાનો ઈન્કાર કર્યો હતો. તે વચ્ચે આજે સંસદીય બાબતોના મંત્રી પ્રહલાદ જોષીએ એક ટુંકા પ્રત્યાઘાતમાં જણાવ્યું કે અદાણી સરકારને કોઈ લેવા દેવા નથી. વિપક્ષ આ મુદો ઉઠાવી રહ્યા છે. કારણ કે તેની પાસે કોઈ મુદા જ નથી. બીજી તરફ સરકારી વિમા કંપ્રી એલઆઈસીએ પણ સ્પષ્ટતા કરી છે. હાલમાં અદાણી ગ્રુપના શેરોમાં જે વેચવાલીનો દૌર છે પણ એલઆઈસીએ અદાણી ગ્રુપના કોઈ કંપ્રીના શેર વેચ્યા નથી.

અદાણી ગ્રુપની સૌથી મોટી કંપ્રી અદાણી પોર્ટ ફ્રી ઝોનમાં એલઆઈસી ૧૦% શેર ધરાવે છે. જયારે અદાણીની અન્ય ગ્રુપ કંપ્રીઓમાં એલઆઈસી સિંગલ ડીજીટમાં હિસ્સો ધરાવે છે.

### અદાણીના માર્કેટકેપમાં જંગી ધોવાણ, ૯.૧૧ લાખ કરોડનું ગાબડુ

મુંબઈ

અદાણી ગ્રુપના શેરોમાં છેલ્લા સાત દિવસ દરમ્યાન પ્રચંડ ધોરણ બાદ માર્કેટકેપમાં જંગી ધોવાણ થયુ છે. માર્કેટકેપમાં રિલાયન્સ તથા ટીસીએસ જેવી કંપનીઓ અદાણીથી આગળ નિકળી ગઈ છે.અદાણી ગ્રુપના માર્કેટ કેપમાં ૯.૧૧ લાખ કરોડનું ધોવાણ થતા હવે ૧૦.૦૯ લાખ કરોડની રહી ગઈ છે. ૨૪મી જાન્યુઆરીએ તે ૧૯.૨૦ લાખ કરોડની હતી. ૧.૮૦ લાખ કરોડ સાથે અદાણી એન્ટરપ્રાઈઝ સૌથી મોટી કંપની છે. રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝનું માર્કેટકેપ ૧૫.૭૫ લાખ કરોડ તથા ટીસીએસનું ૧૨.૭૪ લાખ કરોડ છે તેના કરતા પણ અદાણીનું માર્કેટકેપ નીચે આવી ગયું છે. શુક્રવારે અદાણી એન્ટરપ્રાઈઝનો શેર નીચામાં ૧૦૧૭ તથા ઉંચામાં ૧૬૮૦ની અભૂતપૂર્વ ઉથલપાથલ વચ્ચે ૧૫૮૪ બંધ આવ્યો હતો. છેલ્લા એક સપ્તાહમાં અદાણી ગ્રુપના શેરોમાં ૫૮ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે.

અદાણી એન્ટરપ્રાઈઝના શેર સપ્તાહમાં ૫૪ ટકા, અદાણી પોર્ટ ૩૪ ટકા, અદાણી ટ્રાન્સમીશન ૪૯ ટકા, અદાણી ગ્રીન એનર્જી ૫૮ ટકા તૂટયા હતા. શેરબજારમાં માર્કેટ કેપની દ્રષ્ટિએ વર્ષો સુધી રીલાયન્સનું રાજ હતું ત્યારબાદ ટાટા ગ્રુપની ટીસીએસનો પણ દબદબો હતો પરંતુ છેલ્લા ત્રણેક વર્ષમાં અદાણી ગ્રુપની તમામ કંપનીઓના શેરોમાં અભૂતપૂર્વ ઉછાળાથી તે નંબર વન થઈ ગયું હતું.

### દેશની બેંકિંગ સિસ્ટમ ખૂબ જ સ્પષ્ટ- અદાણી ગ્રુપને આપવામાં આવેલી લોન પર આરબીઆઈની સ્પષ્ટતા

અદાણી ગ્રૂપના શેરમાં ભારે ઘટાડા વચ્ચે LICના ગ્રૂપમાં રોકાણ અને SBI દ્વારા આપવામાં આવેલી લોન પર નાણાપ્રધાન નિર્મલા સીતારમણની પ્રતિક્રિયા પહેલીવાર આવી છે. નાણામંત્રીએ કહ્યું કે અદાણી જૂથની કંપનીઓને એસબીઆઈ અને એલઆઈસીનું એક્સપોઝર મંજૂરીની મર્યાદામાં છે.

નાણામંત્રીએ આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું કે, હું કહેવા માંગુ છું કે SBI અને LIC બંનેએ વિગતવાર નિવેદનો જારી કર્યા છે. બંનેના ચેરમેન અને સીએમડીએ વિગતવાર ખુલાસો કર્યો છે કે તેઓ (અદાણી જૂથમાં) વધારે પડતાં નથી. તેમણે એમ પણ કહ્યું કે તેમની (અદાણી જૂથ) પાસે જે પણ એક્સપોઝર છે, તે નફા પર બેઠા છે. અને વેલ્યુએશનમાં ઘટાડા પછી પણ તેઓ નફાકારક છે.અદાણી જૂથમાં વૈશ્વિક રોકાણકારોના વેચાણ અને વર્તમાન પરિસ્થિતિમાં રોકાણ મોકૂફ રાખવાના પ્રશ્ન પર નાણામંત્રીએ વિદેશી રોકાણકારોને ખાતરી આપી હતી કે ભારતની વહીવટી વ્યવસ્થા ખૂબ જ મજબૂત છે. અહીં એક સ્થિર સરકાર તેમજ સારી રીતે નિયંત્રિત નાણાકીય બજાર છે. તેમણે આશા વ્યક્ત કરી હતી કે રોકાણકારોનો ભારત પર અગાઉ જે વિશ્વાસ હતો તે ભવિષ્યમાં પણ અકબંધ રહેશે. નાણામંત્રીએ કહ્યું કે અમારા રેગ્યુલેટર્સ વહીવટી બાબતોને લઈને ખૂબ જ કડક છે. એક ઘટના આપણા નાણાકીય બજાર પર પ્રશ્નો ઉભા કરી શકતી નથી. છેલ્લા દાયકામાં આપણે ઘણા પાઠ શીખ્યા છે.

## આગામી કોઈપણ ચૂંટણીમાં RVM નો ઉપયોગ અંગે કોઈ પ્રસ્તાવ નથી

નવીદિલહી,

કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજિજૂનું રિમોટ વોટીંગ મશીનને લઈને મહત્વનું નિવેદન સામે આવ્યુ છે. જેમાં તેમણે જણાવ્યું હતુ કે આગામી દિવસોમાં દેશમાં આવનારી ચૂંટણીમાં રિમોટ વોટીગ મશીનના ઉપયોગનો કોઈ પ્રસ્તાવ રાખવામાં આવ્યો નથી. શુક્રવારે મળેલા લોકસભા સત્ર દરમિયાન રિમોટ વોટીગ મશીનને લઈને એક નિવેદન કેન્દ્રીય કાયદા મંત્રી કિરણ રિજિજૂએ આપતા જણાવ્યુ હતુ કે આગામી દિવસોમાં આવનારી ચૂંટણીમાં ઈફસ-એટલે કે રિમોટ વોટીગ મશીનનો ઉપયોગ અંગે કોઈપણ પ્રકારનો પ્રસ્તાવ રાખવામાં આવ્યો નથી. તેમણે વધુમાં જણાવતા કહ્યુ કે, રિમોટ વોટીગ મશીનના ઉપયોગથી બોગસ વોટીગ અટકાવી શકાય છે. તેમણે લેખીતમાં જવાબ આપતા કહ્યુ હતુ કે આગામી કોઈપણ ચૂંટણીમાં આરવીએમનો ઉપયોગ અંગે પ્રસ્તાવ નથી.

CMYK

# 2022માં 12 કરોડ ટુરિસ્ટો ગુજરાતમાં આવ્યાનો દાવો

## કોરોના સંક્રમણના બે વર્ષ બાદ ગુજરાતમાં ૨૦૧૯ની સરખામણીએ પ્રવાસીઓની સંખ્યા ડબલ થઈ





ગાંધીનગર,

ગુજરાતમાં આવતાં સ્થાનિક અને વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે. ૨૦૧૯ સરખામણીએ વર્ષ ૨૦૨૨માં પ્રવાસીઓની સંખ્યા ડબલ થઈ ગઈ છે. એટલે કે કોરોના પહેલા ગુજરાતમાં જે પ્રવાસીઓ આવતા હતા તેનાથી બમણો વધારો જોવા મળી રહ્યો છે. આ અંગેની માહિતી રાજ્ય પ્રવાસન વિભાગના સેક્રેટરી હારિત શુક્લાએ આપી છે.

તેમણે જણાવ્યું કે, કોરોના પહેલા વર્ષ ૨૦૧૯માં આવેલા પ્રવાસીઓની સંખ્યા ૬ કરોડ જેટલી હતી, જે કોરોના સંક્રમણના બે વર્ષમાં ઘટીને વર્ષ ૨૦૨૦માં ૧.૯૪ કરોડ અને વર્ષ ૨૦૨૧માં ૨.૪૫ કરોડ જેટલી થઈ ગઈ હતી. જે બાદ હવે રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધી છે. રાજ્યમાં વર્ષ ૨૦૨૨માં અંદાજે ૧૨ કરોડ જેટલા પ્રવાસીઓ આવ્યા છે.

હારિત શુક્લાએ જણાવ્યું કે, ગુજરાતમાં પ્રવાસન સ્થળો વધતા ટુરીસ્ટોની સંખ્યા બમણી થઈ છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી, કચ્છનું સફેદ રણ, મુખ્ય યાત્રાધામો, સાસણ ગીર, વિવિધ અભ્યારણ્યો અને જંગલ સફારી જેનવા નવા ડેસ્ટીનેશનમાં મુલાકાતીઓની સંખ્યા વધતી જાય છે. ભારત સરકારના ઈન્ડિયા ટુરિઝમ સ્ટેટેસ્ટીક્સ ૨૦૨૨ના રિપોર્ટ મુજબ, ગુજરાત રાજ્યમાં વર્ષ ૨૦૨૦માં આવેલા કુલ ટુરિસ્ટોમાં બે લાખ જેટલા વિદેશીઓ હતા, જ્યારે ત્યાર પછીના વર્ષે એટલે કે ૨૦૨૧માં આ સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો. કોરોના સંક્રમણના કારણે વિદેશી પ્રવાસીઓની સંખ્યા ઘટી હતી. વર્ષ ૨૦૨૧માં માત્ર ૧૨૦૦૦ પ્રવાસીઓ જ ગુજરાતના પ્રવાસે આવ્યા હતા.

# ગુજરાતના મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ ૧૪૦૦ કરોડથી વધુના હિસાબ મળ્યો

## હવાલા અને દુબઈમાં ડમી નામના બેન્ક એકાઉન્ટની ડિટેઈલ મળી : બે આરોપી સામે loc નોટિસ જાહેર

અમદાવાદ

ગુજરાતના ઈતિહાસનો સૌથી મોટા ક્રિકેટ સટ્ટાનો પર્દાફાશ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે કર્યો છે. આ સટ્ટાનો હિસાબ એક શહેરના કુલ બોર્ડના બજેટથી પણ વધારે છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તપાસ કરી તો જાણવા મળ્યું કે, ગુજરાતના બે મોટા બુકી રાકેશ રાજદેવ (ઉર્ફે-આર. આર.) અને ટોમી પટેલ ઉર્ફે ઊંઝાની સર્કિટમાં એક સિઝનમાં ૧,૪૦૦ કરોડ રૂપિયાનો સટ્ટો ખેલાયો છે. જેનો હિસાબ પણ મળી ગયો છે. આ મોટા ગજાના શખ્સો દુબઈમાં આલીશાન જિંદગી જીવે છે, વિલામાં રહે છે, સૌથી મોંઘો દારૂ પીવે છે અને તમામ હદ વટાવે છે.

આ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિકે જણાવ્યું કે, રાકેશ રાજદેવ (ઉર્ફે-આર. આર.) અને બોબી ઉંજાના ૧૪૦૦ કરોડ રૂપિયાના સટ્ટાનો હિસાબ અમને મળ્યો છે. જેમાં હવાલા અને દુબઈમાં ડમી નામના બેન્ક એકાઉન્ટની ડિટેઈલ મળી છે. હવે તેમની સામે ર્લૈંજી જાહેર કરવાની પ્રક્રિયા શરૂ કરવમાં આવી છે.

ક્રિકેટ રમાય એટલે સામાન્ય રીતે કોણ હાર છે અને કોણ જીતશે તેનો સટ્ટો રમાય છે. પણ દરેક બાબતમાં જો સટ્ટો રમાડતા બુકીઓની પણ ગુજરાતમાં કમી નથી. આ શખ્સો અલગ અલગ સર્કિટમાં કામ કરે છે. કદાચ જીતુ થરાદની સર્કિટ હોય અથવા આર. આર.ની સર્કિટ દરેકની સર્કિટમાં જોડાયેલા પંટર અને સટોડીયાઓ સટ્ટો રમવામાં ચૂકતા નથી. હવે આ સટ્ટાનું રૂપ ટેકનોલોજીમાં કન્વર્ટ થઈ ગયું છે. જે પહેલા બોલતી બોબડી લાઈનથી ક્રિકેટ રમાડતા હતા. તેમાં ખાસ કરીને હવે મોબાઈલ એપ્લિકેશન મારફતે એકાઉન્ટ ખોલાવીને સટ્ટો રમાય છે.

# બીબીસી ડોક્યુમેન્ટ્રી વિવાદ મુદ્દે સુપ્રીમ કોર્ટની કેન્દ્રને નોટિસ

## ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો: હવે એપ્રિલમાં સુનાવણી



નવીદિલ્હી,

૨૦૦૨ના ગુજરાત રમખાણોને લગતી બીબીસી ડોક્યુમેન્ટરીને સેન્સર કરવાનું રોકવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માંગ કરતી અરજી પર સુપ્રીમ કોર્ટે કેન્દ્રને નોટિસ પાઠવી હતી. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર પાસેથી ત્રણ સપ્તાહમાં જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટે કેન્દ્રને બીબીસીની ડોક્યુમેન્ટ્રી 'ઈન્ડિયા: ધ મોદી ક્વેશ્ચન'ને બ્લોક કરવાના તેના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજૂ કરવા કહ્યું છે.અગાઉ, વરિષ્ઠ પત્રકાર એન રામ, ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા અને એડવોકેટ પ્રશાંત ભૂષણ તરફથી વરિષ્ઠ વકીલ સી.યુ. સિંહે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે આ એક એવો કેસ છે જ્યાં જાહેર ડોમેનમાં આદેશો વિના કટોકટી સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેમણે માહિતી આપી હતી કે ડોક્યુમેન્ટ્રીની લિંક શેર કરતી ટ્વીટ્સને બ્લોક કરી દેવામાં આવી છે. તેના પર સુપ્રીમ કોર્ટે કહ્યું કે અમે સરકારને આ સંબંધિત આદેશ દાખલ કરવા કહી રહ્યા છીએ અને તેની તપાસ કરીશું.તે જ સમયે, સર્વોચ્ચ અદાલતે ૩૦ જાન્યુઆરીએ કહ્યું હતું કે તે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ૨૦૦૨ના ગુજરાત રમખાણો પરની વિવાદાસ્પદ બીબીસી દસ્તાવેજી પર પ્રતિબંધ મૂકવાના કેન્દ્રના નિર્ણયને પડકારતી અરજીઓ પર આગામી સોમવારે સુનાવણી કરશે.

# ગિરનાર પર્વત પર ગંદકી મુદ્દે હાઈકોર્ટ જૂનાગઢ મનપાને ફટકારી નોટિસ

જૂનાગઢ

જૂનાગઢમાં ગિરનાર પર્વત પર ગંદકી મુદ્દે હાઈકોર્ટમાં પિટિશન દાખલ થઈ છે, જેના પર સુનાવણી દરમિયાન કોર્ટે આદેશ આપ્યો કે ગિરનાર પર્વત પર તત્કાલ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે. જેમાં પ્લાસ્ટિક સહિતની ગંદકીની તાત્કાલ સફાઈ કરવા હાઈકોર્ટે આદેશ કરવામાં આવ્યો છે. સરકારે હાઈકોર્ટને ઠપકો આપતા કહ્યું કે તમારે શબરીમાલા અને વૈષ્ણોદેવી મંદિરની સ્વચ્છતા જોઈને બોધપાઠ લેવો જોઈએ. આ સાથે હાઈકોર્ટે એ પણ જણાવ્યું કે સ્વચ્છતા મુદ્દે બાંધછોડ ચલાવી લેવાય નહીં.હાઈકોર્ટે ચીફ સેક્રેટરી, જૂનાગઢ મનપા અને જૂનાગઢ કલેક્ટરને નોટિસ ફટકારી છે. આ કેસમાં હાઈકોર્ટમાં પિટીશન દાખલ થઈ હતી.જેમાં પ્રાકૃતિક સ્થળો પર પ્લાસ્ટિકથી ફેલાતી ગંદકીને કારણે નુકસાન થતુ હોવાની રજૂઆત કરાઈ હતી. જેમાં ગિરનાર પરના અંબાજી મંદિર તેમજ દત્તાત્રેય મંદિરની આસપાસ વધુ ગંદકી હોવાની રજૂઆત કરાઈ હતી. તેને તાત્કાલીક ધોરણે ગંદકી દૂર કરવા અંગે સૂચના આપવામાં આવી છે.

# દુનાવાડામાં યુવકે જૂની અદાવતમાં છ રાઉન્ડ ફાયર કરતા ત્રણ લોકો ઘાયલ



પાટણ,

પાટણ જિલ્લામાં ૪૮ કલાકમાં બીજી ફાયરિંગની ઘટના બની છે. આજે પાટણના હારીજ તાલુકાના દુનાવાડા ગામમાં એક યુવકે જૂની અદાવતમાં રિવોલ્વરર્થંઈ ધડાધડ ગોળીઓ વરસાવતા ત્રણ લોકો ઘાયલ થયા હતા. ત્રણેય લોકોને સારવાર માટે ધારપુર હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ઘટનાસ્થળ પર પહોંચી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ બાબતે મળતી હકીકત મુજબ હારીજ તાલુકાના દુનાવાડા ગામે કોઈ અંગત અદાવત લઈને ગામના પરમાર ઈસમ દ્વારા પોતાના પાસેની રિવોલ્વર માંથી છ કરતા વધુ રાઉન્ડ ફાયરિંગ કરાતા ગામના સુથાર શિવાભાઈ હીરાભાઈ, પટ્ટણી સોનાજી તેમજ પટ્ટણી વિજય નામના ત્રણ ઈસમોને શરીરના જુદા જુદા ભાગોમાં ગોળી વાગતા ગંભીર ઈજાઓ સાથે ત્રણેય ઈસમોને તાત્કાલિક સારવાર અર્થે ધારપુર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.સુથાર શિવાભાઈ હીરાભાઈને છાતીના ભાગે બે ગોળી તેમજ માથાના ભાગે બે ગોળી વાગી હોવાનું જાણવા મળ્યું છે અને તેઓની હાલત નાજુક હોવાનું જાણવા મળ્યું છે. તો પટ્ટણી સોનાજી ઉંમર વર્ષ ૫૫ ને પણ માથાના ભાગે ગોળી વાગી હોય ૧૫ જેટલા ટાંકા લેવામાં આવ્યા છે.તો પટ્ટણી વિજય નામના ૩૦ વર્ષીય યુવાનને કાનના ભાગેથી ગોળી સરકીને જતી રહેતા તેને પણ સામાન્ય ઈજાઓ થઈ હોય ત્રણેય ઈજાગ્રસ્તો ને હાલમાં ધારપુર હોસ્પિટલ ખાતે સારવાર આપવામાં આવી રહી હોવાનું ધારપુર હોસ્પિટલ પર ફરજ બજાવતા તબિબ ડોક્ટર હિતેશ ગોસાઈએ જણાવ્યું હતું.

# લાકડા લેવા સીમમાં ગયેલા દેરાણી- જેઠાણીની હત્યા

## બંનેના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા

અમદાવાદ

અમદાવાદ જિલ્લાના ભૂલાવડી ગામ પાસે ઝાણું ગામની સીમમાં લાકડા લેવા ગયેલા દેરાણી-જેઠાણીની લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ છે. બંનેના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. જોકે, ક્યાં કારણોસર અને કોણે આ હત્યાના બનાવને અંજામ આપ્યો છે તે અંગે પોલીસ એ વધુ તપાસ શરૂ કરી છે.ભુલાવડી ગામમાં રહેતા ગીતા બહેન અને મંગી બહેન ઠાકોર નામના દેરાણી જેઠાણી નિત્યક્રમ મુજબ બપોરના સમયે લાકડા લેવા માટે સીમમાં ગયા હતા. જોકે, સામાન્ય રીતે તેઓ બપોરના સમયે ઘરે પરત આવી જાય છે. પરંતુ આજે સાંજના પાંચ વાગ્યા સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. જેમાં બંને દેરાણી જેઠાણીની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. બંને દેરાણી-જેઠાણીને ગળાના ભાગે અને માથાના ભાગે ગંભીર ઈજાના ઘા જોવા મળ્યા હતા. બંનેના મૃતદેહ નજીવા અંતરે જ જોવા મળ્યા હતા. મૃતક દેરાણી-જેઠાણી રોજ અહી લાકડા લેવા માટે આવતા હતા. તેમના પરિવારજનોનું કહેવું છે કે, તેમને કોઈની સાથે ક્યારેય કોઈ ઝઘડો કે અદાવત પણ નથી. આ સંજોગોમાં બંનેની હત્યા કોણે અને શા માટે કરી એ રહસ્ય અકબંધ છે.

## ગેરકાયદેસર વ્યાજખોરોનો ત્રાસ દૂર કરવા સરકાર પ્રતિબદ્ધ

# વ્યાજખોરો સામે જાન્યુઆરીમાં રાજ્યમાં ૮૪૭ એફઆઈઆર

## ૧૪૮૧ આરોપીઓની સામે ગુના દાખલ કર્યા તે પૈકી ૧૦૩૯ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે

ગાંધીનગર,

ગેરકાયદેસર રીતે ઊંચા વ્યાજ દરે રૂપિયાનુ ધિરાણ કરી સામાન્ય નાગરિકો પાસેથી સિક્યુરીટી પેટે લખાવી લીધેલી મિલકતો પચાવી પાડવાની તેમજ ધાક ધમકી આપી લોકો પાસેથી વ્યાજની ઉઘરાણી કરી ગેરકાયદેસર વ્યાજે નાણા ધીરધારનો વ્યવસાય કરનાર વ્યાજખોરો વિરુધ્ધ સખતમાં સખત પગલા લેવા અને ભોગ બનનારાઓને વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા રાજ્ય સરકાર કટિબધ્ધ છે.

ગેરકાયદેસર રીતે વ્યાજે રૂપિયા આપી સામાન્ય નાગરિકોની પાસેથી મસમોટુ વ્યાજ ખંખેરતા વ્યાજખોરો વિરૂધ્ધ ગૃહ વિભાગ દ્વારા રાજ્યવ્યાપી વિશેષ ડ્રાઈવ રાખવામાં આવી હતી. જે અંતર્ગત રાજ્યભરમાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા ઠેર ઠેર લોક દરબાર યોજયા હતા અને વ્યાજખોરો દ્વારા કરવામાં આવતી હેરાનગતી અંગેની સામાન્ય નાગરિકોની આપવિતી ખુબ જ સંવેદના સાથે સાંભળી ફરિયાદો આધારે વ્યાજખોરો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે.

પોલીસ તંત્ર દ્વારા તા.૦૫ થી તા.૩૧ જાન્યુઆરી ૨૦૨૩ દરમિયાન સમગ્ર રાજયમાં નાણાં ધીરધાર અધિનિયમ-૨૦૧૧ અન્વયે કુલ ૮૪૭ એફ.આઈ.આર દાખલ કરી ૧૪૮૧ આરોપીઓની સામે ગુના દાખલ કર્યા છે. તે પૈકી ૧૦૩૯ આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી છે. એટલુ જ નહિ, માથાભારે વ્યાજખોરો સામે ૨૭ પાસાની દરખાસ્ત કરવામાં આવી છે.આ ડ્રાઈવ દરમિયાન પોલીસ દ્વારા કુલ ૨૩૮૯ લોકદરબાર યોજવામાં આવ્યા છે. લોક દરબારમાં કુલ ૧૪,૬૧૯ પોલીસ અધિકારી/કર્મચારીઓ તેમજ કુલ ૧,૨૯,૪૮૮ વ્યક્તિઓ પ્રત્યક્ષ સહભાગી થયા હતા. આ ઝુંબેશમાં પોલીસ કમિશ્નરો, રેન્જ આઈજીપી, પોલીસ અધિક્ષકો, નાયબ પોલીસ અધિક્ષકો તથા તમામ રેક્રના અધિકારીઓ દ્વારા લોકદરબારમાં હાજર રહી લોકોને વ્યાજખોરો વિરૂદ્ધ ફરીયાદ કરવાની હિમંત આપી તેમજ લોકદરબારના સ્થળ ઉપર વ્યાજખોરીથી પિડીત લોકોની અરજીઓ/રજુઆતો સાંભળી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

# ૫૫ દિવસથી જેલમાં બંધ લોકગાયક દેવાયત ખવડની મુશ્કેલીમાં થયો વધારો

અમદાવાદ,

લોકગાયક દેવાયત ખવડ ની મુશ્કેલીમાં વધારો થયો છે. હાઈકોર્ટે દેવાયત ખવડની નિયમિત જામીન અરજી ફગાવી દીધી છે. ચાર્જશીટ થયા બાદ આરોપી ફરી અરજી કરી શકે તેવી હાઈકોર્ટે છૂટ આપી છે. જ્યારે દેવાયત ખવડ છેલ્લા ૫૫ દિવસથી જેલમાં બંધ છે.

અગાઉ જાન્યુઆરી મહિનાના બીજા સપ્તાહમાં રાજકોટ સેશન્સ કોર્ટ દ્વારા દેવાયત ખવડ અને કાના રબારીની રેગ્યુલર જામીન અરજી નામંજૂર કરવામાં આવી હતી. તે પહેલા પણ આ જ કેસના અન્ય આરોપી કિશન કુંભારવાડીયાના રેગ્યુલર જામીન નામંજૂર કરવામાં આવ્યા હતા. આમ, મયુરસિંહ રાણા પર હુમલો કરવાના કેસમાં ત્રણેય આર ગત સાતમી ડિસેમ્બરના રોજ રાજકોટ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા સર્વેશ્વર ચોક નજીક મયુરસિંહ રાણા નામની વ્યક્તિ પર દેવાયત ખવડ સહિત બે વ્યક્તિઓએ હુમલો કર્યો હતો. તેમજ એક વ્યક્તિ તેમની મદદગારીમાં હતો. જે સમગ્ર ઘટના સીસીટીવીમાં પણ કેદ થવા પામી હતી. જે અંતર્ગત પોલીસ એક તાત્કાલિક અસરથી આઈપીસીની કલમ ૩૦૭ સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.ગુનો નોંધાયા બાદ રાજકોટના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા દેવાયત ખવડના રાજકોટ સ્થિત ઘર પર સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. જોકે, દેવાયત ખવડ ત્યાં મળી આવ્યો નહોતો.

# નારદીપુરમાં મોબાઈલમાં ગેમ રમવા બાબતે કિશોરની હત્યા

## મોબાઈલ ફોન રમવાની બાબતે બોલાચાલી થતા સ્કૂલેથી આવેલા કિશોર પર હુમલો કરી દેવામાં આવ્યો હતો

ગાંધીનગર,

ગાંધીનગર જિલ્લાના નારદીપુરમાં મોબાઈલ ફોનમાં ગેમ રમતા કિશોરની હત્યા કરવાની ઘટના બની છે, આ મામલે ૪ શકમંદ લોકોની ધરપકડ કરવામાં આવી છે. છોકરો સ્કૂલેથી આવીને મોબાઈલ ફોનમાં ગેમ રમતો હતો અને તે બાબતે માથાકૂટ થઈ હતી અને આ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારાણ કરી લેતા છોકરાની છરીના ઘા મારીને હત્યા કરી નાખવામાં આવી છે. પોલીસે આ કેશમાં ત્રણ શકમંદ કિશોરોને પકડીને આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી છે. મોબાઈલ ફોન રમવાની બાબતે બોલાચાલી થતા સ્કૂલેથી આવેલા કિશોર પર હુમલો કરી દેવામાં આવ્યો હતો. આ ઘટના બાદ કિશોરને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો પરંતુ તેનો જીવ બચાવી શકાયો નહોતો. આજના યુગમાં જે પ્રમાણે ટેક્નોલોજીનું ચલણ વધી રહ્યું છે, આમાં સામાન્ય રીતે એક ઘરમાં એકથી વધુ સ્માર્ટફોન રહેતા હોય છે. આવામાં બાળકો મોબાઈલ ફોન લઈને તેમાં વીડિયો જોવાની અને ગેમ રમવાની લત પડી જતી હોય છે. આ લતના કારણે વાલીઓએ મુશ્કેલીમાં મૂકાવું પડતું હોય છે. ઘરમાં વડીલ વ્યક્તિ મોબાઈલ ફોનનો ઉપયોગ કરતી હોય ત્યારે બાળકો પણ તેના તરફ આકર્ષાતા હોય છે, આવામાં વાલીઓએ બાળકોની સામે મોબાઈલ ફોનનો ઉપયોગ સમિત કરવો જોઈએ જેથી કરીને બાળકો તેના માટે વધારે જીદ ના કરે. આ સાથે બાળકોને વડીલોની હાજરીમાં દિવસના અમૂક નિશ્ચિત સમય માટે જ ફોન આપવો જોઈએ. બાળકોને મોબાઈલની લત ના પડે તે માટે તેમને બીજી પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રાખવાની પણ બાળકોના ડૉક્ટર્સ દ્વારા સલાહ આપવામાં આવે છે.

# પત્નીથી કંટાળી પતિએ દુકાનમાં કર્યો આપઘાત

અમદાવાદ,

શહેરમાં રહેતા એક યુવકે તેની દુકાનમાં આપઘાત કરી લેતા પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકે આપઘાત કરતા પહેલા એક સ્યુસાઈડ નોટ લખી હતી. જે આધારે પોલીસે દુષપ્રેરણા નો ગુનો નોંધી પોલીસે તપાસ શરૂ કરી છે. મૃતકે સ્યુસાઈડ નોટમાં આઈ લવ યુ મમ્મી પપ્પા બહેન.. મમ્મી પપ્પા મારું તમારું આટલું જ લખ્યું હતું અને હવે ચિંતા ના કરતા તમે એમ સમજજો કે તમારો છોકરો ફોરેન છે...માત્ર સાસરિયાઓના ત્રાસથી કંટાળી યુવકે આપઘાત કરી લેતા પોલીસે હવે તપાસ શરૂ કરી છે.શહેરના ઠક્કરનગરમાં રહેતા અરવિંદભાઈ વેકરીયા તેમના પત્ની દીકરા સાથે રહે છે અને નિવૃત્ત જીવન જીવે છે. ગત ૨૭ જાન્યુઆરીના રોજ સવારે તેમનો દીકરો સુભાષ તેની દુકાન કે જે નિકોલ ખાતે આવેલી છે ત્યાં ગયો હતો અને બે વાગ્યાની આસપાસ ઘરે આવી જમીને પરત દુકાને ગયો હતો. પરંતુ સાંજે મોડા સુધી સુભાષ ઘરે પરત આવ્યો નહોતો. જેથી અરવિંદભાઈએ રાત્રે સુભાષને ફોન કરતા તે ફોન ઉપાડતો નહોતો. જેથી અરવિંદભાઈએ તેમના નાનાભાઈ તથા અન્ય તથા સંબંધીઓને જાણ કરી હતી. પરંતુ સુભાષ ઘરે આવ્યો નહોતો.

જેથી તે રાત્રે તેઓ સુભાષની દુકાને કામ કરતા ધ્રુવને ફોન કરી કહ્યું હતું કે, સુભાષ ફોન ઉપાડતો નથી તેનો ફોન દુકાનમાં તો નથી ને તારી પાસે બીજી એક દુકાનની ચાવી છે.

તો દુકાને લઈને આવ કહીને અરવિંદભાઈ દુકાને જવા નીકળી ગયા હતા. ત્યારબાદ અરવિંદભાઈ અને ધ્રુવ દુકાને પહોંચ્યા હતા

## અમેરિકામાં ગુજરાતીઓ પર વધતા હુમલા

# આણંદના પટેલ પરિવારના મોભીની એટલાન્ટામાં અશ્વેતો દ્વારા હત્યા

## આ પરિવાર સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલો હોવાથી પિનલભાઈને સંતોના હસ્તે અગ્નિદાહ અપાયો

એટલાન્ટા,

અમેરિકામાં છેલ્લા ઘણા સમયથી ગુજરાતીઓ પર હુમલાની ઘટનાના સમાચાર સામે આવી રહ્યા છે. હવે વધુ એક ગુજરાતી પર ગોળીબારની ઘટના બની હતી જેમાં પટેલ પરિવારના મોભીનું મોત થયું હતું. ગુજરાતના મૂળના વતની અને છેલ્લા ઘણા સમયથી એટલાન્ટા સિટીમાં રહેતા પટેલ પરિવાર પર આ ઘટનાથી જાણે આભ ફાટ્યુ હોય તેવી સ્થિતિ બની હતી. આ ઘટના અમેરિકાના એટલાન્ટામાં બની હતી.

અમેરિકામાં વસતા ગુજરાતી પરિવારો પર હુમલાનો સિલસિલો ચાલું જ છે હવે ફરી એક વખત ગુજરાતના આણંદના કરમસદના વતની પિનલભાઈ પટેલની અશ્વેતો દ્વારા ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. આ ઘટના ૧૩ દિવસ પહેલા બની હતી. પટેલ પરિવારના મોભી પિનલભાઈની હત્યા થતા પરિવાર પર જાણે આભ ફાટ્યુ હોય તેવી સ્થિતિનું નિર્માણ થયુ હતું. ગુજરાતનો આ પરિવાર સ્વામીનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલો હોવાથી પિનલભાઈને સંતોના હસ્તે અગ્નિદાહ આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ઘનશ્યામપ્રકાશદાસજી સહિતના સંતો પણ હાજર રહ્યા હતા.

અમેરિકામાં સ્થાયી થયેલા પિનલભાઈને ગોળી મારી હત્યા કરી દેવામાં આવી હતી. પિનલભાઈના પરિવારમાં માતા પ્રભાતીબહેન, પત્ની રુપલબહેન, બહેન રેશમાબહેન, દિકરો પૂજન તેમજ દીકરી ભક્તિ પટેલ છે.

# ભાવનગર, પાલિતાણા, મહુવાના સ્ટેશન વર્લ્ડ ક્લાસના થશેઃ સિહોર, સોનગઢ સ્ટેશન અપગ્રેડ કરાશે

## કેન્દ્રીય રેલવે મંત્રીએ ડીજીટલ પ્રેસ કોન્ફરન્સમાં આપેલી માહિતી

ભાવનગર,તા.૪

વર્ષ ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં રેલવેને ફાળવવામાં આવેલા ૨.૪૦ લાખ કરોડ પૈકી ગુજરાતને ૮૩૩૨ કરોડ ફાળવવામાં આવ્યા છે અને ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનોને વિશ્વ સ્તરના આધૂનિક બનાવવામાં આવનાર છે જેમાં ભાવનગરના ત્રણ રેલવે સ્ટેશનોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિનિ વૈશ્વને ડીજીટલ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યુ હતુકે, સમગ્ર ભારતમાં ૧૨૭૫ રેલવે સ્ટેશનો અમૃત ભારત સ્કીમ તળે પુનઃવિકસીત કરવામાં આવનાર છે, જે પૈકી ૮૭ રેલવે સ્ટેશનો ગુજરાતના છે. ભાવનગર, પાલિતાણા અને મહુવાના રેલવે સ્ટેશનોને પણ વર્લ્ડ ક્લાસના બનાવવા માટેની ઘોષણા કરવામાં આવી હતી. ભાવનગર, પાલિતાણા, બોટાદ, રાજુલા, સિહોર જંકશન, સોનગઢ, સુરેન્દ્રનગર અને મહુવાના રેલવે સ્ટેશનોના અપગ્રેડ માટે ચાલુ વર્ષે કામગીરી શરૂ થઇ જવાના સંકેતો છે.

રેલવે દ્વારા સારા વેઈટિંગ રૂમ બનાવવા પર ભાર મુકવામા આવ્યો છે. ઉપરાંત નજીકના બે શહેરો વચ્ચે મીની મેટ્રો ટ્રેન ચલાવવાની પણ યોજના છે. નવી ટ્રેનો સંપૂર્ણપણે અદ્યતન બનાવવામાં આવી રહી છે, અને ઉત્પાદન પ્રક્રિયા મેક ઈન ઈન્ડીયાને અનુસરી રહી છે. વન પ્રોડક્ટ વન સ્ટેશન યોજનાને ગુજરાતમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે, અને તેને દેશના અન્ય સ્ટેશનો પર વિસ્તાર કરવામાં આવનાર છે. વિદેશી ઈન્સ્ટીટ્યુટ સાથે મળીને રેલવે દ્વારા અદ્યતન તાલીમ કેન્દ્રો બનાવવામાં આવનાર છે.

ભાવનગરના દાસ પેંડાવાળા દ્વારા

# અમદાવાદના દાસ ખાખરા નામના એકમને કોર્ટમાં પડકારતા નામ બદલવા હુકમ

ભાવનગર, તા.૪

ગુજરાત અને દેશ-વિદેશમાં પ્રખ્યાત એવા દાસ પેંડાવાળાની લોકપ્રિયતા અને તેમની ગુડવિલનો લાભ લઈ અમદાવાદમાં "દાસ ખાખરા"ના નામે થયેલ નવા એકમ સામે દાસ પેંડાવાળા દ્વારા કોર્ટમાં રાવ મંગાવતા દાસ પેંડાવાળાની તરફેણમાં નામદાર કોર્ટે ચુકાદો આપતા પાર્ટીને નામ બદલાવા ફરજ પડેલ તથા તેમના એજન્ટો, ડીલરો, સ્ટોકીસ્ટ અને વિતરકોને

### દાસ પેંડાવાળાના ટ્રેડમાર્ક દાસના નામ સાથે સમાન અથવા ભ્રામક રીતે પણ વાપરવા પ્રતિબંધ

તેમના ઉત્પાદનોના માર્કેટીંગ, જાહેરાત અને વેચાણ માટે "દાસ" નામ વાપરાવા તાત્કાલિક અસરથી કાયમ માટે પ્રતિબંધિત કરવામાં આવેલ અને તેઓને આવા અન્ય ટ્રેડમાર્ક જે "દાસ"ના નામ સાથે સમાન અથવા ભ્રામક રીતે સમાન હોય તો તેનો પણ વાપરવા પ્રતિબંધિત કરવામાં આવેલ. દાસ પેંડાવાળાને ગુજરાત કોર્ટ ફી એક્ટ ૨૦૦૪ મુજબ ૫૦% કોર્ટ ફી રિફંડ આપવામાં આવેલ, દાવો કરનાર વાદી દાસ પેંડાવાળા તરફથી એડવોકેટ એચ. કે. આચાર્ય એન્ડ કંપની રોકાયેલા હતા. ઉપરોક્ત કેસ એસ.એસ. પી જૈન, સ્પેશિયલ જજ કોમર્શિયલ કોર્ટ ૬, એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ અમદાવાદ (ગ્રામ્ય), મિરઝાપર, અમદાવાદ ખાતે ચાલેલ અને ચુકાદો આપવામાં આવેલ.

## કાળીયાબીડ અને શિવાજી સર્કલમાં થઈ દબાણ હટાવ કાર્યવાહી

ભાવનગર,તા.૪

ભાવનગર મહાનગરપાલિકા, એસ્ટેટ વિભાગ દ્વારા શુક્રવારે કમિશનર તેમજ નાયબ કમિશનર (એડમિન)ની સીધી સૂચના તેમજ દેખ-રેખ નીચે લેવામાં આવેલ રાઉન્ડ દરમ્યાન કાળીયાબીડ, સરદાર પટેલ સ્કુલથી પાણીની ટાંકી સુધી ૨૧ કેબિનો તથા ૧૦ લોખંડના શેડ, પતરા દુર કરેલ. તથા ૨ પાકા બાંધકામ અને ઓટલાના દબાણો દુર કરેલ જ્યારે ઘોઘા રોડ પર શિવાજી સર્કલ થી ફાતિમા સ્કૂલની આજુ-બાજુના વિસ્તારમાંથી ૭૨ લારી, ૧૦ ખુરશી અને ૦૧ ટેબલ જપ્ત કર્યા હતા.

## સિહોરમાં ટ્રક અને એક્ટિવા વચ્ચે અકસ્માતમાં મહિલાનું મોત

ભાવનગર તા.૪

સિહોરના વડલા ચોક પાસે ટ્રક અને એકટીવા વચ્ચે અકસ્માતની ઘટનામાં મહિલાનું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક મહિલાને ઈજા થતાં તેમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ શિહોરમાં આવેલ દવેની શેરીમાં રહેતા પાર્થભાઈ મહેશભાઈ સોલંકીના પત્ની ભૂમિબેન અને બહેન ખુશ્બુબેન સિહોરના સ્ટેશન રોડ પર ખરીદી માટે ગયા હતા, અને ખરીદી કરીને તેમના એકટીવા સ્કૂટર નં.જી.જે.૦૪ ૪૫૩૯ લઈને ઘરે પરત આવી રહ્યા હતા ત્યારે સિહોરના વડલા ચોક પાસે ટ્રક નં.જી.જે.૦૪ એ.ડબલ્યુ ૨૨૯૮ સાથે અકસ્માત થતાં ભૂમિબેન અને ખુશ્બુબેનને ઈજા થતા બંનેને સારવાર અર્થે સિહોરની સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના તબીબે ભૂમિબેનને તપાસી મૃત જાહેર કર્યા હતા.

આ બનાવ અંગે પાર્થભાઈ સોલંકીએ ટ્રકના ચાલક ધીરુભાઈ કુવાડીયા રહે. શિહોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# પાલીતાણામાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત વારસદારને બે લાખ વળતર

ભાવનગર,તા.૪

પાલીતાણાના દાણાપીઠ વિસ્તારમાં આવેલ રાષ્ટ્રીયકૃત યુનિયન બેંક ઓફ ઈન્ડિયા શાખામાં રફિકભાઈ લાખાણી, (રહે.ખાટકીવાસ હાથીયાધાર) એ પોતાના એકાઉન્ટમાં પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ વીમો કરાવ્યો હતો જે વીમો ૪૩૬ રૂપિયાનો વીમો પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના અંતર્ગત કરવામાં આવ્યો હતો.



વર્ષ ૨૦૨૨ માં તેમનું કેન્સરના રોગના કારણે તેનું અવસાન થતાં તેના વારસદાર જીન્નતબેન લાખાણીને બે લાખ રૂપિયાની સહાય યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની પાલીતાણા શાખા દ્વારા મંજૂર કરાવી તેના વારસદારના ખાતામાં બે લાખનો ચેક જમા કરાવી આપવામાં આવ્યો હતો. પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના હેઠળ વારસદારને બે લાખનો ચેક અર્પણ કરવામાં આવ્યો જેમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર સહિત સ્ટાફ જોડાયો હતો અને વારસદારને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

વધુમાં મેનેજર એ જણાવ્યું હતું કે સરકારની પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમાનો સૌ લોકોએ લાભ લેવો જોઈએ.

## ભાવનગરમાં બુધવારે ભરતીમેળો ખાનગી ૫ કંપનીમાં વિવિધ જગ્યાઓ પર ઉમેદવારોની પસંદગી કરાશે

ભાવનગર,તા.૪

મદદનીશ નિયામક(રોજગાર)ની કચેરી, ભાવનગર દ્વારા આયોજિત ભરતીમેળામાં ખાનગીક્ષેત્રનાં અંદાજિત ૦૫ એકમ (કંપની) માં સેલ્સ એક્સિયુટિવ, સેલ્સ ઓફીસર, ઓપરેટર, એકાઉટન્ટ, માર્કેટીંગ એક્સેક્યુટીવ, ટીમ લીડર, ટેલિકોલર, નેટવર્ક મેનેજર વગેરે જેવી વિવિધ જગ્યાઓ ભરવાની છે.

૧૨ પાસ, આઈ.ટી.આઈ, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગારવાંચ્છુઓને ભરતીમેળામાં તા.૦૮/૦૨/૨૦૨૩ બુધવારના રોજ, સવારે ૧૧:૦૦ કલાકે, ડો. આંબેડકર ભવન, એસ.ટી. બસ સ્ટેન્ડ સામે જિ. ભાવનગર ખાતે રૂબરૂ મુલાકાત તેમજ ઈન્ટરવ્યુ માટે રિઝ્યુમની ૩ (ત્રણ) નકલ સાથે સ્વખર્ચે ઉપસ્થિત રહેવા મદદનીશ નિયામક (રોજગાર), ભાવનગરની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# મીઠી વીરડી ગામના બે શખ્સે તલવાર સાથે આવી મહિલાને ધમકાવી

### મહિલાના પુત્રએ માટી ચોરી અંગે અરજી કરતા શખ્સોએ મોડી રાત્રે કરી ધમાલ

ભાવનગર તા.૪

તળાજા તાલુકાના મીઠી વીરડી ગામમાં રહેતા બે શખ્સે માટી ચોરી અંગે કરેલી અરજીની દાઝ રાખી તલવાર સાથે ધસી આવી મહિલાને ધમકી આપતા મહિલાએ બંને શખ્સ વિરુદ્ધ અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ તળાજા તાલુકાના મીઠી વીરડી ગામમાં રહેતા કાશીબેન પોલાભાઈ ડાભીના પુત્ર હરેશભાઈએ ત્રણ માસ પહેલા ગૌચરની જમીનમાં માટી ચોરી થતી હોવા અંગેની અરજી કરી હતી. અરજી કર્યાની દાઝ રાખી ગામમાં રહેતા મેહુલ ઉર્ફે મલ્લુ ગોરધનભાઈ દિહોરા અને રઘુભાઈ દિહોરા મોડી રાત્રીના તલવાર સાથે આવી હરેશભાઈની દુકાનના શટર ઉપર તલવારના ઘા ઝીંકી ગાળાગાળી કરતા હતા તે દરમિયાન હરેશભાઈના માતા કાશીબેન ઘરની બહાર આવ્યા હતા ત્યારે આ બંને શખ્સે કાશીબેનને ગાળો આપી અને હરેશને મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન અલંગ પોલીસની ગાડી આવતા આ બંને શખ્સ ફરાર થઈ ગયા હતા.

આ બનાવ અંગે કાશીબેન ડાભીએ બંને ઈસમો વિરુદ્ધ અલંગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## શાળાઓ માટે પાંચમી પ્રશ્ન બેંકના ગુણની ડેટા એન્ટ્રી ૨૮મી સુધી થશે

ભાવનગર, તા.૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પાંચમી પ્રશ્ન બેંક આધારિત મૂલ્યાંકન જે જાન્યુઆરી મહિનામાં કરવામાં આવ્યું તે સંદર્ભે ક્ષમતા એપમાં વિદ્યાર્થીઓના ગુણની ડેટા એન્ટ્રીની મુદત ૨૮ ફેબ્રુઆરી સુધી લંબાવવામાં આવી છે.

પાંચમી પ્રશ્ન બેંક (જાન્યુઆરી ૨૦૨૩) આધારિત મૂલ્યાંકન યોજવામાં આવેલી જે સંદર્ભે રાજ્યના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યોને ૧૯ અને ૨૦ જાન્યુઆરી દરમિયાન લેવાયેલી મૂલ્યાંકન પ્રવિધિમાં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણની ક્ષમતા એફમાં ડેટા એન્ટ્રીની અંતિમ તારીખ ૩૧ જાન્યુઆરી હતી અને આ તારીખ સુધીમાં ડેટા એન્ટ્રી પૂર્ણ કરવા જણાવ્યું હતું.

પરંતુ શાળાઓમાં પ્રિલિમિનરી પરીક્ષાઓને કારણે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડને ક્ષમતા એપમાં ડેટા એન્ટ્રી કરવા માટેની મુદત વધારવા અંગે રજૂઆતો મળી હતી જેથી શાળાઓ ચોકસાઈપૂર્વક ડેટા એન્ટ્રી કરી શકે તે માટે મુદત વધારીને ૨૮ ફેબ્રુઆરી કરવામાં આવી છે તેમ બોર્ડના પરીક્ષા નિયામકે જણાવ્યું છે.

# પાલીતાણામાં વકીલ કાકા ઉપર ભત્રીજાનો લોખંડના પાઈપ વડે હુમલો

### મકાનના વિવાદ અંગે ચાલતા કોર્ટ કેસની દાઝ રાખી કરાયો હુમલો

ભાવનગર તા.૪

પાલીતાણામાં રહેતા અને વકીલાતનો વ્યવસાય કરતા વૃદ્ધ ઉપર મકાનના વિવાદ બાબતે કોર્ટ કેસ ચાલતો હોય તેની દાઝ રાખી તેના ભત્રીજાએ લોખંડના પાઈપ વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત વૃદ્ધને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવવા અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ પાલીતાણામાં આવેલ ગુજરાત હાઉસિંગ બોર્ડ વસાહતમાં રહેતા અને વકીલાત કરતા નરેન્દ્રકુમાર રમણીકાલ શુક્લ (ઉં.વ. ૬૦) ના નાના ભાઈ કિરીટભાઈ શુક્લ અને મોટાભાઈ સુભાષભાઈને મકાન બાબતે વિવાદ ચાલતો હોય, તેમજ પાલીતાણા કોર્ટમાં આ બાબતે કેસ ચાલતો હોઈ, તેની દાઝ રાખી ગઈ કાલે સાંજે નરેન્દ્રભાઈ કોર્ટનું કામકાજ પતાવી ઘરે જઈ રહ્યા હતા ત્યારે રામ સોસાયટી, જ્ઞાનદીપ સ્કૂલ પાસે તેના મોટાભાઈ સુભાષભાઈનો દીકરા યશ ઉર્ફે મહાદેવે તેમને અટકાવી તારે મકાન જોઈએ છે, તેમ કહીને લોખંડના પાઈપ વડે હુમલો કરતા ઈજાગ્રસ્ત નરેન્દ્રભાઈ શુક્લને સારવાર અર્થે પાલીતાણાની માનસિંહજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે નરેન્દ્રભાઈએ તેના ભત્રીજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પાલીતાણા પોલીસે તપાસ હાથ ધરી હતી.

# પૈસા આપવાની ના પાડતા ગઢડામાં પત્નીને જીવતી સળગાવી દેનારા પતિને આજીવન કેદની સજા

બોટાદ, તા.૪

બોટાદ જીલ્લાના ગઢડામાં ૨૦૧૯માં પત્નીને જીવતી સળગાવી દેનારા આરોપી પતિને ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજે કસુરવાન ઠરાવી આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦/- નો દંડ ફરમાવ્યો છે. ગઢડા ગામે ગઈ તા.૨૩/૦૫/૨૦૧૯ ના રોજ રાત્રીના ૧૧ કલાકે મૃત કોકિલાબેન વજુભાઈ કુમારખાણીયાના આરોપી વજુભાઈ ગફુરભાઈ કુમારખાણીયાના પત્ની થતાં હોય આરોપી વજુભાઈ ગટુરભાઈએ મૃત(ફરિયાદી) કોકિલાબેન વજુભાઈ કુમારખાણીયા પાસે પૈસાની માંગણી કરતા

## ૨૦૧૯માં આરોપીએ પૈસાની માગણી કરતાં પત્નીએ ના પાડતાં બંને વચ્ચે વિવાદ થયો હતો

ફરિયાદી કોકિલાબેને પૈસા આપવાની ના પાડતા આરોપી વજુભાઈ ગટુરભાઈએ ફરિયાદી કોકિલાબેનને ગાળો આપી માનસિક ત્રાસ આપતા ફરિયાદી કોકિલાબેને આરોપી વજુભાઈને ડરાવવા સારું જાતે શરીર ઉપર કેરોસીન છાંટતા આરોપી વજુભાઈ ગટુરભાઈ કુમારખાણીયાએ ઉશ્કેરાઈ જઈ ફરિયાદી કોકિલાબેનને મારી નાખવાના ઈરાદે પોતાની પાસે રહેલ માચીસ વડે દિવાસળી સળગાવી કોકિલાબેન ઉપર ઘા કરતાં ફરિયાદી કોકિલાબેનની સાડી ઉપર આગ લગતા ફરિયાદી કોકિલાબેન શરીરે સળગવા લગતા આખા શરીરે ગંભીર રીતે દાઝી ગયા હતા. કોકિલાબેને આ અંગેની ફરિયાદ હોસ્પિટલમાં આપી હતી અને તેઓ સારવાર દરમ્યાન મૃત્યુ પામ્યા હતા.

આ અંગેની ફરિયાદ ગઢડા પોલીસ સ્ટેશનમાં આઈ.પી.સી કલમ ૩૦૨,૩૦૭,૪૯૮(૬), ૫૪ મુજબનો ગુન્હો આરોપી વજુભાઈ કુમારખાણીયા વિરુધ્ધ દાખલ થઈ હતી અને આ અંગેનું ચાર્જશીટ તપાસ કરનાર પોલીસ અધિકારીએ કોર્ટમાં રજુ કરી હતી. આ કેસમાં ફરિયાદ પક્ષે કુલ ૧૮ સાક્ષીઓને તપાસવામાં આવ્યા હતા તેમજ કુલ ૨૮ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ આ કેસમાં મૃતકે એકજીક્યુટીવ મેજિસ્ટ્રેટ સમક્ષ તેણે મરણોમુખ નિવેદન (ડીડી) આપેલ હતું. તમામ દલીલો, આધાર-પુરાવાને ધ્યાને લઈ કોર્ટે આરોપીને કસુરવાર ઠેરવી આજીવન કેદની સજા અને રોકડ દંડ ફટકાર્યો હતો.

## દામનગરના સીતારામ આશ્રમે ૧૬મીએ સર્વજ્ઞાતિ સમુહલગ્ન

દામનગર, તા.૪

દામનગર શહેરમાં ઢસા રોડ સીતારામ આશ્રમ ખાતે આગામી તા.૧૬ને ગુરુવારના રોજ ગૃરુમુખી સંત દયારામબાપુ ઢોડાવાળા પ્રેરિત ૨૧માં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં ૨૫ નવદંપતીને વ્યોમ હો પૃથ્વી દંપતી હો સુમંગલમ"ના આશિષ સાથે ભવ્ય પરણીય પર્વનું સેવક સમુદાય દ્વારા આયોજન આગામી ૧૬ ફેબ્રુઆરીએ દામનગર ગુરુમુખી સંત દયારામબાપુ પ્રેરિત સીતારામ આશ્રમ ખાતે ૨૧મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ ૨૫ દીકરી માટે ઉદાર હાથે સખાવતો કરી ખૂબ સરસ કરીયાવર સાથે નામી અનામી વરિષ્ઠ સંતો એવમ રાજસ્વી અગ્રણીઓ સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ૨૧માં સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નોત્સવમાં સંત દર્શન ધર્મસભા એવમ શ્રેષ્ટિઓના સત્કાર સન્માન સાથે ૨૫ નવદંપતીઓને આદર્શ દાંપત્ય જીવન સપ્તપદી એટલે સંયમ સત્ય પ્રેમ કરુણા સમર્પણ ત્યાગ સાત્વિક જેવા સાત પ્રકારની દીક્ષા માટે એટલે સપ્તપદીની શીખ આપશે વરિષ્ઠ સંતો સામાજિક સંવાદિતાના દર્શનય નજારા વચ્ચે યોજાનાર સર્વજ્ઞાતિ ૨૧માં સમૂહ લગ્નોત્સવમાં અનેકો રાજસ્વી રત્નો સહિત અનેકો મહાનુભવોની ઉપસ્થિતિમાં સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ યોજાશે.

### તળાજામાં આવતી કાલે મહિલા સશક્તિકરણ સંમેલન

વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત માતૃશક્તિ દુર્ગા વાહિની ભાવનગર જિલ્લા દ્વારા તળાજા ખાતે તા.૫ને રવિવારે બપોરના ૩:૩૦ કલાકે તળાજાના ધનેશ્વર મહાદેવ મંદિરના સાનિધ્યમાં ચિંતક મહિલા સંમેલન યોજવામાં આવશે, મહિલા સશક્તિકરણના ઉમદા હેતુ માટે આપણા રાષ્ટ્રની દરેક મહિલાઓ દુર્ગા સ્વરૂપા બને માતૃભૂમિ અને સનાતન સંસ્કૃતિને ધર્મમય વાતાવરણ સાથે જાળવી રાખવા માટે પોતાનું યોગદાન આપે અને આવનારી પેઢીને સખત બનાવવાના સંકલ્પ સાથેના આ મહિલા સંમેલનમાં જિલ્લાના કોઈપણ તાલુકા અને ગામની બહેનો આવી શકશે કાર્યક્રમના અંતે અલ્પાહારની વ્યવસ્થા રાખેલ છે.

# આંતર કોલેજ સ્વામી વિવેકાનંદ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## પ્રથમ દિવસે ૧૦ ટીમો વચ્ચે મેચો રમાઈ હતી, આજે આઠ મેચો રમાશે

ભાવનગર, તા.૪

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનીવર્સીટીની વિવિધ કોલેજો/ડીપાર્ટમેન્ટની ક્રિકેટ ટીમ વચ્ચે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા.૩ થી ૮ દરમિયાન કોર્ટ સભ્ય બ્રિજરાજસિંહ ગોહિલ દ્વારા થયું છે. જેનો ઉદ્દઘાટન સમારોહ યોજાયો હતો. પ્રથમ દિવસે ૧૦ ટીમો વચ્ચે પાંચ મેચો રમાઇ હતી. આ ટુર્નામેન્ટમાં ભાવનગર યુનીવર્સીટી સાથે સંલગ્ન કોલેજ /ડીપાર્ટમેન્ટની કુલ ૨૧ જેટલી ટીમો ભાગ લઈ રહી છે. ટુર્નામેન્ટના ઉમદા ઉદેશને સાર્થક કરવા માટે મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનીવર્સીટી, ઈસ્કોન એડન ગ્રીન્સ, નિર્મળ બિલ્ડઈફ્રા, રાજશ્રી ટાટા પી.ડી કાર, મિસ્ટર સમોસા, સેલ્ફ ફાઈનાન્સ કોલેજ મંડળ તેમજ રનર એપ જેવી વિવિધ સંસ્થાઓએ સાથે બજરંગદાસબાપા આરોગ્યધામ દ્વારા પણ પ્રેરણારૂપ વિધાર્થીઓને તબીબી સેવા નિશુલ્ક આપવા અમુલ્ય યોગદાન આપી રહેલ છે.

ઉદ્ઘાટન સમરોહમાં પ.પૂ ત્યાગરાજસ્વામીજી, કેતનભાઈ સોજીત્રા, ડો.ગીરીશભાઈ વાઘાણી, પરેશભાઈ ત્રિવેદી, શિશિરભાઈ ત્રિવેદી, સત્યજીતસિંહ ગોહિલ (ભરૂચા ક્લબ), આનંદભાઈ ઠક્કર (ઈસ્કોન ક્લબ), સિધ્ધરાજસિંહ ગોહિલ (શિવ બિલ્ડર), અમિતભાઈ મકવાણા (મિસ્ટર સમોસા), નીલેશભાઈ ચુડાસમા (પ્રદેશ મંત્રી,બી.જે.વાય.એમ) ઉપસ્થિત રહ્યા હતા સાથે યુનીવર્સીટીના કર્મચારી પરિવારના સભ્યો, યુનીવર્સીટીના અધિકારીઓ, કોર્ટસભ્યો, ઈ.સી સભ્યો, પ્રિન્સિપાલો, સંસ્થાના પી.ટી.આઈ ઉપસ્થિત રહ્યા હતા. ઉદઘાટન સમારોહ બાદ ટૂર્નામેન્ટનો પ્રારંભ થયો હતો અને ૧૦ ટીમો વચ્ચે પાંચ મેચો રમાઇ હતી. જયારે આગેવાનો અને ખેલાડીઓએ નિહાળી હતી.



### પ્રથમ દિવસની મેચોની વિજેતા ટીમો

ઉદ્ઘાટન બાદ પ્રથમ દિવસે ૫ મેચ રમાઈ હતી પ્રથમ મેચ કે.વી પારેખ કોલેજ અને તક્ષશીલા વચ્ચે રમાઈ હતી જેમાં કે.વી પારેખ કોલેજ મહુવા વિજેતા બની હતી. બીજી મેચ સ્વામી વિવેકાનંદ કોલેજ પાલીતાણા અને એમ.બી.એ ડીપાર્ટમેન્ટ વચ્ચે રમાઈ હતી જેમાં સ્વામી વિવેકાનંદ કોલેજ પાલીતાણા વિજેતા બની હતી. ત્રીજી મેચ ભુતા કોલેજ શિહોર અને સમાજશાસ્ત્ર ભવન વચ્ચે રમાઈ હતી જેમાં ભુતા કોલેજ શિહોર વિજેતા બની હતી. ચોથી મેચ વળિયા કોલેજ અને સરદાર પટેલ કોલેજ વચ્ચે રમાઈ હતી જેમાં વળિયા કોલેજ વિજેતા બની હતી. પાંચમી મેચ ગવર્મેન્ટ મેડીકલ કોલેજ અને શામળદાસ આર્ટસ કોલેજ વચ્ચે રમાઈ હતી જેમાં શામળદાસ આર્ટસ કોલજે વિજેતા બની હતી.

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Bhavnagar Vegetable Product Ltd. Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

# કાશ્મીરમાં ટાર્ગેટ કિલિંગ સામે બાબાનું બુલડોઝર

કાશ્મીરમાં ત્રાસવાદના પડકાર સામે હવે સરકાર એક્શન મોડ માં આવી છે અને હુરિયત સહિતના ભારત વિરોધીઓના ગેરકાનૂની નિવાસ્થાનો પર બુલડોઝર ફેરવવામાં આવી રહ્યું છે

કાશ્મીરમાં ૩૭૦ મી કલમ નાબૂદ થયા બાદ ત્રાસવાદીઓ ભૂરાયા થયા છે. અને અવારનવાર ટાર્ગેટ કરે છે તેમજ છુટા છવાયા ત્રાસવાદી હુમલાઓ કરે છે આની સામે સરકાર એક્શન મોડમાં આવી છે હુરિયતના અને ભારત વિરોધી અલગાવવાદીઓના ગેરકાયદેસર ના નિવાસ્થાનો પર બાબા નું બુલડોઝર ઝડપભેર ફરી રહ્યું છે ગઈકાલે બરફવર્ષા વચ્ચે પણ હુરિયત નેતાઓના મોટા નિવાસ્થાનો તોડી પાડવામાં આવ્યા હતા પૃથ્વી પરનું સ્વર્ગ મનાતા કાશ્મીરમાં હવે કાશ્મીરી પંડિતો તથા એક વ્યક્તિની હત્યા બાદ પંડિતો પોતાની જાતને અસુરક્ષિત માની રહ્યા છે અને રક્ષણ આપવા માટે સરકાર સામે આંદોલન શરૂ કર્યા છે. ભારતના સમસ્ત બ્રહ્મ સમાજ નો એક ભાગ કે જેને આપણે કાશ્મીરી પંડિતો કહીએ છીએ તેઓ સદીઓથી કાશ્મીરમાં રહે છે જેના પાંચ મુખ્ય ભાગ છે ભારતના કેન્દ્ર સરકાર દ્વારા શાસિત જમ્મુ-કાશ્મીર માં મધ્યયુગના સમયથી તેઓ મૂળ નિવાસીઓ છે કાશ્મીરમાં ઈસ્લામિક આતંકવાદના વિકાસને કારણે ૧૯૯૦ પછી મોટી સંખ્યામાં તોઓએ વતન છોડી દીધું હતું.

ઈસવીસન પૂર્વે ત્રીજી સદીમાં સમ્રાટ અશોકનાં સમયથી તેઓ નું નિવાસસ્થાન કાશ્મીર હતું આ સમયે મહિલાઓને સમાજમાં ઉચ્ચ દરજ્જો આપવામાં આવ્યો હતો આઠમી સદીમાં અને તે પછી તેઓ ખૂબ જ હેરાન થયા હતા ૧૪મી સદીમાં કાશ્મીર માં મુસ્લિમો શાસન સ્થપાયું અને હજારો પંડિતોની હત્યા કરવામાં આવી તેમના ધર્મસ્થાનો નષ્ટ કરવામાં આવ્યા.આ પંડિતો ડોક્ટરો વકીલો શિક્ષકો એન્જિનિયરો અને અન્ય બુદ્ધિજીવી હતા. ૧૯૪૭ પછી કાશ્મીરમાં ગુજરાતના નાગર બ્રાહ્મણોએ પંજાબી ખત્રી અને ઉત્તરભારતના કાયસ્થ બ્રાહ્મણ નો સમાવેશ થાય છે આમાં મહારાષ્ટ્રીય બ્રાહ્મણો, બંગાળીઓ સામેલ છે સમાજનો આ વર્ગ બુદ્ધિજીવી છે ધર્મપરાયણ અને ઉદારમતવાળો હતો આથી આ વર્ગના તમામ લોકોને હિન્દી અંગ્રેજી સંસ્કૃત અન્ય ભાષાઓના જાણકાર હતા અને મુસ્લિમ અત્યાચારોને પરિણામ ૧૯૮૦ સુધીમાં પંડિતોની કત્લેઆમ થઈ જેમાં તેઓ વતન છોડી ભાગી ગયા હતા અને માત્ર પાંચ ટકા જ પંડિતો જ રહી ગયા ૧૯૯૦ પછી આતંકી હુમલાઓ અને કત્લેઆમ થી મૃત્યુ પામ્યાં.

# મેવાડ, ખેરગઢ અને તેની શાખાઓ

## ભાવનગર-૩૦૦

- બળદેવસિંહ ગોહિલ

## અભ્યાસના અંતે તારણ આવ્યું છે કે...ગોહિલ કુળ ખુબજ પ્રાચીન અને સૂર્યવંશી છે

આજેતો પીરમબેટ વીરપુરુષ મોખડાજી ની ઐતિહાસિક યાદ સંઘરીને બેઠો છે. કિલ્લાની દીવાલો નષ્ટ થઈગઈ છે. ચારે બાજુ પથ્થરો વેરાયેલા પડ્યા છે. ક્યાંક-ક્યાંક મહેલના માત્ર પાયાજ દેખાય છે. સદીઓની ઉપેક્ષાએ બધીજ પૂરાતન ભવ્યતા ભુંસી નાખી છે. પીરમબેટ પાસેથી હજુપણ જે વહાણો પસાર થાય છે તેના ખારવાઓ મોખડાજી તેમનું રક્ષણ કરે છે તેમ શ્રધ્ધા થી માને છે. તે બદલ પોતાની પાસેનું શ્રીફળ અથવા થોડા પૈસા દરિયામાં પધરાવી શ્રદ્ધાથી તેમનું સન્માન જાળવે છે.

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલને મોખડાજી ની તિથીના દીવસે શ્રધાંજલી અર્પવાનો કાર્યક્રમ યોજવા ઈચ્છા હતી. પરંતુ ત્યારે મોખડાજીની તિથીની જાણ ન હોવાથી કાર્યક્રમ યોજી શકાયો નહિ. પરંતુ મહારાજા કૃષ્ણકુમારસિંહજી દેવ થયા પછી તેમની પૂણ્ય તિથી ચૈત્ર સુદ-એકમ ના દિવસે દર વર્ષે મોખડાજી અને કૃષ્ણકુમારસિંહજીને શ્રીગોહિલવાડ રાજપૂત સમાજ દવારા આયોજિત કાર્યક્રમમાં હજારોની સંખ્યામાં સૌરાષ્ટ્ર ભરમાંથી શ્રધ્ધાવાન લોકો ઉપસ્થિત રહે છે. ભાવભરી શ્રધાંજલિ અર્પે છે. હવે શંશોધન પછી મોખડાજીની તીથી વી.સ. ૧૪૦૩ ચૈત્ર સુદ-૯ (નોમ) (ઈ.સ. ૧૩૪૭) મળી છે. ખડદપર સ્થિત મોખડાજી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા માગશર સુદ પૂનમના દિવસે દરવર્ષે પાટોત્સવનો ભવ્ય કાર્યક્રમ યોજાય છે. હજારોની સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહી દર્શનનો લાભ મેળવે છે.

આજે વર્ષો પછી પણ કોઈ જૂનાગઢ જાય, કે ગિરનાર, શિહોર કે દ્વારિકાની વાત સાંભળે, તો તરતજ મોખડાજી, ખેંગાર, પ્રભાત, ધનમેર, કરણ વાઘેલા વગેરે હૈયે ચડી આવે છેઃ જાણે ઈતિહાસની છાયામાં ઊભા રહી તેઓ પોતાને જોતાં હોય, આપના ખમીરને પારખતા હોય, પોતાના અને અત્યારના યુગની તુલના કરતાં હોય.

ઠાકોર ડુંગરજી (ઇ.સ. ૧૩૪૭ થી ૧૩૭૦) ૩૩ વર્ષ ઘોઘા મોખડાજી ગોહિલની વીરગતિ પછી તુઘલખી સરદાર થોડા દિવસ ઘોઘામાં રોકાયો. મોખડાજીના પત્ની વદનકુંવરબા તે હાથસણીના સરવૈયા હમીરજી કરણસિંહજીના દીકરી પોતાના પાટવી કુંવર ડુંગરજી ને લઈને ઘોઘા આવ્યા. તેમણે ભાયાતો અને સામંતોનો સહકાર મેળવી મહમદ તઘલખના ઘોઘા-પિરમના થાણદાર-કાજી-સુબાને હાંકી કાઢી ઘોઘા ફરી કબજે કર્યુ. ઇ.સ. ૧૩૪૭માં ડુંગરજી ગાદીએ બેઠા. પછી રાજધાનીનુ




સ્થળ પીરમના બદલે ઘોઘા રાખવામાં આવ્યું. મોખડાજીનો સમગ્ર સમય સંઘર્ષ અને સતત યુધ્ધોમાં પસાર થયો હતો. ડુંગરજીએ રાજ્યને આર્થિક અને સલામતીની દ્રષ્ટિએ સ્થિર કરવા લોકોની સુખાકારી માટે અસંખ્ય પગલાઓ લીધા. ઇ.સ. ૧૩૭૦ માં ૩૩ વર્ષ રાજ્ય ભોગવી કૈલાસ વાસી થયા.

સમરસિંહજી ઉર્ફે અર્જુનસિંહજી (નાંદોદ) મોખડાજીના બીજાપુત્ર સમરસિંહજી જે નાંદોદના પરમારના ભાણેજ હતા. નાંદોદ (હાલ રાજપીપળા) ના રાજા બ્રહ્મદેવજી પરમાર જેઓ ઉજ્જૈનના પરમાર વંશના મહારાજાના વારસદાર હતાં. બ્રહ્મદેવ પરમારને પ્રતાપકુંવારબા અને રત્નાદેવી નામે બે મોખડાજી ગોહિલ સાથે પરણાવેલ. બ્રહ્મદેવજીને અર્જુનસિંહજી નામે કુંવર હતાં. જે પછીથી નાંદોદના ગાદી વારસ થયા. તે અપુત્ર કૈલાસવાસી થયા. પછી ગાદી વારસ તરીકેનો હક્ક તેમના ભાણેજ મોખડાજી ગોહિલના કુંવર સમરસિંહજીને મળ્યો. તે નાંદોદમાં અર્જુનસિંહજી નામ ધારણ કરી ઇ.સ. ૧૩૪૦માં ગાદીએ બેઠા.

નાંદોદથી થોડી પેઢીઓ પછી અમરસિંહદ્વારા ગાદી સ્થળ રાજપીપળા ફેરવવામાં આવેલ. હાલ રઘુબિરસિંહજી ૩૯ માં વારસદાર છે. ૧૩૪૦ ઇ.સ. થી તા.૧૦/૦૬/૧૯૪૮ ના રોજ રાજ્ય ભારત સંઘમાં સામેલ થયું ત્યાં સુધીમાં ૩૭ જેટલા શાસકો થયા. ૬૦૮ વર્ષ જેટલા સમય રાજ્ય કર્યું. નાંદિપુર પાટણથી પણ વધારે પ્રાચીન હોવાની માન્યતા છે. પ્રાચીન કાળમાં નાંદિપુર પછી નાંદોદ હાલ રાજપીપળા. રાજવંત પેલેસ : તે મહારાજા વિજયસિંઘ દ્વારા ઇ.સ. ૧૯૧૫માં બાંધવામાં આવેલ તે વિજય સંકુલનો એક ભાગ છે.

રેવા કાંઠા એજન્સીનું સૌથી મોટું એક માત્ર પ્રથમ વર્ગનું રાજ્ય હતું. વડોદરા પછી કદ અને મહત્વમાં બીજા નંબરનું સમૃધ્ધ રાજ્ય હતું. સમકાલીન માળખાગત સુવિધાઓ, નિતીઓ અને પધ્ધતિઓ સાથેનું સુસંચાલિત રાજ્ય તરીકે ઊભરી આવ્યું હતું. ૧૫૦૦ ચોરસ માઈલના ક્ષેત્રમાં ૬૦૦ માઈલ વર્ગ જંગલો હતા. રાજપીપળા હાલ નર્મદા જિલ્લાનું વડુ મથક છે. પરમારોના કુળદેવી હરસિધ્ધિ માતાને ગોહિલોએ પણ પોતાના કુળદેવી તરીકે સ્વીકાર્યા. ૧૮મી સદીમાં વેરિસાલજીએ રાજપીપળામાં હરસિધ્ધિ માતાજીનું મંદિર બનાવ્યું. આસોમાસની નવરાત્રીમાં અહી મેળો ભરાય છે. મૂળ મંદિર ઉજ્જૈન્ન સ્થિત છે.

મેવાડનો (રાજપુતાના) રાજવંશ અત્યંત પ્રાચીન હોવાથી તેની અનેક શાખાઓ છે. મહારાણા મેવાડ હિસ્ટોરિકલ પબ્લીકેશન ટ્રસ્ટ. ઉદેપુર દ્વારા પ્રકાશિત મેવાડના નરેશોના આધારભૂત વંશવૃક્ષમાં સૌરાષ્ટ્રના ગોહિલ રાજવંશને રાજા ગુહીલની ઓગણીસમી પેઢીએ થયેલા શાલીવાહનથી છુટા પડેલા દર્શાવેલા છે. ખેરગઢ સ્થાયી થયા પહેલા મેવાડથી અલગ પડેલી શાખાઓ પણ છે. જેમકે ડુંગરપુર, વાસવાડા, પ્રતાપગઢ, ધરમપુર, મધ્યપ્રદેશ નું બડવાણી વગેરે ગોહિલોની સિસોદીયાશાખા છે. છત્રપતિ શિવાજી અને તેના વંશજો (કોલ્હાપૂર અને સતારા) નાગપુરના ભોસલે, મુધોળ અને સાવંતવાડી, દક્ષિણ ભારતના વિજયનગરના શાસકો પણ મેવાડની શાખા માંથી ઉતરી આવ્યા નું ફલિત થાય છે. રાવલ અમરસિંહના નાનાભાઈ કુંભકર્ણે નેપાળમાં રાજ્ય સ્થાપ્યું હતું.

સેજકજી ગોહિલ પહેલા ખેરગઢથી અને પછી શાખાઓ અલગ પડી હોય અને અન્ય જગ્યાએ ગયેલ હોય તેવું પણ બનેલ છે. સારોદ, આણંદ, ભરુચ, વરસડા, કઠલાલ, ખરેડી, મીતલી, મૂંગીપૂર પાટણ અને મધ્યપ્રદેશના દેપાલપુર, જવાસિયા, મારવાડમાં મળવા-ગોયલણમાં ઉપરાંત કચ્છ, ખેડા, વડોદરા, રાજકોટ, જામનગર, ખરેડી, વગેરે જગ્યાએ ગોહિલ તાલુકદારોના વસવાટો આવેલા છે. હાલ ભારત અને દુનિયા ભરમાં ધંધા નોકરી માટે સવાટ કરતા જોવા મળે છે. પણ આ બાબત હજી સંશોધન માગે છે.

સૌરાષ્ટ્રમાં ભાવનગર,પાલીતાણા, લાઠી, વળા (વલ્લભીપુર) અને દક્ષિણ ગુજરાતમાં રાજપીપળા. સેજકજી ના ભાઈઓના વારસદારોએ પણ અન્ય જગ્યાએ રાજ્યો સ્થાપ્યા હોવા જોઈએ. તેની વિગતો પુરતા પ્રમાણમાં મળતી નથી. સંશોધન માગીલે છે. સેજકજીથી પહેલા પાંચમી પેઢીએ લાજી નામે શાસક થયા. તે તળાજા બાજુના જસપરાના રાઠોડ રાજપૂતની પુત્રીને પરણ્યા હતા. સૌરાષ્ટ્ર બાજુ આવતા જતાં રહેતા હતા. તે સિધ્ધરાજ જયસિંહના સાઢુ થતાં હતા. ભારતના ઈતિહાસમાં અગત્યનું સ્થાન ધરાવતા રાજપૂતોના કુલ ૩૬ (છત્રીસ) કુલ હતા. આ અંગે ઊંડા અભ્યાસના અંતે તારણ આવ્યું છે કે.....ગોહિલ કુળ ખુબજ પ્રાચીન અને સૂર્યવંશી છે. ભારતના જુદા-જુદા ૩૬ રાજપૂત કૂળો માં તેનું સ્થાન સ્વીકારવામાં આવ્યું છે. રાજકવિ ચંદબરદાઈ, વિ.સી.વૈદ્ય, ગૌરીશંકર હીરાચંદ ઓઝા, કર્નલ જેમ્સ ટોડ, મતીરામ અને રઘુનાથસિંહજી શેખાવત વગેરેએ રાજપૂત ક્ષત્રિયોની ૩૬ કુળની યાદીમાં ગોહિલ વંશીય ક્ષત્રિય કુળનો સમાવેશ થયેલો જોઈ શકાય છે. તેથી કહી શકાય કે ગોહિલ કૂળ ઈતિહાસ પ્રસિદ્ધ ક્ષત્રિયોના ૩૬ કુળ પૈકીનું એક અલગ ક્ષત્રિયકુળછે. ક્ષત્રિયોના કુળની પેટા શાખાઓ ૯૯ જેટલી છે.

# કેવું જશે આપનું આવતું અઠવાડિયું



**મેષ - (અ, લ, ઈ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ વ્યસ્તતા યુક્ત પસાર થવા સંભવે. વિચારેલા દરેક કાર્યોને ઉર્ધ્વગતિ પ્રાપ્ત થતી જોવા મળશે. વાદવિવાદ અને સંઘર્ષથી દૂર રહેવું ખૂબ જ જરૂરી બને. કાર્યક્ષમતામાં પુષ્કળ પ્રમાણમાં વધારો થતો જોવા મળે. દાંપત્ય જીવનમાં સુમધુરતા વધતી જોવા મળશે. કુટુંબ પરિવાર માં માંગલિક કાર્ય થવાની પૂર્ણ સંભાવનાઓ રહે. માનસિક ખૂબ જ સ્વસ્થતા યુક્ત આ સપ્તાહ પસાર થાય. અભ્યાસ વિદ્યા સંબંધિત ક્ષેત્રની અંદર કંઈક ને કંઈક નવું વિઘ્ન આવવા સંભવે. સંતાન બાબતે ચિંતાઓ વધતી જોવા મળે. વ્યવસાય :- વ્યવસાયમાં આપ ઉત્તરોત્તર પ્રગતિ કરનાર બની શકશો. આર્થિક ઉન્નતિના પ્રબળયોગો નું નિર્માણ થાય. ભાગીદાર વર્ગથી ખૂબ જ સુંદર રીતે ધન ઉપાર્જન કરી શકો. સોના સંબંધિત વ્યવસાયને વધુ વેગ મળતો જોવા મળશે. સકારાત્મક વ્યક્તિઓના સંપર્કમાં રહેવાથી આપ સુંદર રીતે વ્યવસાયમાં અભિવૃદ્ધિ કરનાર બની શકશો. વ્યવસાયિક ઉન્નતિ માટે ભાગ્યનો આપને પૂર્ણ સહારો પ્રાપ્ત થતો જોવા મળશે. સરળ સ્વભાવથી વ્યવસાય ને આગળ ધપાવનાર બની શકશો. આરોગ્યઃ- આરોગ્ય બાબતે એકંદરે સપ્તાહ સારો પસાર થતું જોવા મળશે. વાયુ પ્રકૃતિનો પ્રકોપ રહેવાની સંભાવનાઓ રહે. માનસિક ચિંતા ઓછી દૂર રહેવું. અન્યથા શારીરિક તંદુરસ્તી જોખમાઈ શકે છે. જેમને જન્મકુંડળીમાં રાહુની સ્થિતિ નબળી છે તેવા વ્યક્તિઓને એક્સિડન્ટ વગેરેના યોગ રહે.

**વૃષભ - (બ, વ, ઉ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ તેજસ્વીતા અને ઓજસ્વીતા યુક્ત પસાર થાય. મહેનત અને સંઘર્ષ નું પરિણામ સારું આવતું જણાય. આત્મવિશ્વાસ વધતો જોવા મળે. વિચારેલા દરેક કાર્યો પરિપૂર્ણ થતા જોવા મળે. આ સપ્તાહ દરમિયાન ખર્ચનું પ્રમાણ વધતું જોવા મળે. મોજશોખ પાછળ સંપત્તિ ખૂબ જ વપરાય. યાત્રા કે વિદેશ યાત્રાના યોગો નું નિર્માણ થાય. વિવાહ વેવિશાળ ના યોગો નું નિર્માણ થાય. વ્યવસાય :- વ્યવસાયમાં ઉત્તમ ગતિ પ્રાપ્ત કરનાર બનો. વ્યવસાયમાં માન, પ્રતિષ્ઠા, યશ અને કીર્તિ વધતી જોવા મળે. વ્યવસાયમાં પોતાના આત્મવિશ્વાસથી ખૂબ જ પ્રગતિ કરનાર બનશો. અનીતિપૂર્ણ વ્યવસાય ન થાય તેનુ ધ્યાન રાખવું જરૂરી બને. આર્થિક ઉન્નતિ ના પ્રબળ યોગો થાય. આવક ના પ્રમાણે જવાક પણ રહેશે. ધનોપાર્જન માટે નવું સાહસ આવકાર્ય બની રહેશે. આરોગ્ય :- આરોગ્ય બાબતે શુક્ર સંબંધિત પીડા વધતી જોવા મળે. ચામડીના રોગો નું નિર્માણ થાય. ગુપ્તાંગો સંબંધિત બિમારી વધે. કફ પ્રકૃતિનો પ્રકોપ વધતો જોવા મળે.

**મિથુન - (ક, છ, ઘ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ આનંદાયક બની રહેશે. કરેલા વિચારો ને શ્રેષ્ઠતા પ્રાપ્ત થતી જોવા મળે. કરેલા વિચારો પૂર્ણતા તરફ ગતિ કરતા જણાય. જેથી વિશેષ આનંદની પ્રાપ્તિ થાય. કુટુંબ પરિવાર માં એકબીજા સાથે મળવાનું અવશ્ય થાય. માંગલિક કાર્યો નું સર્જન થતું જોવા મળે. વાદ- વિવાદો પણ પુર્ણ થતાં જણાય. જુના પડેલા સંપત્તિ બાબતે રહેલા પ્રશ્નોનું સમાધાન મળતું જણાય. વારસાગત કોઈપણ મિલકત હોય તેનો ઉકેલ આવતો જણાય. આપની વાણીની મધુરતા જ આપને સમાજમાં માન-પ્રતિષ્ઠા અને યશ આપનાર બનશે. વ્યવસાય :- વ્યવસાય માં સાવધાની ખુબ જ જરૂરી બને. ભાગીદાર વર્ગ થી કોઈપણ પ્રકારે સહાયતા ન મળે. ઉપરાંત નુકસાન પણ થવાની સંભાવના રહે. આ સમયે વ્યવસાય માટે નવુ સાહસ ન કરવું આવશ્યક રહે. છેતરપિંડી થવાના પણ સંભાવના રહે. આભાસી દરેક વસ્તુઓ અને વ્યવસાયથી દૂર રહેવું જરૂરી બને. ધન ઉપાર્જન માટે ખૂબ જ મહેનત કરવાની આવશ્યકતા રહે. આ સપ્તાહ બાદ કરેલી મહેનતનું પરિણામ આપને જોવા મળશે. આરોગ્ય :- આરોગ્ય બાબતે એકંદરે શાંતિપૂર્ણ રહે. ખાણીપીણી માં ધ્યાન રાખવું જરૂરી બને. પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની શક્યતા રહે. શરીર માં શ્વેતકણો ની સંખ્યા ઘટે જેથી તબિયત લથડી શકે.

**કર્ક - (ડ, હ) :-**આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ ઉત્સાહ અને આનંદનો નવો અનુભવ કરાવનારું બને. આ રાશિ આ રાશિના જાતકો માટે આ સપ્તાહ દરમ્યાન વિશેષ યાત્રા અથવા વિદેશ યોગ નું પણ નિર્માણ થતું જોવા મળે. મોજશોખ સંબંધિત દરેક કાર્ય પરિપૂર્ણ થતા જોવા મળે. માતા ભૂમિ નો શોખ પણ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થતો જોવા મળે. નૂતન વાહનની ખરીદી પણ આ સમયમાં થવાની પૂર્ણ સંભાવનાઓ રહે. કાર્યોમાં વિલંબ થાય. પરંતુ પરિશ્રમ ના અંતે કાર્ય પૂર્ણ થતું જોવા મળે. વિચારોને શ્રેષ્ઠતાથી આપ નવા માણસો સાથે ઉત્તમ પ્રકારે ભાગીદારી કરી શકશો. આપના માટે ફાયદાકારક બની રહેશે. વ્યવસાય :- વ્યવસાયમાં મોજશોખ સંબંધિત વ્યવસાયને વધુ વેગ મળતો જોવા મળે. આભાસી વસ્તુઓથી, આભાસી વ્યવસાયથી પણ દૂર રહેવું ખૂબ જ જરૂરી બની રહે. અન્યથા આર્થિક નુકસાન થઈ શકે છે. સૌંદર્ય પ્રસાધનોના વ્યવસાયથી પણ આપને ફાયદો પ્રાપ્ત થતો જોવા મળશે. વક્રી થઈને પરિભ્રમણ કરી રહેલો શનિ આપના માટે વ્યવસાયમાં નવી તકોનું નિર્માણ કરનાર બનશે. કર્મો પ્રમાણે આપને સારું અને ખરાબ બંને જ પરિણામ પ્રાપ્ત થશે. આ સપ્તાહ દરમિયાન ખોટું ધન અનીતિનું ધન આવવાના ખૂબ જ યોગ બને. જેથી સંભાળવું જરૂરી બને. આર્થિક દ્રષ્ટિએ આ સપ્તાહમાં નવા નવા કાર્યો અને સાથે સાથે નવુ સાહસ પણ સફળતા આપનાર બનશે. જેથી કાર્યકુશળ બની રહેવું ખૂબ જરૂરી બનશે. આરોગ્ય :- આરોગ્ય બાબતે સ્નાયુઓ સંબંધિત પીડા વધવાની સંભાવના રહે. કબજિયાત, એસીડીટી, પેટ સંબંધિત અન્ય નવી નવી બીમારીઓ પણ વધતી જોવા મળશે. ખાણીપીણી ઉપર ખૂબ જ ધ્યાન રાખવું જરૂરી બને.

**સિંહ - (મ, ટ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ મધ્યમ પસાર થવા સંભવે. વિચારેલા દરેક કાર્યો ને વિલંબથી પૂર્ણ થતા જણાય. અણધારી માનસિક ચિંતાઓ વધવા સંભવે. મન ખૂબ જ ચંચળ થઈ જાય. ઉગ્રતા પણ ખૂબ વધવા સંભવે. સ્વભાવથી કોઈની સાથે મતભેદ માં ઊતરવું નહીં. અન્યથા નુકસાન જશે. ભાગ્યનો કોઈપણ સહારો મળશે નહીં. મહેનત થી સુંદર પરિણામ લાવી શકાશે. સંતાન બાબતે સફળતા મળતી જણાય. સંતાન યોગોનું નિર્માણ થતું જણાય. અભ્યાસ સંબંધે પણ સફળતા પ્રાપ્ત થાય. અભ્યાસ માટે માનસિક ખૂબ જ વિટંબણાઓ વધતી જણાય. વ્યવસાય :- વ્યવસાય માં માર્કેટિંગ સંબંધિત વ્યવસાયથી ફાયદો થવા સંભવે. વાણી પ્રધાન વ્યવસાયને પણ સફળતા પ્રાપ્ત થાય. વિચારોની શ્રેષ્ઠતા આપને વ્યાપારમાં ખૂબ જ ફાયદો આપનાર બને. ભાગીદાર વર્ગથી કોઈપણ પ્રકારે ફાયદો પ્રાપ્ત થતો જણાય. ધનપ્રાપ્તિ પણ મધ્યમ ગતિએ થતી જોવા મળે. વિચારેલા વ્યવસાયમાં નવું સાહસ કરવું નહીં. માનસિક સ્વસ્થ રહેવું ખૂબ જરૂરી બને. મિત્રો સાથે કોઈ પણ પ્રકારની નાણાકીય લેવડ-દેવડ કરવી નહીં છેતરપીડીથી સાવધાની રાખવી જરૂરી બને. વ્યવસાય માં મહેનત થી સારું પરિણામ મળે. આરોગ્ય :- આરોગ્ય બાબતે મન સંબંધિત બિમારી વધે. કફ પ્રકૃતિ નો પ્રકોપ વધતો જણાય. શુક્રાણુ સંબંધિત તકલીફો પણ વધે

**કન્યા - (પ, ઠ, ણ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ જ ઉત્તમ પ્રકારે પસાર થતું જોવા મળે. કાર્યક્ષમતા માં પણ પુષ્કળ પ્રમાણમાં વધારો થાય. વિચારો ની શ્રેષ્ઠતા સકારાત્મક ઊર્જા નો ભરપૂર માત્રામાં સંચાર થતો જોવા મળે. આકસ્મિક લાભ પણ પ્રાપ્ત થાય. કલાક્ષેત્રમાં, સંગીત ક્ષેત્રમાં ખૂબ પ્રગતિ કરનાર બની શકાય. આ સમય આપના માટે ઉત્તમ તકોનું નિર્માણ કરનાર બનશે. સંતાન બાબતે પણ પ્રશ્નો હલ થતા જોવા મળે. વેવિશાળ વિવાહ સંબંધિત કાર્યોમાં પણ સફળતા મળશે. પારિવારિક સુખ પણ વધુ મળતું જણાય. વ્યવસાય :- વ્યવસાય માં અતિ ધનલાભ ના યોગો પણ નિર્માણ થતું જોવા મળે. વ્યાપારમાં નવી ઊર્જા અને નવી દિશા સફળતાનું સર્જન કરનાર બનશે. વ્યાપાર દ્રષ્ટિએ આ સમય આપને ખૂબ જ ફાયદો આપનાર બનશે. ભાગીદારોથી પણ આપને ખૂબ લાભ પ્રાપ્ત થતો જોવા મળશે. વ્યાપારમાં વિચારેલી દશામાં આપ લાભ પ્રાપ્ત કરી શકશો. શ્રેષ્ઠ વ્યાપાર તથા નવું સાહસ કરવા માટે શ્રેષ્ઠ સમય કહી શકાય. આરોગ્ય :- આરોગ્ય બાબતે રક્ત સંબંધિત પીડાઓ વધવા સંભવે. પેટ સંબંધિત પીડા વધે.

**તુલા - (ર, ત) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ભરપૂર માત્રામાં આનંદ આપનાર બને. વિચારો માં નવિનતાનો સંચાર થાય. દામ્પત્ય જીવનમાં મધુરતા આવે. મૈત્રી તથા નાજુક સંબંધો સામીપ્યતા પ્રાપ્ત થાય. સંતતિ નું સુખ મળે. દરેક પ્રકારે સુખ ની અનુભૂતિ થાય. એકંદરે આ સપ્તાહ જીવનમાં નવા રંગો પૂરવાનુ કામ કરે. વ્યવસાય :- વ્યવસાય માં વૃદ્ધિ થતી જોવા મળે. ભૂમિ, લોખંડ તથા મોટરકાર સંબંધિત સુખ મળે. ધન પ્રાપ્તિ ના યોગ થાય છે. કરેલું કર્મ શુભ ફળ આપે. શેરબજારમાં પણ આર્થિક લાભ આપનારું બને. વિચારેલા કાર્યો કરવામાં વિલંબ કરવો નહીં. આર્થિક લાભ ના સુંદર યોગો નું નિર્માણ થાય છે. વિદેશ ની બાબતો માં સફળતા મળે. આરોગ્ય :- આરોગ્ય માટે આ સપ્તાહ ખૂબ સુંદર રહે. મન થી કોઈ ચિંતા ઓ ઉભી કરવી નહીં જેથી સ્વાસ્થ્ય સારું રહે. કોઈપણ પ્રકારની બિમારી થવાની સંભાવના નથી. શરીર થી બને તેટલો શ્રમ વધારે કરવો.

**વૃશ્ચિક - (ન, ય) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ કાર્યક્રમ પુષ્કળ પ્રમાણમાં પ્રાપ્ત થતી જોવા મળશે. દરેક કાર્યોમાં પૂર્ણ સંઘર્ષ પ્રાપ્ત થાય. સંઘર્ષના અંતે સુંદર પરિણામ આવતું આપ જોઈ શકશો. કોર્ટ કચેરી સંબંધિત કાર્યોથી દૂર રહેવું જરૂરી બને. પરિવાર બાબતે કલેશ વધવાની શક્યતા રહે. સંતાનના અભ્યાસ બાબતે અડચણ ઊભી થતી જોવા મળશે. પરિણામ નબળું આવવાની પણ સંભાવનાઓ રહેતી જોવા મળશે. વ્યવસાયઃ- વ્યવસાયમાં ખાણીપીણીના વ્યવસાયને વધુ વેગ પ્રાપ્ત થતો જોવા મળશે. સૌંદર્ય પ્રસાધનો વ્યવસાયને વધુ વેગ મળતો જોવા મળશે. વર્તમાન સમયમાં કરેલું નાણાંકીય રોકાણ આપને વ્યવસાયમાં ઉત્તમ ફળ આપનાર બની રહેશે. ધનોપાર્જન માટેના શ્રેષ્ઠ સમય નું નિર્માણ થતું જોવા મળે. ઈમ્પોર્ટ એક્સપોર્ટના વ્યવસાયને પણ વેગ પ્રાપ્ત થતો જોવા મળશે. શેર- માર્કેટ સંબંધિત કાર્યોમાં પણ આપને સિદ્ધિઓ પ્રાપ્ત થતી જોવા મળશે. આકસ્મિક ધન લાભ નિર્માણ થાય. આરોગ્યઃ- આરોગ્ય બાબતે અકસ્માત થી સાવધાની રાખવી જરૂરી બનશે. લોખંડથી ઘાત રહેવાની સંભાવનાઓ રહે. ઈલેક્ટ્રીક સીટી દૂર રહેવું જરૂરી બનશે. બીમારીઓ વધતી જોવા મળે.

**ધન - (ભ, ધ, ફ, ઢ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ માં ધન રાશિ માંથી ઊતરતો સૂર્ય જાતકો ના આત્મવિશ્વાસ માં ઉણપ ઉત્પન્ન કરે. સૂર્ય +શુક ની યુતિ તેજસ્વીતા આપનાર બને. કુટુંબ થી ફાયદો થાય. સુમેળ અને માંગલિક કાર્યો થવાના યોગો રહે. માતા, વાહન નું સુખ ભરપૂર માત્રામાં મળે. અકારણ ગુસ્સો આવે તેનાથી સંબંધો ન બગડે તેની કાળજી લેવી. કોઈપણ વ્યક્તિ ઉપર વધારે વિશ્વાસ કરવો નહી નુકસાન થાય. વ્યવસાય :- વ્યવસાય માં ફાયદો આપનારું બનશે. સૂર્ય કારક વ્યવસાય માં ફાયદો થતો જોવા મળે. મોજશોખ તથા સૌંદર્ય પ્રધાન વ્યવસાય માં વૃદ્ધિ થતી જોવા મળે. એકંદરે પ્રયત્ન થી પ્રગતિ તરફ આગળ વધી શકાય તેમ છે. આરોગ્ય :- આરોગ્ય બાબતે આ સપ્તાહ માં સૂર્ય શુક્ર મોજશોખ કરાવે તે માં કાળજી રાખવી. ભાંગવા, તુટવાના યોગ નું નિર્માણ થાય. લોખંડ થી સાવધાની રાખવી જરૂરી બને. એકંદરે શારીરિક પીડા ન રહે.

**મકર - (ખ, જ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ખૂબ મહત્વપૂર્ણ પસાર થવા સંભવે. સ્વભાવમાં જીદ્દીપણુ અને સ્વભાવની ઉગ્રતા આપને નુકસાન કરતા બની શકે છે. આપને દાંપત્ય જીવન બાબતે કલેશ વધતો જોવા મળશે. ભાગ્યનો આપને પૂર્ણ સહારો પ્રાપ્ત થાય. માતા ભૂમિ વાહન સંબંધિત સુખમાં ઉણપ ઊભી થતી જોવા મળે. આકસ્મિક ધનપ્રાપ્તિના યોગોનું નિર્માણ થાય. સંતાન સંબંધિત ચિંતા દૂર થતી જોવા મળશે. વ્યવસાયઃ- વ્યવસાયમાં સાવધાની ખૂબ જ જરૂરી બને. ભાગીદાર વર્ગથી સંભાળવાનું રહે. નાણાંકીય લેવડદેવડ કરવી નહીં. અન્યથા નુકસાન થઈ શકે છે. લોખંડ સંબંધિત વ્યવસાયને વધુ વેગ મળતો જોવા મળે. શેર માર્કેટ સંબંધિત વ્યવસાયમાં પણ તેજી આવતી જોવા મળશે. ધન પ્રાપ્તિના યોગોનું નિર્માણ થાય. ભાગ્યના આધારે આપ ધન પ્રાપ્ત કરનારા બની શકો. મિત્ર વર્તુળ થી ધન પ્રાપ્તિના યોગોનું નિર્માણ થતું જોવા મળશે. ધનોપાર્જન કરવા માટે શ્રેષ્ઠ સમય કહી શકાય. આરોગ્યઃ- આરોગ્ય બાબતે કફ પ્રકૃતિનો પ્રકોપ વધતો જોવા મળશે. પાણીજન્ય રોગો થવાની પૂર્ણ સંભાવનાઓ રહે. શરદી, તાવ જેવી બીમારીઓ પણ વધતી જોવા મળશે. એકંદરે આ સપ્તાહ દરમિયાન ખાણીપીણીમાં સાવધાની રાખવી.

**કુંભ - (ગ, શ, સ) :-** આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ ઉત્તમ પ્રકારે પસાર થવા સંભવે. ચિત્ત ખૂબ જ પ્રસન્ન અને આનંદદાયક રહેવાની સંભાવનાઓ રહે. વિચારેલા દરેક કાર્યો આપને સિદ્ધિ આપનારા બનશે. દામ્પત્ય જીવનમાં સુમધુરતા વધતી જોવા મળશે. અભ્યાસ સંબંધિત ક્ષેત્રે પણ સિદ્ધિઓ પ્રાપ્ત થતી જોવા મળે. વિશેષ સિદ્ધિઓના પણ યોગોનું નિર્માણ થાય. સંતાન સંબંધિત સુખ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત થતું જોવા મળશે. આધ્યાત્મિક ઉન્નતિના પણ થાય. પારિવારિક સુમેળો વધતો જોવા મળે. પરિવારથી ખૂબ જ લાભ પ્રાપ્ત થતો જોવા મળશે. વ્યવસાયઃ- વ્યવસાયમાં મધ્યમ પ્રકારે લાભ પ્રાપ્ત થાય. મહેનતનું પરિણામ આવતું જોવા મળશે. જુના અટવાયેલા દરેક કાર્યો પરિપૂર્ણ થતાં જોવા મળશે. વ્યાપારમાં વૃદ્ધિ માટે ઉત્તમ નવી તકોનું સર્જન થતું જોવા મળશે. આકસ્મિક વ્યાપાર વૃદ્ધિ માટે ધન પ્રાપ્તિના યોગોનું પણ નિર્માણ થાય. મહેનતનું પરિણામ ભોગવવાનો આ શ્રેષ્ઠ સમય કહી શકાય. નવું સાહસ આ સપ્તાહ દરમિયાન આવકાર્ય ગણી શકાય. ભાગ્યનો આપને પૂર્ણ સહારો પ્રાપ્ત થતો જોવા મળશે. આરોગ્ય :- આરોગ્ય બાબતે ચિંતાઓ વધતી જોવા મળશે. પિત્ત પ્રકૃતિનો પ્રકોપ પણ વધતો જોવા મળશે. શારીરિક અને માનસિક તંદુરસ્તી જોખમાય. પેટ સંબંધિત પીડાઓ અને આંખ સંબંધિત પીડાઓ પણ વધે.

**મીન - (દ, ચ, ઝ, થ) :-**આ રાશિ ના જાતકો માટે આ સપ્તાહ દરમિયાન ચિંતાઓથી મુક્તિ મળતી જોવા મળે. માનસિક ઉદ્વેગનું સમાધાન મળતું જોવા મળશે. પરિવારમાં માંગલિક કાર્યો નો ઉત્સાહ જળવાય રહેશે. દરેક કાર્ય નિર્વિઘ્ન પરિપૂર્ણ થતું જોવા મળે. ઉચ્ચ અભ્યાસ સંબંધિત બાબતે અડચણ ઊભી થતી જોવા મળશે. સ્વભાવની દ્રષ્ટિએ ઉગ્રતા અને જીદ્દીપણુ પણ આવવાની સંભાવનાઓ રહે. વિદેશ યાત્રાના કોઈપણ પ્રકારે યોગોનું નિર્માણ ન થતું જોવા મળે. સંતાન સંબંધી ચિંતાઓ પણ વધતી જોવા મળશે. વ્યવસાયઃ- વ્યવસાયમાં મોજ શોખ સંબંધિત વ્યવસાયને વધુ વેગ મળતો જોવા મળશે. જમીન સંબંધિત જુના અટવાયેલા કાર્યો પણ આ સમયે સિદ્ધ થતા જોવા મળશે. મહેનતના અંતે પરિણામ ઉત્તમ પ્રકારે પ્રાપ્ત કરનારા બની શકો. ધનોપાર્જન માટે શ્રેષ્ઠ સમય કહી શકાય. બુદ્ધિચાતુર્યથી કરેલો વ્યવસાય સફળતા આપનાર બનશે. લાગણી અને ભાવના આવેશમાં કોઈપણ પ્રકારનો નિર્ણય વ્યવસાય કરવો નહીં. નાણાંની લેવડદેવડ કરવામાં સાવધાની રાખવી જરૂરી બને. આરોગ્યઃ- આરોગ્ય બાબતે બીમારીઓ વધતી જોવા મળે. ચામડીના રોગોનું નિર્માણ થાય. મન સંબંધિત બિમારી વધે. ગુપ્તાંગ સંબંધિત પીડા પણ વધે.

**જયોતિષાચાર્ય શ્રી અભિષેકભાઈ પંડ્યા**
**" દ્વિજા એસ્ટ્રોલોજી"**
**dwija.astro@gmail.com**
**૯૯૭૮૨૬૧૬૨૬,૭૩૮૩૫૨૬૨૦૦,**

# અમેરિકામાં બરફનું તોફાન યથાવત, ટેક્સાસમાં ૩ લાખ લોકો વીજળીથી વંચિત



વોશિંગ્ટન,

અમેરિકાના ઘણા શહેરો છેલ્લા કેટલાક દિવસોથી ભારે હિમવર્ષાના કારણે વ્યસ્ત છે અને જનજીવન પણ ખૂબ પ્રભાવિત થયું છે. આ અઠવાડિયે દક્ષિણ યુએસના ભાગોમાં એક જીવલેણ હિમવર્ષા ત્રાટકી, જેના કારણે હવાઈ અને માર્ગ મુસાફરીમાં વિક્ષેપ પડ્યો અને ટેક્સાસમાં મોટા પાયે વીજ આઉટેજ થઈ. ટેક્સાસમાં લગભગ ૩ લાખ લોકો વીજળી વિના જીવવા મજબૂર છે.બરફના તોફાનના કારણે યુએસ એરલાઈન્સને ૨,૧૫૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવાની ફરજ પડી હતી, જેમાં ડલ્લાસ અને ઓસ્ટિનના એરપોર્ટ સૌથી વધુ પ્રભાવિત થયા હતા. ખરાબ હવામાનને કારણે ડઝનેક વાહનો સ્લીક રોડ પર અથડાયા હતા, જેમાં ઓછામાં ઓછા પાંચ લોકોના મોત થયા હતા.

# યુક્રેન સાથેના યુદ્ધ વચ્ચે રશિયાને સા.આફ્રિકા અને ચીને આપ્યો સાથ



નવી દિલ્હી,

રશિયા અને યુક્રેન યુદ્ધને ટૂંક સમયમાં એક વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે. ગયા વર્ષે ૨૪ ફેબ્રુઆરીથી શરૂ થયેલા આ યુદ્ધ બાદ આખું વિશ્વ બે જૂથોમાં વહેંચાયેલું જોવા મળ્યું હતું.આ યુદ્ધના કારણે અમેરિકા સહિત યુરોપિયન દેશોએ રશિયાને એક રીતે અલગ કરી દીધું હતું. પરંતુ હવે આ યુદ્ધની વર્ષગાંઠ પહેલા ચીન સિવાય રશિયાને પણ દક્ષિણ આફ્રિકાનું સમર્થન મળવા જઈ રહ્યું છે. દક્ષિણ આફ્રિકા અને ચીન હિંદ મહાસાગરમાં રશિયા સાથે સંયુક્ત સૈન્ય અભ્યાસ કરવા જઈ રહ્યા છે. આ સૈન્ય અભ્યાસ ૧૭ ફેબ્રુઆરીથી શરૂ થશે અને ૨૭ ફેબ્રુઆરી સુધી ચાલશે. આ સંયુક્ત કવાયતનો હેતુ એશિયન દેશો સાથે દક્ષિણ આફ્રિકાના સંબંધોને વધુ મજબૂત કરવાનો છે. દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રીય સંરક્ષણ દળનું કહેવું છે કે તેમની સેના વતી ૩૫૦ સભ્યો આ કવાયતમાં ભાગ લેશે. દક્ષિણ આફ્રિકા, ચીન અને રશિયાની નૌકાદળ દ્વારા આ સંયુક્ત સૈન્ય અભ્યાસને 'ઓપરેશન મોસી' નામ આપવામાં આવ્યું છે. આ કવાયત હિંદ મહાસાગરમાં ડરબન અને રિચર્ડ્સ ખાડી નજીક દક્ષિણ આફ્રિકાના પૂર્વ કિનારે થશે. યુક્રેન પર હુમલા બાદ વિશ્વના મોટાભાગના દેશોએ ખુલ્લેઆમ રશિયાનો વિરોધ કર્યો હતો અને યુક્રેનને સમર્થન આપ્યું હતું. પરંતુ ચીન અને ભારત સિવાય દક્ષિણ આફ્રિકા એવો દેશ હતો જેણે આ યુદ્ધ માટે રશિયાની નિંદા કરતા ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યો હતો. હકીકતમાં, ગયા વર્ષે સંયુક્ત રાષ્ટ્રમાં રશિયા વિરુદ્ધ એક પ્રસ્તાવ લાવવામાં આવ્યો હતો, જેમાં યુક્રેન પરના હુમલાની નિંદા કરવામાં આવી હતી. પરંતુ દક્ષિણ આફ્રિકાએ આ પ્રસ્તાવ પર મતદાન કરવાથી દૂર રહી હતી. દક્ષિણ આફ્રિકન સરકારે આ યુદ્ધ માટે રશિયાની નિંદા કરવાથી પોતાને દૂર રાખી હતી અને કહ્યું કે તે યુક્રેન પર તટસ્થ સ્થિતિ ધરાવે છે.

# અદાણી ગ્રુપ વિવાદ: કોંગ્રેસ દેશભરમાં વિરોધ પ્રદર્શનો કરશે

નવીદિલ્હી,

સંસદનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. બજેટ સત્રમાં અદાણી ગ્રુપને મુદ્દે વિપક્ષમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. બજેટ સત્રના ત્રીજા દિવસે વિપક્ષનો હંગામો જોવા મળી રહ્યો છે. વિપક્ષ અદાણી ગ્રુપ પર આવેલા હિંડનબર્ગ રિપોર્ટ બાદ તપાસની માગ કરી રહ્યો છે.

બીજી બાજુ, કોંગ્રેસે છઠ્ઠી ફેબ્રુઆરીએ બધા જિલ્લામાં એલઆઈસીની ઓફિસો અને એસબીઆઈની બ્રાન્ચો સામે દેશવ્યાપી વિરોધ પ્રદર્શનો કરશે.

કેન્દ્ર સરકાર પોતાના મિટોને ટેકો આપવા માટે સામાન્ય લોકોના નામાંનો ઉપયોગ કરી રહી છે. જેથી કોંગ્રેસે એલઆઈસીની ઓફિસો અને એસબીઆઈની શાખાઓ સામે દેશના જિલ્લાઓમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન કરવાનો નિર્ણય કર્યો છે, એમ કોંગ્રેસના મહા સચિવ કેસી વેણુગોપાલે કહ્યું હતું.

કોંગ્રેસના જણાવ્યાનુસાર એલઆઈસી અને એસબીઆઈ જેવી જાહેર ક્ષેત્રની બેક્રોનો અદાણી ગ્રુપના સંપર્કોથી મધ્યમ વર્ગની બચત પર મહત્ત્વની અસર પડે છે. વિપક્ષી નેતાઓ અપેક્ષા કરી રહ્યા છે કે સરકાર બેશરમ થશે અને તેમની માગોને નહીં માને. એટલે તેઓ સરકારને ઘેરવા માટે સંસદના મંચનો ઉપયોગ કરવાના પ્રયાસો કરશે. સંસદના સત્રમાં વિપક્ષના નેતાઓ સંસદમાં અદાણી ગ્રુપ વિશે ચર્ચા-વિચારણા કરવાની અને એક સંયુક્ત સમિતિ દ્વારા તપાસ કરવાની માગ કરી હતી.

તેમણે આ માટે લંચ પહેલાં લોકસભા અને રાજ્યસભામાં હંગામા દ્વારા કાર્યવાહી સ્થગિત કરવાની માગ કરી હતી.

# શુભમન ગિલે વિરાટનો રેકોર્ડ તોડ્યો



## સૌથી નાની વયે સદી ફટકારનાર ભારતીય બન્યો

મુંબઈ

ટીમ ઈન્ડિયાએ ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી સિરીઝની છેલ્લી અને નિર્ણાયક ત્રીજી ૨૦ મેચમાં ન્યૂઝીલેન્ડને ૧૬૮ રને હરાવી દીધું હતું. ટીમ ઈન્ડિયાએ ન્યૂઝીલેન્ડને ૬૬ રનમાં જ ઓલઆઉટ કરી દીધું હતું. ટીમ ઈન્ડિયાની આ જીતનો હીરો ૨૩ વર્ષીય શુભમન ગિલ હતો. વન-ડેમાં છેલ્લી ૪ મેચમાંથી ૩ મેચમાં સદી ફટકારનાર ગિલ પહેલી ૨ ટી ૨૦ મેચમાં ખાસ પ્રદર્શન કરી શક્યો નહિ, જોકે તેણે ત્રીજી ૨૦માં સદી ફટકારી હતી. તેણે ૧૨૬★ રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. ગિલ આ સાથે જ ભારત તરફથી ૨૦માં મેચમાં સૌથી વધુ રન બનાવનાર પ્લેયર બની ગયો છે. તેણે આ મામલે વિરાટ કોહલી (૧૨૨ રન)નો રેકોર્ડ તોડ્યો છે.

શુભમન ગિલ હવે ટી ૨૦ ફોર્મેટમાં ભારત તરફથી સૌથી યુવા વયે સદી ફટકારનાર પ્લેયર બની ગયો છે. તેણે આ મામલે સુરેશ રૈનાનો રેકોર્ડ તોડ્યો છે. ગિલે ૨૩ વર્ષ અને ૧૪૬ દિવસે સદી ફટકારી દીધી છે.

શુભમન ગિલે ગઈકાલે ૨૦ મેચમાં ૧૨૬★ રન બનાવતાંની સાથે જ ભારતીય બેટર્સનો ટી ૨૦માં ૧૩મો સદીવીર બની ગયો છે. આ લિસ્ટમાં રોહિત શર્મા સૌથી આગળ છે. તેણે કુલ ચાર સેન્ચુરી ફટકારી છે. ઓવરઓલ ટીમ ઈન્ડિયાની વાત કરીએ તો ગિલ ૧૪મો ભારતીય બેટર બની ગયો છે. વુમન્સ ક્રિકેટમાંથી હરમનપ્રિત કૌરે પણ સદી ફટકારી છે.

શુભમન ગિલ શાનદાર ફોર્મમાં છે, તેનો અંદાજો એ વાત પરથી આવી જાય છે કે તેણે છેલ્લા ૬ મહિનામાં ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારી દીધી છે. તે ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો ભારતનો પાંચમો અને દુનિયાનો ૨૧મો બેટર બની ગયો છે. ગિલની પહેલાં સુરેશ રૈના, રોહિત શર્મા, વિરાટ કોહલી, કેએલ રાહુલ આવું પરાક્રમ કરી ચૂક્યા છે.

શુભમન ગિલ ત્રણેય ફોર્મેટમાં સદી ફટકારનારો દુનિયાનો બીજો સૌથી યુવા વયનો પ્લેયર બની ગયો છે. પાકિસ્તાનનો મોહમ્મદ શહેઝાદે ૨૨ વર્ષ અને ૧૨૭ દિવસની ઉંમરે આ ઉપલબ્ધિ મેળવી હતી. ગિલે આ પરાક્રમ ૨૩ વર્ષ અને ૧૪૬ દિવસમાં કર્યું હતું.

# હાલ મારી દીકરી જ મારી પ્રાથમિકતા છે : આલિયા



મુંબઈ,

આલિયા ભટ્ટ માટે ૨૦૨૨ ઘણી બધી રીતે ખાસ રહ્યું, આ વર્ષે તેણે ન માત્ર ગંગુબાઈ કાઠિયાવાડી, RRR અને બ્રહ્માસ્ત્ર જેવી ત્રણ-ત્રણ હિટ ફિલ્મો આપી પરંતુ 'ડાર્લિંગ્સ'થી પ્રોડ્યૂસર તરીકે ડેબ્યૂ પણ કર્યું અને તેમા તેના પર્ફોર્મન્સને ખૂબ વાહવાહી પણ મળી હતી. આ સિવાય એપ્રિલ ૨૦૨૨માં પાંચ વર્ષના રિલેશનશિપ બાદ રણબીર કપૂર સાથે લગ્ન કર્યા તેમજ નવેમ્બરમાં દીકરી રાહાની મમ્મી પણ બની ગઈ. આલિયા ભટ્ટ, જે હાલ મેટરનિટી બ્રેકને એન્જોય કરી રહી છે તેણે મંગળવારે એક્ટર-ફ્રેન્ડ વરુણ ધવન સાથે એક ઈવેન્ટમાં હાજરી આપી હતી. જ્યાં તેણે તેના માટે દીકરી પ્રથમ પ્રાથમિકતા બની ગઈ હોવાનું કહ્યું હતું. મોટાભાગની એક્ટ્રેસ મમ્મી બન્યા બાદ પ્રોફેશનલ કરતાં પર્સનલ લાઈફ પર વધારે ધ્યાન આપે છે. ત્યારે શું આલિયા ભટ્ટ પણ તેમ કરશે તેવો સવાલ કરવામાં આવ્યો હતો. તે કંઈ જવાબ આપે તે પહેલા જ વરુણ ધવને કહ્યું હતું કે 'તે આ વાત સાથે સહેજ પણ સહેમત નથી'. તો એક્ટ્રેસે કહ્યું હતું 'હું દરેક દિવસે કામ કરવામાં માનું છું. પરંતુ હાલ મારી પ્રાથમિકતા બદલાઈ ગઈ છે. મારા જીવનની પ્રથમ પ્રાથમિકતા મારી દીકરી છે, જેને હું ખૂબ જ પ્રેમ કરું છું. મારો પહેલો પ્રેમ ફિલ્મ અને સિનેમા તેમજ કામ છે. હું શ્રેષ્ઠ પ્રયાસ કરીશ અને તે ક્વોન્ટિટી ઉપર ક્વોલિટી પણ હોઈ શકે છે. જે ખરાબ વાત નથી. આલિયા ભટ્ટ વરુણ ધવન સાથે એક એવોર્ડ શોમાં સ્ટેજ પર્ફોર્મન્સ આપવાની છે, આ માટે તેણે ખુશી વ્યક્ત કરી હતી. તેણે જણાવ્યું હતું કે, તે ઢોલિડા, કેસરિયા અને નાચો નાચો પર ડાન્સ કરવાની છે.

# પ્રભાસની ફિલ્મ 'પ્રોજેક્ટ કે' બે ભાગમા થશે રિલીઝ, દીપિકા અને અમિતાભ જોવા મળશે

મુંબઈ,

પ્રભાસની ફિલ્મ બાહુબલી બે ભાગમાં રિલીઝ થઈ હતી અને ફિલ્મે બોક્સ ઓફિસ પર રેકોર્ડ બ્રેક બિઝનેસ કર્યો હતો. હવે તે ટૂંક સમયમાં નાગ અશ્વિનની ફિલ્મ પ્રોજેક્ટ કેમાં જોવા મળશે. આ ફિલ્મમાં પ્રભાસ સિવાય દીપિકા પાદુકોણ અને અમિતાભ બચ્ચન પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આ ફિલ્મ ૨૦૨૪માં રિલીઝ થવા જઈ રહી છે. પ્રોજેક્ટ કેના પહેલા ભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે. હવે આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ થવા જઈ રહી છે.

આ ફિલ્મમાં અમિતાભ બચ્ચનની ભૂમિકા મહાભારતના અશ્વત્થામાથી પ્રેરિત છે. તે જ સમયે, પ્રભાસ સુપરહીરોના રોલમાં જોવા મળશે. ફિલ્મ પ્રોજેક્ટ દ્ધમાં ભવિષ્યની દુનિયા બતાવવામાં આવી છે. અગાઉ ન જોયા હોય તેવા વિઝ્યુઅલ્સ બતાવવામાં આવશે. ફિલ્મ કે ત્રીજા વિશ્વ યુદ્ધની સંભાવના પર આધારિત છે. હવે એવા સમાચાર આવી રહ્યાં છે કે આ ફિલ્મ બે ભાગમાં રિલીઝ કરવામાં આવશે.

ફિલ્મ પ્રોજેક્ટ કે એપ્રિલ ૨૦૨૪ માં રિલીઝ કરવાની યોજના ચાલી રહી છે, અને દિગ્દર્શક નાગ અશ્વિનની ટીમ ટૂંક સમયમાં રિલીઝ તારીખની સત્તાવાર જાહેરાત કરે તેવી સંભાવના છે. દીપિકા પાદુકોણના પાત્ર વિશેની તમામ વિગતો બહાર પાડેલ નથી, પરંતુ નિર્માતાઓનું કહેવું છે કે તે ફિલ્મનું સરપ્રાઈઝ પેકેજ છે.

# ફૂટબોલમાંથી લિયોનેલ મેસ્સીની નિવૃત્તિનાં સંકેત



બ્યૂનોસ એરિસ,

ફૂટબોલ જગતના સૌથી મહાન ખેલાડી તરીકે નામના પ્રાપ્ત કરેલ અને તાજેતરમાં જ ફૂટબોલ ફીફા વર્લ્ડકપ જીતવાનું સપનું સાકાર કર્યા બાદ 'ધ ગોટ' લિયોનેલ મેસ્સીએ નિવૃતિના સંકેત આપ્યા છે. જોકે તેમણે અગાઉ જ જાહેર કરી દીધુ હતું કે, કતારમાં યોજાનાર વર્લ્ડ કપ મારી કારકીર્દીનો અંતિમ વર્લ્ડ કપ હશે.

મેસ્સી જણાવ્યું કે, તેમણે પોતાના જીવનમાં બધુ જ મેળવ્યુ છે. મારી મહત્વાકાંક્ષા અનુરૂપ મેં સમસ્ત મેળવી લીધુ છે તેથી હવે વધુ કોઈ ચાહના રહી નથી. જોકે, તેમના તરફથી આધિકારીક રીતે ખુલીને કઈ કહેવામાં નથી આવ્યુ પરંતુ લાગી રહ્યું છે કે તેઓ ટૂંક સમયમાં નિવૃતિનું એલાન કરી શકે છે. મેસ્સીની કેપ્ટનસી હેઠળ આર્જેન્ટિનાએ ગયા વર્ષે કતારમાં રમાયેલા વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો હતો.

આર્જેન્ટિનાના કેપ્ટને કહ્યું કે, હું સમાપ્તીના સમય તરફ આગળ વધી રહ્યો છું. મારી કારકિર્દીનો સુખદ અંત નજીક જણાય છે. નેશનલ ટીમ સાથે મેં જે પણ સપનું જોયું હતું તે બધું મેં પૂરું કર્યું છે. મેં મારી કારકિર્દીમાં બધું જ હાંસલ કર્યું છે. અંગત રીતે મારે મારી કારકિર્દીનો અંત અલગ રીતે લાવવો હતો અને તે સપનું સાકાર થયું છે.

મેસ્સીએ વધુમાં કહ્યું કે, જ્યારે મેં રમવાનું શરૂ કર્યું ત્યારે મેં વિચાર્યું ન હતું કે, મારા જીવનમાં મને આટલુ બધું પ્રાપ્ત થશે. અહીં સુધી આવવું એક શ્રેષ્ઠ સફર રહી છે. હવે હું કંઈપણ માંગી ન શકુ અને મને કોઈ ફરિયાદ પણ નથી. અમે ૨૦૨૧માં કોપા અમેરિકા જીત્યા અને બાદમાં વર્લ્ડ કપનો ખિતાબ પોતાના નામે કર્યો છે. હવે હાંસલ કરવા માટે કંઈ બાકી નથી રહ્યું.કતાર વર્લ્ડ કપ જીત્યા બાદ મેસ્સીએ કહ્યું હતું કે, તે આગામી વર્લ્ડ કપમાં રમવા માટે નહીં આવે. જોકે આર્જેન્ટિનાના કોચે વર્લ્ડ કપ જીત્યા બાદ કહ્યું હતું.

# સ્વચ્છ ભવિષ્ય તરફ

## ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા રિન્યુએબલ એનર્જી ક્ષમતા ધરાવતા દેશ તરીકે ઉભરી આવ્યો છે

વિશેષ

ભારતે આંતરરાષ્ટ્રીય સહકાર માટે પ્રીમિયર આંતર સરકારી મંચ એટલે કે G20નું પ્રમુખપદ ૨૦૨૨ની પહેલી ડિસેમ્બરે ગ્રહણ કર્યું. ખાસ કરીને જ્યારે વિશ્વ ધીમે ધીમે કોવિડ પછી સામાન્ય સ્થિતિમાં પરત ફરી રહ્યું છે વિશ્વ તેમાંના કેટલાક સૌથી અઘરા મુદ્દાઓના તાકીદે જવાબો શોધી રહ્યું છે.

ભારતીય પ્રેસિડેન્સી તમામ માટે ટકાઉ ભાવિ બનાવવા માટે વૈશ્વિક સહયોગના નવા ક્ષેત્રોમાં પ્રવેશ કરતી વખતે અગાઉની પ્રેસિડેન્સીઓના પ્રયાસો અને પરિણામો પર નિર્માણ કરવાનો લક્ષ્ય ધરાવે છે. ભારતની પ્રેસિડેન્સીની થીમ - 'એક પૃથ્વી, એક પરિવાર, એક ભવિષ્ય' અથવા 'વસુધૈવ કુટુમ્બકમ' સૂચવે છે કે, અમે અમારી 'એક પૃથ્વી'ને સ્વસ્થ કરવા, અમારા 'એક પરિવાર'માં સંવાદિતા બનાવવા અને અમારા 'એક ભવિષ્ય' માટે આશાનું સીંચન કરવા માટે પ્રતિબદ્ધ છીએ.

ભારત આજે પણ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા પૈકીનું એક છે. તે વિશ્વની લગભગ ૧૭% વસ્તીને સમર્થન આપે છે તે હકીકત હોવા છતાં, અમે વૃદ્ધિનું સંચાલન કરવામાં અને આબોહવા પરિવર્તનને ઘટાડવામાં નોંધપાત્ર રીતે સારું કાર્ય કર્યું છે. ભારતનું માથાદીઠ ૨.૪૬ $tCO_2e$ ઉત્સર્જન (૨૦૧૯માં) વૈશ્વિક સરેરાશ ૪.૭૯ $tCO_2e$ કરતાં માત્ર અડધું છે. ૨૦૨૨ ક્લાઈમેટ ચેન્જ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ (CCPI) માં, અમને ટોચના પાંચ પ્રદર્શન કરનારા દેશોમાં સ્થાન આપવામાં આવ્યું છે.

નીચા કાર્બન અર્થતંત્રમાં સંક્રમણમાં પણ ભારત વિશ્વમાં અગ્રેસર છે. અમે ૨૦૩૦ના લક્ષિત વર્ષ કરતાં ઘણી આગળ તેની રાષ્ટ્રીય રીતે નિર્ધારિત પ્રતિબદ્ધતાઓ (NDC) માં કરવામાં આવેલી બિન-અશ્મિભૂત ઈંધણ ક્ષમતા વધારા અંગેની અમારી પ્રતિબદ્ધતા પ્રાપ્ત કરી લીધી છે અને ત્યારથી તેના લક્ષ્યોને અપડેટ કર્યા છે. અપડેટેડ NDC મુજબ, ભારત હવે ૨૦૦૫ના સ્તરથી ૨૦૩૦ સુધીમાં તેના GDPમાં ઉત્સર્જનની તીવ્રતા ૪૫ ટકા ઘટાડવા અને ૨૦૩૦ સુધીમાં બિન-અશ્મિભૂત ઈંધણ-આધારિત ઊર્જા સંસાધનોમાંથી લગભગ ૫૦ ટકા સંચિત ઈલેક્ટ્રિક પાવર ઈન્સ્ટોલ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે પ્રતિબદ્ધ છે.

ભારતનું ઊર્જા મિશ્રણ તદ્દન વૈવિધ્યસભર છે. નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ ભારતમાં ૨૦૨૬ સુધીમાં નવી ક્ષમતાના વધારા સાથે ઝડપી દરે વધી રહ્યો છે. ભારતના ઊર્જા મિશ્રણમાં સૌર અને પવનનો હિસ્સો અસાધારણ રીતે વધ્યો છે. દેશ આધુનિક બાયો એનર્જીના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકો પૈકીનું એક પણ છે. ગ્રીન હાઈડ્રોજન અર્થતંત્રને ડીકાર્બોનાઈઝ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે અને દેશ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક હબ બનવાનો લક્ષ્યાંક ધરાવે છે.

ભારત વિશ્વમાં સૌથી ઝડપથી વિકસતા રિન્યુએબલ એનર્જી (RE) ક્ષમતા ધરાવતા દેશ તરીકે ઉભરી આવ્યો છે. તેનાથી તે પુનઃપ્રાપ્ય ઊર્જા માટે સૌથી આકર્ષક રોકાણ સ્થળ પણ બન્યું છે. આ પ્રયાસો ભારતને તેની પોતાની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરી રહ્યા છે જ્યારે વિશ્વભરમાં $CO_2$ ઉત્સર્જન ઘટાડવાના વૈશ્વિક પ્રયાસોમાં પણ યોગદાન આપી રહ્યા છે.

૧.૪ બિલિયનથી વધુ લોકો સાથે વિશાળ વિકાસશીલ અર્થતંત્ર તરીકે, ભારતની આબોહવા અનુકૂલન અને શમન મહત્વકાંક્ષાઓ માત્ર ભારત માટે જ નહીં પરંતુ સમગ્ર ગ્રહ માટે પરિવર્તનશીલ છે. નવીનીકરણીય ઊર્જા તરફ સંક્રમણમાં ભારતની પ્રભાવશાળી પ્રગતિ દર્શાવે છે કે દેશો તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે તેમના સંસાધનોનો ઉપયોગ કરવા વિશે સ્માર્ટ પસંદગીઓ કરીને સફળ થઈ શકે છે. ભારતનું G20 પ્રેસિડેન્સી બધા માટે ટકાઉ ભાવિ બનાવવા માટે સદસ્ય દેશો વચ્ચે વિશ્વાસની ભાવના શેર કરશે, સહયોગ કરશે અને તેનું નિર્માણ કરશે.

- આર. કે. સિંહ (વિજળી અને એમએનઆરઈ મંત્રાલયના મંત્રી)



# પાલિતાણામાં ખેતીની જમીન પચાવી પાડવા પરિવાર ઉપર હુમલો

## હુમલાની ઘટનામાં મહિલા સહિત આઠ વ્યક્તિને નાનીમોટી ઈજા : પોલીસે આરોપીઓને ઝડપી લેવા તજવીજ હાથ ધરી



તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૪

પાલિતાણાના તળેટી વિસ્તારમાં આવેલ ચેન્નઈ ધર્મશાળાની સામેના ભાગની સર્વે નં.૩૩૪/૧ પૈકી ૨/૧/૧ અને ૩૩૧ પૈકી ૧માં સોની પરિવારની આશરે નવ વીઘા જેટલી ખેતીની સંયુક્ત જમીન આવેલી હોય,આ જમીન પર કેટલાક માથાભારે તત્ત્વો કબજો કરી લેવા માંગતા હોય, સોની પરિવાર છેલ્લા કેટલાક દિવસથી રખેવાળી માટે ખેતીની જમીનમાં જ રહેતો હતો.ગુરૂવારે રાત્રિના સમયે જીજ્ઞોશભાઈ જયસુખભાઈ સતીકુવર,તેમના પિતા જયસુખભાઈ,કાકા નરેન્દ્રભાઈ અને સૂર્યકાંતભાઈ, ફઈબા દક્ષાબેન,ભાઈ ભાવિકભાઈ અને હાર્દિકભાઈ સહિતના પરિવારજનો ખેતીની જમીન સ્થળે હાજર હતા તે દરમિયાન કાળુ બાથાભાઈ મેર, કાળુનો દિકરો માનવ મેર, અભી મેર, મેહુલ ઉર્ફે ખબરી, મેહુલ મેર, લાલો ઉર્ફે દાઢી ભરવાડ અને અન્ય અજાણ્યા શખ્સોએ લાકડી, છરી જગેરે હથિયારો લઈ જમીનમાં અપપ્રવેશ કરી પરિવારને ગાળો દઈ પ્રથમ છુટા પથ્થરના ઘા કરી બાદમાં લાકડીઓ અને છરી વડે આડેધડ મારામારી-હુમલો કર્યા બાદ મારી નાંખવા ધમકી આપી મોબાઈલ ઝૂંટવી શખ્સો નાસી ગયા હતા.

મારામારીની આ ઘટનામાં ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે પ્રથમ પાલિતાણા અને ત્યારબાદ ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જમીનના મામલે પરિવાર પર થયેલા હુમલાની જાણ થતાં પાલિતાણા ટાઉન પોલીસનો કાફલો દોડી ગયો હતો.

આ બનાવ અંગે જીજ્ઞોશ સતીકુવરે કાળુ મેર, માનવ મેર તેમજ અભી મેર, મેહુલ ઉર્ફે ખબરી, મેહુલ મેર, લાલો ઉર્ફે દાઢી અને અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પાલીતાણા પોલીસે પોલીસે આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૩૩૭, ૪૪૭, ૩૫૨, ૫૦૪, ૫૦૬ (૨) અને જીપી એક્ટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ચાંદી કી સાયકલ, સોને કી સીટ... ગીત ગાનાર પ્લેબેક સિંગર જોલી મુકર્જી આજે ભાવનગરમાં

## આજે સાંજે મેઘાણી ઓડિટોરિયમમાં શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે આ પ્લેબેક સિંગર



ભાવનગર,તા.૪

પ્લેબેક સિંગર જોલી મુખર્જી કે જેમણે સુપરહિટ ફિલ્મ ચાંદની, દયાવાન જેવી અનેક ફિલ્મોમાં પોતાનો કંઠ આપ્યો છે અને તેની સ્ટેજ પરની પ્રસ્તુતિ પણ દર્શકોને મંત્રામુક્ત કરી દેતી હોય છે તેમનો કાર્યક્રમ 'ઓ મેરી ચાંદની' શીર્ષક હેઠળ ચોથી ફેબ્રુઆરી શનિવારે એટલે કે આજે રાત્રે ભાવનગરમાં યોજાઇ રહ્યો છે. હિટ ફિલ્મ ચાંદનીનું ટાઈટલ સોંગ, દયાવાન ફિલ્મમાં 'ચાહે મેરી જાન તુ લે લે' તથા જેકી શ્રોફના પ્લેબેક સિંગર તરીકે અનેક ગીતો આપનાર જોલી મુકરજી ઉપરાંત અન્ય સુખ્યાત્ કલાકારો શનિવારની રાતને યાદગાર બનાવશે તેમ આયોજક ભુપત સાટીયાએ જણાવ્યું હતું. જોલી મુકર્જીએ જણાવ્યું હતું કે, ભાવનગર હું પહેલીવાર આવી રહ્યો છું અને આ કલાનગરી વિશે ખૂબ સાંભળ્યું છે ત્યારે હું પણ મારું શ્રેષ્ઠ આપવા તત્પર છું.

# ભાવનગરમાં અંડર-૧૪ હાઈટ હંટ સીલેકશનનું તા.૮ ફેબ્રુઆરીના આયોજન

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા સંચાલિત જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ યોજના અંતર્ગત હાઇટના આધારે અંડર-૧૪ વય જૂથના ખેલાડીઓ એટલે કે તા.૧/૧/૨૦૧૦ પછી જન્મેલા ભાઈઓ અને બહેનો માટે હાઇટ હંટ તા.૮ ફેબ્રુઆરીના રોજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, સિદસર રોડ, ભાવનગર ખાતે સવારે ૮ વાગ્યે રાખવામાં આવેલ છે. જેમાં ભાઈઓની ઉંમર અનુક્રમે ૧૧, ૧૨, ૧૩, ૧૪ ઊંચાઈ અનુક્રમે ૧૬૦, ૧૬૮, ૧૭૩, ૧૭૯ તેમજ બહેનોની ઉંમર અનુક્રમે ૧૧, ૧૨, ૧૩, ૧૪ ઊંચાઈ અનુકમે ૧૫૫, ૧૬૩, ૧૬૬, ૧૭૧ હોવી આવશ્યક છે આ અંગે વધુ માહિતી માટે વોલીબોલ ટ્રેનર નયનગીરી મો. નંબર-૭૮૭૮૮૯૨૭૨૭નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# માલણકા ખોડિયાર માંના મંદિરે પુનમનો પાટોત્સવ ઉજવાશે



ભાવનગર, તા.૪

ભાવનગર જિલ્લાના માલણકા ગામ ખાતે આવેલ દવે, પટેલ, ભાયાણી, ભટ્ટ (સિહોર) તથા શાહ (જસપરા) પરિવારના કુળદેવી માલણકા ખોડિયાર માંના મંદિરે મહા સુદ પૂનમનો પાટોત્સવ તા.૫નો રવિવારે થશે. મહા મહિનાની નવરાત્રિ માતાજીના મંદિરે ધામધુમથી ઉજવવામાં આવે છે. મહા મહિનાની નવરાત્રિ દરમિયાન દરરોજ ચંડીપાઠ માતાજીને પારે કરવામાં આવે છે અને પુનમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવે છે. આ ઉત્સવમાં ગુજરાતભરમાંથી તેમજ ગુજરાત બહારથી ઘણા ભક્તો દર્શનાર્થે આવે છે. પ્રણાલિકા પ્રમાણે હોમાત્મક નવચંડી યજ્ઞનો પ્રારંભ રોનકભાઈ ઓઝાના આચાર્યપદે સવારે ૭.૩૦ કલાકે થશે. શ્રીફળ હોમવાનો સમય બપોરના ૧૨ કલાકનો છે ત્યારબાદ મહાપ્રસાદનો કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે સૌ સેવકોને દર્શનનો લાભ લેવા સમગ્ર ટ્રસ્ટીગણ તરફથી અનુરોધ કરાયો છે.

# સિહોરની કોયા ભગત મોંઘીબા જગ્યાને મોરારિબાપુના હસ્તે પૂજ્ય ધ્યાનસ્વામી બાપા સન્માન વંદના અર્પણ



ભાવનગર, તા.૪

સેંજળ ખાતે સિહોરની કોયા ભગત મોંઘીબા જગ્યાને પૂજ્ય ધ્યાનસ્વામી બાપા સન્માન વંદના અર્પણ કરતા મોરારિબાપુએ આપની દેહાણ્ય જગ્યાની અવિરત સેવા પ્રવૃત્તિ સંદર્ભે ઉદબોધન કરતા કહ્યું કે, દેહાણ્ય જગ્યાના કેન્દ્રમાં છે, ભજન, ભરોસો, ભાગવત લક્ષણ અને ભીની આંખો. મોરારિબાપુના હસ્તે ધ્યાનસ્વામી બાપા સન્માન વંદના સિહોરની સુપ્રસિદ્ધ સેવા સંસ્થા કોયા ભગત મોંઘીબા જગ્યાને મહંત જીણારામજી મહારાજને અર્પણ કરાયેલ જેમાં અન્ય સંતો મહંતો સાથે રહ્યા હતા.

મોરારિબાપુએ આપણી દેહાણ્ય જગ્યાની અવિરત સેવા પ્રવૃત્તિ આજ સુધી ચાલતી રહી છે, જે સંદર્ભે ઉદબોધન કરતા કહ્યું કે, દેહાણ્ય જગ્યાના કેન્દ્રમાં ભજન સાથે ભરોસો અને ભાગવતના બતાવેલા લક્ષણો તેમજ ભીની આંખો રહેલ છે. આ સાથે વિનોબાજી દ્વારા ભાગવતના ધર્મ લક્ષણોનો ઉલ્લેખ કરાયો. તેઓએ તુલસીદાસજી દ્વારા દર્શાવાયેલ સાધુ, સુધા, સુરતરુ...વગેરે સાત ગુણોનો ઉલ્લેખ કરી સાધુનું મહાત્મ્ય જણાવ્યું હતું. આ સાથે મોરારિબાપુએ અન્ય ચમત્કારોની અંધશ્રદ્ધા સામે નારાજગી બતાવીને આ ચેતન સમાધિ સ્થાનનું બીજ આજે વડલા રૂપે પ્રગટયાનો ભારોભાર રાજીપો જણાવ્યો.

આ સન્માન કાર્યક્રમમાં કમીઝળાના જાનકીદાસબાપુ, પાળીયાદના નિર્મળાબા મહારાજ તથા ચલાળાના વલકુબાપુએ મોરારિબાપુ દ્વારા થઈ રહેલ વંદના ઉપક્રમ પ્રત્યે ભાવ લાગણી દર્શાવી અને આપણી આવા જગ્યાની પરંપરા તથા સમાજમાં રહેલા સ્થાનનો ઉલ્લેખ કર્યો. આ પ્રસંગે વીરપુરના રઘુરામબાપુ અને દુધરેજના કણીરામજીબાપુની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અહી હરિયાણી અખેગઢ મંડળના મહંત તરીકે અંશુમાન હરિયાણીને તિલક ચાદર વિધિ સંતો મહંતોની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ. સેંજળ ધામ ખાતેના આ વંદના પ્રસંગમાં જુદી જુદી જગ્યા અને આશ્રમના સંતો, મહંતો તથા અગ્રણીઓ જોડાયા હતા.

# પાલિતાણામાં ફેરિયાઓએ ઓળખકાર્ડ રિન્યૂ કરાવવા અપીલ

પાલીતાણા નગરપાલિકા વિસ્તારમાં ફેરીની પ્રવૃતિ કરતા ફેરીયાઓને જણાવવાનું કે ગુજરાત રાજ્ય શેરી ફેરીયા (આજીવિકા રક્ષણ અને ફેરીની પ્રવૃત્તિનું નિયમન) નિયમો – ૨૦૧૮ અન્વયે પાલીતાણા નગરપાલિકા વિસ્તારમાં કુલ ૬૬૯ (છસ્સો ઓગણસિતેર) ફેરીયાની નોંધણી થયેલ છે. આ તમામ ફેરીયાઓને ઓળખકાર્ડ આપવામાં આવેલ છે તેની સમયમર્યાદા પુર્ણ થઇ ગયેલ છે તો સરકારશ્રીના નિયમોનુસારની ફી ભરી નવુ ઓળખકાર્ડ આ પ્રસિધ્ધ તારીખથી દિન ૩૦ માં નગરપાલીકા પાલીતાણા ખાતેથી કઢાવી લેવાનું રહેશે.

# સોનીની હવેલીના પાટોત્સવના મુખ્ય મનોરથી પરિવારનો સન્માન સમારોહ

શ્રીમાળી સોની જ્ઞાતિ ટ્રસ્ટના ઉપક્રમે તાજેતરમાં યોજાયેલ સોનીની હવેલી- મંદિરના પાટોત્સવનો આદેશ સ્વ.જયાબેન જસુભાઇ વાવડીયાના સ્મરણાર્થે જે.કે. સન્સ પરિવારના રોહિતભાઇ અને પંકજભાઇ (રાજકોટ-અમદાવાદ)એ લીધો હતો.

શ્રીમાળી સોની જ્ઞાતિ ટ્રસ્ટના ઉપક્રમે હવેલી-મંદિરના મુખ્ય મનોરથી પરિવારના સભ્યોનો સન્માન સમારોહ આગામી તા.૫ને રવિવારે સાંજે ૭ કલાકે ભાવનગર શહેરના ડોક્ટર હોલમાં યોજાશે. આ સમારોહના પ્રારંભે ગત કોરોનાકાળમાં સદગતિ પામેલા સોની સમાજના ભાઇઓ તથા બહેનોને શ્રધ્ધાંજલિ અર્પવા માટે આ સાથે સાંજે ૫ કલાકે આનંદના ગરબાના સંગીતમય સંકિર્તન, પાઠ રાખેલ છે. ત્યારબાદ સાંજે ૭.૩૦ કલાકે સમસ્ત શ્રીમાળી સોની જ્ઞાતિજનોનું સમુહ મહાપ્રસાદ રાખેલ છે. શ્રીમાળી સોની જ્ઞાતિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ નરેન્દ્રભાઇ ધોળકીયા (લાઠીદડવાળા) અને નવલભાઇ ચાંપાનેરી (ગઢડાવાળા)ના માર્ગદર્શન તળે આયોજીત આ સમારોહને સફળ બનાવવા કમિટિ મેમ્બર્સ અને સ્વયંસેવકો જહેમત ઉઠાવી રહ્યા છે.

# અમરેલી જિલ્લામાં "તાઉતે" વાવાઝોડા દરમિયાન PGVCLનાં કથિત મહાકાય આર્થિક કૌભાંડની તપાસની માંગ

## અન્ય જિલ્લામાંથી આવેલ કર્મચારીઓ અને અધિકારીઓની સુવિધા માટે રૂપિયા સાડાચાર કરોડનો ખર્ચ થયો ? મુખ્યમંત્રી કાર્યાલય અને ઉર્જા સચિવને રજૂઆત થયા બાદ હજુ સુધી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી : આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ તકેદારી આયોગમાં ફરિયાદ કરી

અમરેલી,

અમરેલી જિલ્લામાં પોણા બે વર્ષ પહેલા ત્રાટકેલ "તાઉતે" વાવાઝોડા બાદ પીજીવીસીએલનાં અધિકારીઓ અને કર્મચારીઓનું આગમન થયું હતું. તેમની સુવિધા પાછળ જનતા જનાર્દનનાં પરસેવાનાં રૂપિયા સાડા ચાર કરોડનાં થયેલ ખર્ચમાં વ્યાપક પ્રમાણમાં ગેરરીતિની ફરિયાદ ઉભી થતાં આરટીઆઈ એકટીવીસ્ટ નાથાલાલ સુખડીયાએ તકેદારી આયોગનાં કમિશનરને પત્ર પાઠવીને તપાસની માંગ કરેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લામાં તૌકતે વાવાઝોડાનાં કારણે પીજીવીસીએલ કચેરી વર્તુળ-૧, વર્તુળ-૨ અને વર્તુળ-૩ નાં જિલ્લાનાં તમામ તાલુકામાં (૧) અમરેલી તાલુકામાં ૨૦૫૧.૯૭ લાખ, (૨) લાઠી તાલુકામાં ૧૧૪૨.૦૯ લાખ, (૩) લીલીયા તાલુકામાં ૭૬૬.૯૮ લાખ, (૪) બાબરા તાલુકામાં ૧૦૮૬.૩૧ લાખ, (૫)કુંકાવાવ-વડીયા તાલુકામાં ૧૭૬૦.૧૬ લાખ, (૬) ધારી તાલુકામાં ૮૭૨૫.૮૦ લાખ, (૭) બગસરા તાલુકામાં ૨૦૫૧.૨૪ લાખ, (૮) સાવરકુંડલા તાલુકામાં ૧૦૨૦૦.૯૩ લાખ, (૯) ખાંભા તાલુકામાં ૬૬૯૫.૩૧ લાખ, (૧૦) રાજુલા તાલુકામાં ૧૦૧૨૧.૪૦ લાખ, (૧૧) જાફરાબાદ તાલુકામાં ૬૬૮૬.૭૮ લાખ. આમ કુલ ફીડર-૬૦૫ નાં નુકસાની પામેલ એચ.ટી. પોલ ૧૩૮૬૫૨ એલ.ટી.ના ૨૮,૯૯૮ પોલ ટ્રાન્સફોર્મર નુકસાનગ્રસ્ત ૨૪૦૯૭, સીંગલ ફેઈઝ સર્વિસ નુકસાન ૨૩૭૫૦ અને થ્રીફેઈઝ ૧૨૪૫૦નાં થયેલ કુલ નુકસાનના ખર્ચ રૂા. ૫૧૨૮૮.૯૬ લાખ એટલે કે ૫૧૨ કરોડથી વધુ ખર્ચ થયેલ છે. તેમજ અન્ય જિલ્લામાંથી આવેલ અધિકારી અને કર્મચારીને રહેવા, જમવાનો ખર્ચ વર્તુ કચેરી-૧નો રૂા. ૧,૫૫,૭૩,૯૮૭ અને વર્તુળ કચેરી-૨નો રૂા. ૫૫,૬૧,૮૪૭ તેમજ સાવરકુંડલાનો બે કરોડ પચાસ લાખથી વધુનો ખર્ચ. આમ સાડા ચાર કરોડથી વધુના ખર્ચના જમવા અને રહેવાના જેમાં ટીએડીએનો સમાવેશ થતો નથી. તો સરકારી નાણાનો વગર ટેન્ડર, જીએસટી નંબર વગરના હોટલનાં બીલો, જમવાના બીલો રજુ કરી આ કચેરીઓ ધ્વારા આવડી મોટી રકમનો કોઈપણ નીતિ-નિયમનું પાલન કર્યા વગર ખર્ચ કરવામાં આવેલ છે. જે બાબતની અધિક મુખ્ય સચિવ ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગાંધીનગરને તા. ૧૮/૧૧/૨૧નાં રોજ રજૂઆતો કરેલ. જે બાબતે હાલસુધી આ બાબતે કોઈ જ તપાસ કરવામાં આવેલ નથી તેમજ તા. ૨૦/૯/૨૧નાં મુખ્યમંત્રીનાં કાર્યાલયને પણ આ અંગે રજૂઆતો કરેલી હતી. તેમ છતાં આજદિન સુધી કોઈપણ પ્રકારની તપાસ કરવામાં આવેલી નથી. તો ગુજરાત રાજય તકેદારી વિભાગ આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ સત્વરે તપાસ કરી જવાબદાર તમામ અધિકારીઓ, કર્મચારીઓ સામે પગલા ભરવા મારી અંતમાં માંગ કરેલ છે.

# રામવાડીમાં કેન્દ્રીય બજેટ પર ચર્ચા

તા.૫ને રવિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે કેન્દ્રીય બજેટ ૨૦૨૩ ઉપર ભાવનગરના ચાર્ટડ એકાઉન્ટન્ટ પરેશભાઇ ભટ્ટ ચર્ચા કરશે. બજેટ વિશ્લેષણ અને માર્ગદર્શન આપવામાં આવશે. વિનામૂલ્યે કાર્યક્રમમાં ભાવનગરની જનતાએ ભાગ લેવો.

# અવસાન નોંધ

## વડનગરા નાગર મરણ

થયાતી (બટુકભાઈ) એન. મહેતા (નિવૃત્ત જી.ઈ.બી. કર્મચારી, ઉ.વ.૭૬) તા.૨ને ગુરૂવારના રોજ અવસાન પામેલ છે. તેઓ ચિરાગ, પૂર્વી, મૃગાંગના પિતા તથા રાખી, મોનીકા, રાજીવના સસરા તેમજ ઉત્સવી, નૈસર્ગીના નાનાજી તેમજ સુરભી, વિહાનના દાદા થાય. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૫ને રવિવારના રોજ સાંજે ૫ થી ૬ ભગવાનેશ્વર મહાદેવ મંદિર, સુભાષનગર, ભાવનગર ખાતે રાખેલ છે.

## લેઉવા પટેલ મરણ

કુંવરબેન અરજણભાઈ મોણપરા તે સ્વ.અરજણભાઈ વેલજીભાઈ મોણપરાના પત્ની તથા સ્વ.જમનાદાસભાઈના નાના ભાઈના પત્ની તથા કડવાભાઈ મોણપરા (ચેરમેન વંથલી માર્કેટીંગ યાર્ડ), શશીકાંતભાઈ, સ્વ.નાનજીભાઈના ભાભી તથા ભરત મોણપરા પૂર્વ સદસ્ય નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ ભાવનગર, પ્રમુખ સરદાર યુવા મંડળ ભાવનગર, મનોજ મોણપરા, શોભનાબેન ઘોણીયાના માતૃશ્રી થાય તથા રંજનબેન, પન્નાબેનના સાસુ થાય, ગોરધનભાઈ ગજેરા (પૂર્વ સરપંચ)ના બહેન, દિનેશભાઈ ઘોણીયા (પૂર્વ સરપંચ નરેડી)ના સાસુ તથા જીવરાજભાઈ. ઘનશ્યામભાઈ, વિનોદભાઈ, અશોકભાઈના કાકી તથા જીવરાજભાઈ, વિજયભાઈ, નિલેશભાઈ. મનસુખભાઈ, જયસુખના મોટા બા તથા જીજ્ઞાબેન, હિરલબેન ભુમીબેન, વિરાજ, માહીરના દાદીમા થાય તેમનુ બેસણું તા.૫ ને રવિવારે સાંજે ચાર થી છ ભરતનગર બે માળીયા. યોગેશ્વરનગરની સામે ઘર નં.૧૭૨૬ ભાવનગર ખાતે રાખેલ છે.

# નિર્મળનગરમાં યુવક ઉપર ત્રણ શખ્સે હુમલો કરી આપી ધમકી

ભાવનગર તા.૪

ભાવનગરના નિર્મળનગર વિસ્તારમાં આવેલ માધવરત્ન કોમ્પ્લેક્સમાં પાન મસાલાની દુકાન ધરાવતા યુવક ઉપર ત્રણ શખ્સે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે મળતી વિગતો મુજબ ભાવનગરના માલણકા ગામમાં રહેતા અને શહેરના નિર્મળનગર, માધવરત્ન કોમ્પ્લેક્સના પહેલા માળે પાન મસાલાની દુકાન ધરાવતા રોહિતભાઈ વલ્લભભાઈ ચુડાસમા (ઉં. વ. ૨૫) તેમની દુકાને હાજર હતા ત્યારે વિક્રમ ઉર્ફે બાદશાહ બારૈયા અને બે અજાણ્યા ઈસમોએ રોહિતભાઈના ભાઈ સાથે જૂની અદાવતની દાઝ રાખી માર મારી છરીનો ઊંધો ઘા ઝીંકી ઇજા કરી હતી,તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ બનાવ અંગે રોહિતભાઈ ચુડાસમાએ વિક્રમ ઉર્ફે બાદશાહ અને બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ નીલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

# હઝરત સીદીમામુ પીરના ઉર્ષમાં સીદીની ધમાલનુ ભારે આકર્ષણ



ભાવનગર, તા.૪

ભાવનગર શહેરના માળીના ટેકરા વિસ્તારમાં આવેલા હઝરત સીદીમામુ પીરનો ઉર્ષ શરીફ શાનદાર રીતે ઉજવાયો હતો.આ ઉર્ષ પ્રસંગે દરગાહ શરીફમાં કુરઆન ખ્વાની, સંદલ શરીફ, ચાદર શરીફ, સલાતો સલામ, સામુહીક દુવાઓ કરવામાં આવી હતી .તેમજ ન્યાઝનો કાર્યક્રમ યોજાયો હતો જ્યારે સીદીની ધમાલે ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. સીદી સમાજના લોકોએ હવામાં નાળીયેર ઉછાળી પોતાનું માથુ મારી નાળીયેરના કટકા કર્યા હતા. અને આકર્ષક સીદીની રમતો રમી હતી આ પ્રસંગે મોટી સંખ્યામા શ્રધ્ધાળુ ઉમટી પડયા હતા આ કાર્યક્રમને સફળ બનાવવા ટેકરા મોહલા જમાતના આગેવાનો સાલમભાઇ આરબ, કાળુભાઇ બેલીમ, ઈકબાલભાઇ શેખ, મુનાફભાઇ આરબ, અબ્દુલ્લા આરબ, રમીઝ આરબ, શૌકતખાન પઠાણ તેમજ સીદી જમાતના પ્રમુખ સહિતે જહેમત ઉઠાવી હતી.

અનુ.પાના ૮નું શરૂ...

# માલણકા ગામની

ભાવનગર, રાજેન્દ્રસિંહ ગોહિલ રહે. ભાવનગર,કલ્પેશ રમેશભાઈ રાઠોડ રહે. ભાવનગર અને રમેશ ઉર્ફે પ્રભુ ખોડાભાઈ ખસિયા રહે. ભાવનગર વાળાના કબજામાંથી પોલીસે રૂ. ૬૩,૬૦૦ રોકડા, ૬ મોબાઈલ મળી કુલ રૂ. ૭૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

ઝડપાયેલા શખ્સોની પૂછપરછ કરતા ભાવનગરના રુવા ગામમાં રહેતો ગોયો બારૈયા નામનો ઈસમ આ સ્થળે નાળ ઉઘરાવી જુગારની સવલત પૂરો પાડતો હોવાનું તેમજ કરણ ભરતભાઈ ડાભી રહે. માલણકા અને રામા બારૈયા રહે. ભાવનગરવાળા વાહનમાં લાવવા,લઈ જવાની સવલત પુરી પાડી જુગારનો અખાડો ચલાવવામાં મદદ કરતા હોવાનું જણાવતા પોલીસે તમામ વિરુદ્ધ જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો નોંધી નાસી ગયેલા શખ્સોને ઝડપી લેવા તજવીજ હાથ ધરી હતી.

# શિશુવિહારમાં સાંજે ૧૬૧મી હસ્ત ઉદ્યોગ તાલીમ શિબિર

બાળવયથી વિદ્યાર્થીઓમાં કૌશલ્ય અને મૂલ્ય કેળવણી ઉમેરાય તેવા શૈક્ષણિક હેતુથી શિશુવિહાર સંસ્થામાં વર્ષ ૨૦૧૮ થી ચાલતી જીવન શિક્ષણ અંતર્ગત મીનાબહેન પ્રમાદચંદ્ર હેમાણીનાં સહકારથી ચાલતી તાલીમ દર શનિવાર સાંજે ૫ થી ૬ દરમિયાન જુદી જુદી ૫૦ તાલીમ પ્રવૃત્તિનું આયોજન કરેલ છે. તાલીમાર્થીની વયમર્યાદા વર્ષ ૧૨ થી ૧૭ રાખેલ છે. તાલીમાર્થીને તાલીમ દરમિયાન મટીરીયલ સંસ્થા તરફથી આપવામાં આવશે. તેમજ બનાવેલ નમના ઘરે લઈ જવા મળશે. ૫૦ પ્રવૃત્તિનાં અંતે પરીક્ષા, પ્રમાણપત્ર તેમજ વાર્ષિક પુરસ્કાર મળશે નજીવા દરથી તાલીમનો લાભ લેવા વાલીઓને પોતાના સંતાનોને મોકલવા ભલામણ છે. ૧૬૧મી તાલીમ અંતર્ગત તારીખ ૪ ફેબ્રુઆરી સાંજે ૫ થી ૬ દરમિયાન paper envelope (રંગીન કાગળમાંથી ગિફ્ટ કવર) બનાવવાની તાલીમ આપવામાં આવશે.

# કુડા મંદિરમાં કબાટ અર્પણ કરાયા

કુડાગીરી માતાજી મંદિરમાં સ્ટીલના બે નવા કબાટ મુંબઇ સ્થિત સ્વ.મણીભાઇ શાહના સ્મરણાર્થે તેમના પુત્ર મુકેશભાઇ (લંડન) તરફથી તા.૨૪ના રોજ અર્પણ કરાયા હતાં. આ પ્રસંગે માઇભક્ત રમેશભાઇ પી. ધાંગધ્રિયાએ ઉપસ્થિત રહી દાતાઓનું સન્માન કરેલ હતું.

# બાઈડેન, સુનક, મેક્રોં જેવા ૨૨ દેશોના દિગ્ગજોને પછાડી પીએમ મોદી બન્યા સૌથી લોકપ્રિય નેતા

નવીદિલ્હી,
દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારતના વડાપ્રધાન મોદીએ લોકપ્રિયતા મામલે ૨૨ દેશોના દિગ્ગજ નેતાઓને પછાડી દીધા છે. તાજેતરના એક સરવેમાં પીએમ મોદીને વયસ્કોની વસતીએ ૭૮ ટકા એપ્રૂવલ રેટિંગ આપ્યું છે.

આ યાદીમાં બીજા ક્રમે પીએમ મોદી બાદ મેક્સિકોના રાષ્ટ્રપતિ લોપેજ ઓબ્રાડોર છે. તેમને ૬૮ ટકા વયસ્ક લોકોએ આ રેટિંગ આપ્યું હતું. આ યાદીમાં ત્રીજા ક્રમે સ્વિટ્ઝર્લેન્ડના રાષ્ટ્રપતિ એલેન બેરસેટ છે. તેમને ૬૨ ટકા એપ્રૂવલ રેટિંગ મળ્યું છે. સરવેમાં જણાવાયું છે કે સપ્ટેમ્બર ૨૦૨૧ બાદથી પીએમ મોદીની લોકપ્રિયતા સતત વધતી જઈ રહી છે. અમેરિકાની વૈશ્વિક સર્વેક્ષણ કંપની મોર્નિંગ કન્સલ્ટના સરવે અનુસાર આ યાદીમાં ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થની અલ્બાનીઝને ૫૮ ટકા રેટિંગ સાથે ચોથું અને બ્રાઝિલના રાષ્ટ્રપતિ લૂલા ડી સિલ્વાને ૫૦ ટકા રેટિંગ સાથે ૫મું સ્થાન મળ્યું છે.




## મોદીએ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૧ વખત વિદેશ પ્રવાસ કર્યો

નરેન્દ્ર મોદીએ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૧ વખત વિદેશ પ્રવાસ કર્યો છે. સરકારે જણાવ્યું હતું કે, જુદાજુદા દેશોની મુલાકાત પાછળ ૨૨૨.૭૬ કરોડનો ખર્ચ થયો છે. સૂચિત ગાળામાં રાષ્ટ્રપતિ આઠ વખત વિદેશ ગયા છે અને તેની પાછળ ૨૬.૨૪ કરોડ ખર્ચાયા છે. વિદેશ રાજ્ય મંત્રી વી મુરલીધરને રાજ્યસભાને લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, સરકારે રાષ્ટ્રપતિના વિદેશ પ્રવાસ પાછળ ૨૬,૨૪,૩૧,૪૨૪ કરોડનો ખર્ચ કર્યો છે. વડાપ્રધાનની અન્ય દેશોની મુલાકાત માટે ૨૨૨,૭૬,૭૬,૯૩૪ કરોડ અને વિદેશ મંત્રીના પ્રવાસ પાછળ ૨૦૧૯થી અત્યાર સુધીમાં ૨૦,૮૭,૦૧,૪૭૫નો ખર્ચ થયો છે. રાષ્ટ્રપતિએ આઠ વખત વિદેશ પ્રવાસ કર્યો છે. જ્યારે ૨૦૧૯થી અત્યાર સુધીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ વખત અન્ય દેશોની મુલાકાત લીધી છે. સૂચિત ગાળામાં વિદેશ મંત્રી એસ જયશંકર ૮૬ વખત વિદેશ ગયા છે. વડાપ્રધાને જાપાનની ત્રણ વખત મુલાકાત લીધી છે.

# બીબીસી ડોક્યુમેન્ટરી પરનો પ્રતિબંધ હટાવવાનો ઈનકાર

## કેન્દ્રને બીબીસીની ડોક્યુમેન્ટ્રી ઈન્ડિયા: ધ મોદી ક્વેશ્ચનને બ્લોક કરવાના તેના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજૂ કરવા કહ્યું

નવી દિલ્હી,
સર્વોચ્ચ અદાલતે ૨૦૦૨ના ગુજરાત રમખાણોને લગતી બીબીસી ડોક્યુમેન્ટ્રીનું સેન્સરિંગ રોકવા માટે કેન્દ્ર સરકારને નિર્દેશ આપવાની માગ કરતી અરજી પર કેન્દ્રને નોટિસ જાહેર કરી છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર પાસેથી ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને બીબીસીની ડોક્યુમેન્ટ્રી 'ઈન્ડિયા: ધ મોદી ક્વેશ્ચન'ને બ્લોક કરવાના તેના નિર્ણય સાથે સંબંધિત રેકોર્ડ રજૂ કરવા કહ્યું છે. હવે આ મામલે એપ્રિલમાં સુનાવણી થશે.

આ અગાઉ વરિષ્ઠ પત્રકાર એન રામ, ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રા અને એડવોકેટ પ્રશાંત ભૂષણ તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ સીયુ સિંઘે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે આ એક એવો કેસ છે જ્યાં જાહેર ડોમેનમાં આદેશો વિના કટોકટીવાળા સત્તાનો ઉપયોગ કરવામાં આવ્યો



હતો. તેમણે માહિતી આપી હતી કે ડોક્યુમેન્ટ્રીની લિંક શેર કરતી ટ્વીટ્સને બ્લોક કરી દેવામાં આવી છે. તેના પર સર્વોચ્ચ અદાલતે કહ્યું કે અમે સરકારને આ સંબંધિત આદેશ દાખલ કરવા કહી રહ્યા છીએ અને તેની તપાસ કરીશું.

# સાતમા લગ્ન કરવા જતા શખ્સની રાંચીમાંથી ધરપકડ

**પોલીસ અધિકારી હોવાનું નાટક કરીને લોકોને ફસાવતો હતો**

રાંચી,
ઝારખંડની રાજધાની રાંચીમાં પોલીસે એક વ્યક્તિની ધરપકડ કરી છે જેણે પોતાની ઓળખ અને ધર્મ છુપાવીને ૬ લગ્ન કરી લીધા હતા અને તે સાતમા લગ્ન કરવાની તૈયારી કરી રહ્યો હતો. પોલીસે ૫૦ વર્ષના એક વ્યક્તિની ધરપકડ કરી છે જેણે અત્યાર સુધી ૬ વખત લગ્ન કર્યા હતા અને તેમની સાથે છેતરપિંડી કરતો હતો. ઝારખંડની રાજધાની રાંચીમાં એક આશ્ચર્યજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમા એક ૫૦ વર્ષીય આરોપી અસલમ ધનબાદના ભુલીનો રહેવાસી છે અને તે પોલીસ અધિકારી હોવાનું નાટક કરીને છોકરીઓને પોતાની જાળમાં ફસાવતો હતો. આ આગાઉ અસલમે ૬ લગ્ન કર્યા બાદ ફરીથી સાતમી વખત લગ્ન કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો જો કે તેની અસલી ઓળખ ધર્મની ખબર પડી ગઈ હતી. પોતાને સંજય ગણાવતો અસલમ પહેલા નાસી છૂટ્યો હતો. શહેરના ડીએસપી કુલદીપ કુમારે જણાવ્યું કે પોલીસ લાંબા સમયથી તેને શોધી રહી હતી પરંતુ આરોપી ધરપકડથી બચી રહ્યો હતો. જો કે પોલીસને બાતમી મળતા જ તેના આધારે અસલમની રાંચીમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

## ■ મોટો નિર્ણય લેવા અંગે મજબૂર ન કરો

# જજની નિમણૂક પાંચ દિવસમાં થઈ જશે સુપ્રીમની નિરાશા જોઈને કેન્દ્રએ જણાવ્યું

નવીદિલ્હી
સુપ્રીમ કોર્ટમાં ૫ જજની નિમણૂક માટે કેન્દ્રને મોકલવામાં આવેલી ભલામણ આગામી પાંચ દિવસમાં મંજૂર થઈ જશે. કેન્દ્ર સરકારે પોતાના એફિડેવિટમાં સુપ્રીમ કોર્ટને આ જવાબ આપ્યો છે. તેમનો આ જવાબ સુપ્રીમ કોર્ટની નિરાશા પછી આવ્યો છે.

જોકે, એડવોકેટ એસોસિએશન બેંગ્લુરુએ આ મામલે કન્ટેમ્પ્ટ પિટિશન દાખલ કરી હતી. શુક્રવારે તેના ઉપર સુનવણી થઈ. કોર્ટે હાઈકોર્ટ જજનું ટ્રાન્સફર કરી સુપ્રીમ કોર્ટમાં નિમણૂક કરવાની ભલામણને મંજૂરી આપવામાં મોડું થઈ રહ્યું છે તેના અંગે નિરાશા વ્યક્ત કરી છે. કોર્ટે



સરકારને કહ્યું આ ખૂબ જ ગંભીર મામલો છે. અમને આવું સ્ટેન્ડ લેવા અંગે મજબૂર ન કરો, જેનાથી પરેશાની થાય. કેસની આગામી સુનવણી ૧૩ ફેબ્રુઆરીએ થશે.

સુપ્રીમ કોર્ટે કોલેજિયમે ૧૩ ડિસેમ્બરના રોજ સરકાર પાસે ૫ નામની ભલામણ કરી હતી. જેમાં જસ્ટિસ પંકજ મિથક ચીફ જસ્ટિસ રાજસ્થાન હાઈકોર્ટ , જસ્ટિસ સંજય કરોલ ચીફ જસ્ટિસ પટના હાઈકોર્ટ જસ્ટિસ પી વી સંજય કુમાર ચીફ જસ્ટિસ મણિપુર હાઈકોર્ટ પટના હાઈકોર્ટના જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને ઈલાહાબાદ ૐઝના જસ્ટિસ મનોજ મિશ્રાના નામ પણ સામેલ હતાં.

સુનવણી દરમિયાન અટૉર્ની જનરલ આર વેંકટરમણીએ જસ્ટિસ એસકે કોલ અને એએસ ઓકાની બેન્ચને જણાવ્યું કે ૫ જજની નિમણૂકનું વોરન્ટ જલ્દી જ બહાર પડશે. સુપ્રીમ કોર્ટે જજની સેક્શન સ્ટ્રેન્થ સીજેઆઈ સહિત ૩૪ ની છે. હાલ ૨૭ જજ સાથે કામ થઈ રહ્યું છે. પાંચ જજના શપથ લીધા પછી આ સંખ્યા વધીને ૩૨ થઈ જશે.

# વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ લીધે વરસાદ તેમજ હિમવર્ષાની સંભાવના

નવી દિલ્હી
દેશમાં ફરી એકવાર બે વેધર સિસ્ટમ સક્રિય થઈ છે. એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ હિમાલયના પ્રદેશને અસર કરશે, જ્યારે બીજું બંગાળની ખાડીમાંથી એક ડિપ્રેશન શ્રીલંકા તરફ આગળ વધી રહ્યું છે. જેના કારણે દક્ષિણમાં તમિલનાડુ અને કેરળમાં ૨૪ કલાકમાં ભારે વરસાદની સંભાવના છે. IMDએ કહ્યું કે આગામી દિવસોમાં તાપમાન વધવાથી લોકોને ઠંડીથી પણ રાહત મળશે. આગામી ૨ દિવસ દરમિયાન મધ્યપ્રદેશ અને ઓડિશાના વિવિધ ભાગોમાં કોલ્ડવેવની સ્થિતિ રહેવાની સંભાવના છે. આગામી એક સપ્તાહમાં વરસાદની શક્યતા નહીંવત છે. એકંદરે, હવામાન ખુશનુમા રહેશે અને લગભગ ૨૦-૩૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તેવી શક્યતા છે. દિલ્હી-NCR સહિત ઉત્તર ભારતમાં દિવસના તાપમાનમાં વધારો થયો છે. જો કે, ઉત્તર ભારતના પહાડી જિલ્લાઓમાં હિમવર્ષાના કારણે સવારે અને સાંજે ઠંડી રહે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી એક સપ્તાહમાં મેદાની વિસ્તારોમાં વરસાદ થવાની આશા નથી. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક પશ્ચિમી વિક્ષેપ હાલમાં હિમાલયન ક્ષેત્રને અસર કરી રહ્યું છે, જેના કારણે હિમાલયના ક્ષેત્રમાં, ખાસ કરીને જમ્મુ-કાશ્મીર અને હિમાચલમાં આગામી બે દિવસમાં હળવો વરસાદ અને હિમવર્ષા થઈ શકે છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર અન્ય સ્થળોએ પણ જોવા મળશે. આને કારણે, આગામી ૨ દિવસ દરમિયાન ઉત્તર પશ્ચિમ ભારતના મોટાભાગના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે અને ત્યારબાદ કોઈ નોંધપાત્ર ફેરફાર થશે નહીં.

# ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી અદાણીનો સ્ટોક બહાર કરવામાં આવશે

## ૭ ફેબ્રુ.થી આ પ્રક્રિયા શરૂ થશે, યુએસ માર્કેટે

નવી દિલ્હી,
હિન્ડેનબર્ગ રિસર્ચ ફર્મનો અહેવાલ અદાણી ગ્રૂપ માટે એક પછી એક મુશ્કેલી સર્જી રહ્યો છે. અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીને હવે વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. એનએસઈ તરફથી અદાણી એન્ટરપ્રાઇઝિસ, અદાણી પોર્ટ્સના શેરોને વોચ લિસ્ટમાં મૂક્યા પછી અદાણી એન્ટરપ્રાઇઝિસના સ્ટોકને હવે ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી બહાર કાઢવાની તૈયારી કરાઈ છે. ૭ ફેબ્રુઆરીથી આ પ્રક્રિયા શરૂ થશે આ માહિતી યુએસ માર્કેટ દ્વારા આપવામાં આવી છે. અમેરિકી સ્ટોક એક્સચેન્જે એસએન્ડપી ડાઉ જોન્સ સસ્ટેનેબિલિટી ઈન્ડેક્સમાંથી અદાણી એન્ટરપ્રાઈઝને દૂર કરવાની જાહેરાત કરી હતી. તેના પર સ્ટોક મેનીપ્યુલેશન અને એકાઉન્ટિંગ ફ્રોડના આરોપો લાગ્યા છે. ઈન્ડેક્સની જાહેરાત જણાવે છે કે એસએન્ડપી ડાઉ જોન્સ ઈન્ડેક્સ મંગળવાર, ફેબ્રુઆરી ૭, ૨૦૨૩ ના રોજ ખુલતા પહેલા ફેરફારોને અસરકારક બનાવશે. હિંડનબર્ગના રિપોર્ટ બાદ અદાણી ગ્રુપના શેરમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. છેલ્લા છ સત્રોમાં, એનએસઈ પર અદાણી એન્ટરપ્રાઈઝના શેરની કિંમત ?૩,૪૪૨ થી ૫૫ ટકા ઘટીને ?૧,૫૬૫ના સ્તરે પહોંચી ગઈ છે.

આરબીઆઈએ તમામ બેંકો પાસેથી અદાણી એન્ટરપ્રાઈઝને આપવામાં આવેલી લોન અંગે માહિતી માંગી છે. તે જ સમયે, અદાણી ગ્રૂપે રૂ. ૨૦,૦૦૦ કરોડના સંપૂર્ણ સબ્સ્ક્રાઇબ્ડ એફપીઓ રદ કરવાની અને રોકાણકારોને નાણાં પરત કરવાની વાત કરી છે. હવે અમેરિકન શેરબજારને પણ ઝટકો લાગ્યો છે.



# એક બાળકદીઠ ૧૦૦ વૃક્ષો વાવવા માટે મુખ્યમંત્રીની ઘોષણા

ગંગટોક,
સિક્કિમના મુખ્ય પ્રધાન પ્રેમ સિંહ તમાંગે એક નવી પહેલ શરૂ કરી હતી. જે પહેલ હેઠળ હિમાલયના રાજ્યમાં પેદા થતા પ્રત્યેક બાળક માટે ૧૦૦ વૃક્ષો લગાવવામાં આવશે. અધિકારીઓએ કહ્યું હતું કે મેરો રુખ મેરો સંતતિ ( એક વૃક્ષ લગાવો, એક વિરાસત છોડો) નામની પહેલનો ઉદ્દેશ બાળકાના જન્મની યાદમાં વૃક્ષ લગાવીને માતાપિતા, બાળકો અને પ્રકૃત્તિની વચ્ચે સંબંધ મજબૂત કરવાનો છે.

તેમણે કહ્યું હતું કે બાળકોની સાથે-સાથે વૃક્ષોને વધતા જોવા એક નવજાત શિશુનું સ્વાગત કરવા માટે અને આ ધરતી પર તેમના આગમનનો જશ્ન મનાવવા ટમે એક પ્રતીકાત્મક પ્રકાર હશે. દેશમાં આ પ્રકારની પહેલી ગ્રીન ઈન્નોવેટિવ પહેલ હશે.

# વેપારીએ ૧.૫ કરોડ ગુમાવ્યા

**ઘરની છત પર મોબાઈલ ટાવર લગાવી કમાણી કરવા માગતા હતા વેપારી**

મુંબઈ,
ઘણા લોકો ઘરની ખાલી છત પર મોબાઈલ ટાવર લગાવીને મહિને સારી એવી કમાણી કરી રહ્યા છે. જો કે, કેટલાક લેભાગુ તત્વો મોબાઈલ ટાવરના નામે છેતરપિંડી કરતાં હોય તેવા પણ કેટલાક કિસ્સા સામે આવ્યા છે. હાલમાં જ દક્ષિણ મુંબઈમાં રહેતા ૫૧ વર્ષના એક વેપારીએ કેટલાક શખ્સોએ તેમના ઘરની છત પર મોબાઈલ ટાવર લગાવવા પર મહિને ૪૫ હજાર રૂપિયા ભાડું આપવાનું વચન આપીને ૧.૫ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવી હતી. જે તેમણે છેલ્લા બે વર્ષમાં ૩૨ RTGS ટ્રાન્ઝેક્શનથી ચૂકવ્યા હતા. 'અમે આઈપીસી અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ છેતરપિંડી અને બનાવટીનો કેસ નોંધ્યો છે', તેમ ક્રાઈમ બ્રાંચના સાયબર પોલીસ ડીસીપી બલસિંહ રાજપૂતે જણાવ્યું હતું. આ સાથે તેમણે શહેરીજનોને આવી લોભામણી લાલચોમાં ન આવવા અને ક્યાંય પણ રોકાણ કરતાં પહેલા એકવાર વિગતો ચકાસી લેવાની વિનંતી કરી હતી. ગત અઠવાડિયે નોંધાવેલી ફરિયાદમાં, વેપારીએ જણાવ્યું હતું કે ૨૦૨૧માં તેમને વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી મેસેજ આવ્યો હતો. મેસેજ મોકલનારે તે મોબાઈલ કંપનીનો કર્મચારી હોવાનો દાવો કર્યો હતો અને મોબાઈલ ટાવર લગાવવા માટે જગ્યા શોધી રહ્યો હોવાનું કહ્યું હતું. વેપારીએ રસ દાખવ્યો હતો અને બંનેએ વોટ્સએપ પર વાતચીત શરૂ કરી હતી. થોડા દિવસ બાદ, વેપારીને ટાવર લગાવવા પર મહિને ૪૫ હજાર ભાડું અને ૧૫ લાખની ડિપોઝિટ મળશે તેવું કહેતો મેસેજ મળ્યો હતો. 'રજિસ્ટ્રેશન માટે તેમને ૨૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરવા માટે કહેવામાં આવ્યું હતું.

# ભારતનો સનાતન ધર્મ એ રાષ્ટ્રીય ધર્મ

**હું સંત છું, મારું કોઈ અંગત જીવન નથી. હું જે વિચારું છું તે મારું વર્તન છે- યોગી આદિત્યનાથ**

નવી દિલ્હી,
ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શુક્રવારે એક કાર્યક્રમમાં મન ખોલીને વાતચીત કરી હતી, તેમણે ભાજપ સરકારની ઉપલબ્ધિઓની યાદી આપી છે. આ સાથે હિન્દુત્વ, સનાતન અને ભગવા પર ખુલ્લી ચર્ચા કરી હતી. યોગીએ યુપીમાં રોકાણથી લઈને કેસરિયા અંગે વાતચીત કરી હતી. યોગીએ સ્પષ્ટ કહ્યું કે ભારતનો સનાતન ધર્મ એ રાષ્ટ્રીય ધર્મ છે.

સીએમ યોગી આદિત્યનાથે કહ્યું કે યુપી બુલેટ ટ્રેનની ઝડપે વધી રહ્યું છે. અમારું લક્ષ્ય રાજ્યનો સર્વાંગી વિકાસ છે. યુપી ડબલ એન્જિન સરકાર સાથે આગળ વધી રહ્યું છે.ખાનગી વ્યક્તિના સવાલ પર તેણે કહ્યું- હું સંત છું, મારું કોઈ અંગત જીવન નથી. હું જે વિચારું છું તે મારું વર્તન છે. નીતિમત્તા અને વિચારોમાં વિરોધ હોય તો જનતાનો વિશ્વાસ સિદ્ધ થતો નથી. જે મારી અંદર છે તે મારી બહાર પણ છે. હું આશ્રમમાં રહું છું તેમ હું જાહેર જીવન અને ઓફિસમાં રહું છું.યોગી આદિત્યનાથે કહ્યું કે ભગવા પર સવાલ ઉઠાવનારાઓની વિચારસરણી મર્યાદિત છે. ભગવાને તેમને આટલું વિચારવાની ક્ષમતા આપી છે. હું પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરું છું, ટીકાઓ પર નહી. હું પાર્ટીના એજન્ડાને આગળ વધારવામાં માનું છું. પરિણામ આવે ત્યારે દરેકના મોં બંધ થઈ જાય છે. ગત વર્ષે પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દર સિંહ, તેમના પુત્ર રણિંદર સિંહ, પુત્રી જય ઈન્દર કૌર અને પૌત્ર નિર્વાણ સિંહ ભાજપમાં જોડાયા હતા.

# ૧૫૦ રૂપિયાની લાંચ મામલે ૩૨ વર્ષ બાદ ચુકાદો: ફરિયાદકર્તા પણ મરણ પામ્યો છે

નવીદિલ્હી
૧૫૦ રૂપિયાની લાંચ મામલે ૩૨ વર્ષ કેસ ચાલ્યો અને હવે ૮૭ વર્ષની ઉંમરે આરોપીને દોઢ વર્ષની સજા થઈ છે. સીબીઆઈની વિશેષ અદાલતે રેલવેના સેવાનિવૃત્ત ક્લાર્ક રામ નારાયણ વર્માને બે અલગ-અલગ કલમો હેઠળ ૧૫૦ રૂપિયાની લાંચના મામલે દોઢ વર્ષની જેલ અને ૧૫ હજાર રૂપિયા દંડ ફટકાર્યો. આરોપીએ આ લાંચ મેડીકલ સર્ટિફિકેટ બનાવવા માટે લીધી હતી. આટલા દિવસની સુનાવણીમાં આરોપીનું મોત પણ નીપજ્યુ છે.

આરોપી રામ નારાયણ વર્મા ૧૯૯૧માં લખનૌના ઉત્તર રેલવે હોસ્પિટલમાં ક્લાર્ક ૫દ ૫ર તૈનાત હતા. તેમણે સેવાનિવૃત કર્મચારી એન્જિન ડ્રાઈવર લોકો ફોરમેન રામકુમાર તિવારી પાસે મેડીકલ સર્ટિફિકેટ બનાવવાના નામે ૧૫૦ રૂપિયાની લાંચ માગી હતી. ફરિયાદકર્તા ખૂબ ગરીબ હતા તેમણે ગમે તેમ કરીને ૭ ઓગસ્ટ ૧૯૯૧એ ૫૦ રૂપિયાની વ્યવસ્થા કરીને આરોપીને આપ્યા પરંતુ આરોપીએ ૧૦૦ રૂપિયા ચૂકવ્યા વિના સર્ટિફિકેટ આપવાની ના પાડી દીધી. જેનાથી પરેશાન પીડિત રામકુમાર તિવારીએ આ મામલે તાત્કાલિક સીબીઆઈ પોલીસ અધિકારીને ફરિયાદ કરી.


પોલીસ અધિકારીએ ટીમની રચના કરીને ફરિયાદકર્તા રામકુમાર તિવારીને ૫૦-૫૦ રૂપિયાના બે નોટ આપ્યા અને કહ્યુ કે તેઓ લાંચ માગનાર બાબૂ રાજ નારાયણ વર્માને નજીકના ઢાબા પર બોલાવે. ઢાબા પર સીબીઆઈની ટીમે રાજ નારાયણ વર્માને લાંચના બાકીના ૧૦૦ રૂપિયા લેતા દબોચવામાં આવ્યા હતા.

આ મામલાની સુનાવણી દરમિયાન જ ફરિયાદ કરનાર રામકુમાર તિવારીનું પણ મોત નીપજ્યુ. દરમિયાન લાંચ લેવાના આરોપી તરફથી હાઈકોર્ટમાં આ મામલે ઝડપી નિકાલ કરવાની અપીલ પણ દાખલ કરવામાં આવી. જેની પર હાઈકોર્ટે સીબીઆઈની વિશેષ કોર્ટને છ મહિનામાં નિકાલ કરીને કેસ ખતમ કરવાના આદેશ પણ આપ્યા હતા. કોર્ટે હાઈકોર્ટના આદેશ પર આ કેસનો નિકાલ માત્ર ૩૫ દિવસોની સુનાવણીમાં કર્યો છે.

સીબીઆઈ કોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યુ કે આરોપીની ઉંમર અને તેમની પાસેથી જપ્ત કરવામાં આવેલી રકમને જોવામાં આવે તો આ કોઈ મોટો કેસ નથી પરંતુ ૩૨ વર્ષ પહેલા ૧૦૦ રૂપિયાની રકમ પણ તે જરૂરિયાતમંદ માટે ખૂબ વધારે હતી જેને પેન્શન તરીકે ૩૮૨ રૂપિયા મળતા હોય. કોર્ટે કહ્યુ કે જો આરોપીને તેમના દ્વારા કરવામાં આવેલા કૃત્ય માટે દંડિત કરવામાં નહીં આવે તો સમાજમાં તેનો વિપરીત પ્રભાવ પડશે.

# સુપ્રીમ કોર્ટનો આદેશ : બાળક દત્તક લઈ શકશે ઈચ્છુક દંપતી

નવી દિલ્હી
સુપ્રીમ કોર્ટે ૨૦ વર્ષની એક અપરિણીત યુવતીની એમ્સમાં ડિલીવરી કરવાનો આદેશ આપ્યો છે. સુપ્રીમે કહ્યું છે કે, ડિલીવરી પછી બાળકને તેને દત્તક લેવા ઈચ્છુક પેરેન્ટ્સને આપી દેવામાં આવે. એ પેરેન્ટ્સે પહેલેથી જ બાળકને દત્તક લેવા માટે રજિસ્ટ્રેશન કરાવી રાખ્યું છે. ૨૯ સપ્તાહના ગર્ભને ટર્મિનેટ કરાવવા માટે ૨૦ વર્ષની એક અપરિણીત યુવતીએ સુપ્રીમ કોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ આદેશ અતિ વિશેષ પરિસ્થિતિઓમાં આપવામાં આવી રહ્યો છે, કેમકે યુવતી પોતાની પ્રેગ્નેન્સીના ઘણા બાદના સ્ટેજમાં આવી હતી, એવામાં કલમ ૧૪૨ અંતર્ગત સુપ્રીમ કોર્ટે પોતાની શક્તિનો ઉપયોગ કરતા નિર્દેશ જારી કર્યો. મામલાની સુનાવણી ચીફ જસ્ટિસ ડી વાય ચંદ્રચૂડ, જસ્ટિસ પીએસ નરસિમ્હા અને જસ્ટિસ જેબી પારડીવાળાની અધ્યક્ષતાવાળી બેન્ચ કરી રહી હતી. બેન્ચે કહ્યું કે, એડિશનલ સોલિસિટર જનરલ એશ્વર્યા ભાટી અને ડો. અમિત મિશ્રા, જેમણે અપીલકર્તા સાથે વાતચીત કરી, તેમણે કહ્યું કે, અપીલકર્તા ડિલીવરી પછી બાળકને પોતાની પાસે નથી રાખવા ઈચ્છતી. બેન્ચે કહ્યું કે, આ પરિસ્થિતિઓમાં, ગર્ભાવસ્થાના અંતિમ તબક્કાને ધ્યાનમાં રાખતા એ મા અને ભ્રૂણના સર્વોત્તમ હિતમાં મનાવામાં આવ્યું છે કે, પ્રસૂતિ પછી બાળકને દત્તક લેવા માટે આપવામાં આવી શકે છે. દત્તક આપવાનો અનુરોધ અપીલકર્તા તરફથી કરવામાં આવ્યો છે, કેમકે તે બાળકની દેખરેખ કરવાની સ્થિતિમાં નથી. ભાટીએ કોર્ટને જણાવ્યું કે, તેણે અપીલકર્તાની બહેન સાથે પણ વાતચીત કરી હહતી. તેનો હેતુ એ જાણવાનો હતો કે, શું તે બાળકને દત્તક લેવા તૈયાર હશે.

CONTACT FOR BOOKING:
LEELA WORLD WIDE
Global Travel Solutions


105/106, SHOPPER'S POINT, NEAR CUSTOM HOUSE, PARIMAL CHOWK, WAGHAWADI ROAD, BHAVNAGAR 364002 (GUJARAT) INDIA
TEL. +91 278 256 9292 / 256 9299 / 222 1223
MOB.+91 98 7900 6900
Email: global@travelsolution.biz

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર આવૃત્તિ 8

તા.૦૪-૦૨-૨૦૨૩, શનિવાર

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫




## આ તો ભાવનગર રાજ્યનુ ગંગાજળીયા તળાવ...



પ્રથમ દ્રષ્ટિએ જોતા એવુ લાગે કે આવુ સુંદર તળાવ કોઈ અન્ય રાજ્ય કે દેશનુ હોય શકે! પણ ના આ તો ભાવનગરનુ ગંગાજળીયા તળાવ છે ભાવનગરના રાજવીઓએ ભાવેણાની જનતાને ઘણા સ્થાપત્યો, મંદિરો, તળાવ વી. બનાવી આપ્યા છે, ત્યારે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા ગંગાજળીયા તળાવનું રી ડેવલપમેન્ટ કરી સોનામા સુગંધ ભળે તેમ તેની સુંદરતામા વધારો કર્યો છે. હાલ શિયાળો જાવુ જાવુ થઈ રહ્યો છે ત્યારે એકવાર સાંજના સમયે તળાવની મુલાકાત લેવા જેવી છે. (તસવીર સૌજન્ય : ગૌરાંગ પીઠડીયા)

# જુનિયર ક્લાર્કની પરીક્ષા રદ થતા યુવતીએ કર્યા ઝેરના પરખા

## હાથબની યુવતીએ ઝેરી દવા પી લેતા ગંભીર હાલતે હોસ્પિટલ ખસેડાઈ

ભાવનગર તા.૪

ઘોઘા તાલુકાના હાથબ ગામમાં રહેતી યુવતીએ ભરતી અંગેની પરીક્ષા રદ થતા ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતા યુવતીને ગંભીર હાલતે સારવાર અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

આ અંગે મળતી વિગતો અનુસાર ઘોઘાના હાથબ ગામમાં રહેતા પાયલબેન કરસનભાઈ બારૈયા ( ઉ.વ.૨૧ ) એ પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા લેવાનાર જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવી હતી.ગત રવિવારે પરીક્ષાનું પેપર લીક થઈ જતા જુનિયર ક્લાર્કની પરીક્ષા રદ કરવામાં આવી હતી.

જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે પાયલબેને દિવસરાત મહેનત કરી હોય,પરીક્ષાના દિવસે જ પરીક્ષા રદ કરવામાં આવતા પાયલબેન માનસિક રીતે હતાશ થયા હતા અને લાગી આવતા તેણે પોતાના ઘરે ઝેરી દવા પી આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.ઝેરી દવા પી લેતા પાયલલબેનને ગંભીર હાલતે ભાવનગરની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા છેલ્લા વર્ષોથી લેવામાં આવતી ભરતી અંગેની પરીક્ષાના પેપરો ફૂટી જવાની ઘટના બનતી હોય ઉમેદવારોમાં સરકાર પ્રત્યે રોષ હતો.પંચાયતની જુનિયર ક્લાર્કની ભરતી માટેની પરીક્ષામાં સબ સલામત હોવાના દવા વચ્ચે આખરે છેલ્લી ઘડીએ પેપર લીક કૌભાંડ ઉજાગર થતા પરીક્ષા રદ કરવી પડી હતી,જેના કારણે રાજ્યના નવ લાખથી વધુ ઉમેદવારોમાં હતાશા જોવા મળી હતી.

# બોટાદના ઢાંકણીયા ગામના માલધારી યુવાનની જૂની અદાવતે કરપીણ હત્યા



### અન્ય બે વ્યક્તિને પણ ગંભીર ઈજા થતા હોસ્પિટલ ખસેડાયા



ભાવનગર તા.૪

બોટાદ જિલ્લાના ઢાંકણીયા ગામમાં રહેતા માલધારી યુવાનની જૂની અદાલતે હત્યા કરી નાખવામાં આવતા બોટાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. આ ઘટનામાં અન્ય બે વ્યક્તિઓને પણ ઈજા થતાં સારવાર અર્થે ભાવનગર અને બોટાદ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

હત્યાની આ ઘટના અંગે પ્રાપ્ત વિગતો મુજબ બોટાદ તાલુકાના ઢાંકણીયા ગામમાં રહેતા માલધારી યુવાન નવઘણભાઈ ઝાલાભાઈ જોગરાણા ( ઉં.વ. ૩૦ ) ની જૂની અદાવતના કારણે હત્યા કરવામાં આવી હતી. આ બનાવમાં મુન્નાભાઈ જોગરાણા અને તેજાભાઈ જોગરાણાને પણ ગંભીર ઈજા થતાં તેમને સારવાર અર્થે બોટાદ અને ભાવનગર હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવની જાણ થતા બોટાદ પોલીસ કાફલો સોનાવાલા હોસ્પિટલ દોડી ગયો હતો અને તપાસ હાથ ધરી હતી તેમજ ઘટનાના પગલે માલધારી સમાજના આગેવાનો પણ હોસ્પિટલ દોડી ગયા હતા.

## નાળાના નબળા કામ અંગે અરજી કરનાર યુવકને મળી ધમકી

ભાવનગર તા.૪

જેસર તાલુકાના તાતણીયા ગામમાં રહેતા યુવાન અબ્દુલભાઈ રહેમાનભાઈ ગાહા ( ઉં. વ.૩૫ ) એ અગાઉ તાતણીયા ગામમાં નાળાનું કામ નબળું થતું હોય તે બાબતે ભાવનગર જિલ્લા કલેક્ટર કચેરીમાં આવેલ ખાણ ખનીજ વિભાગમાં અરજી કરી હતી. યુવકે અરજી કર્યાની દાઝ રાખી ગામમાં રહેતા અલ્તાફ બીલાભાઈ ગાહાએ તેને ફોન કરી ગાળો આપી, જાનથી મારી નાખવાની ધમકી આપતા અબ્દુલભાઈ ગાહાએ શખ્સ વિરુદ્ધ મોટા ખૂટવડા પોલીસ મટ્રકમાં ફરિયાદ નોંધાવી હતી.

# માલણકા ગામની સીમમાં જુગાર રમતા ૬ ઝડપાયા, ૬ શખ્સ ફરાર

ભાવનગર તા.૪

વરતેજ તાબેના માલણકા ગામમાં આવેલ નેરાના કાંઠે બાવળની કાટમાં જુગાર રમતા છ શખ્સને વરતેજ પોલીસે ઝડપી લઈ રોકડ રકમ, મોબાઈલ સહિત રૂ.૭૮,૬૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો, જ્યારે છ શખ્સ નાસી છૂટ્યા હતા.માલણકા ગામની સીમમાં રૂવા ગામનો શખ્સ નાળ ઉઘરાવી જુગારનો અખાડો ચલાવતો હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યું હતું.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વરતેજ પોલીસ કાફલો ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે,

### રૂવાનો શખ્સ નાળ ઉઘરાવી જુગાર રમવાની સવલતો પુરી પાડતો હતો

માલણકા ગામના નેરાના કાંઠે આવેલ બાવળની કાંટમાં અમુક ઈસમો જુગાર રમી રહ્યા છે, જે બાતમીના આધારે પોલીસે તપાસ કરતા બાવળની કાંટમાં અમુક ઈસમો કુંડાળું વળી જુગાર રમતા મળી આવ્યા હતા. જો કે પોલીસને જોઈને જુગાર રમતા શખ્સો દોટ મૂકીને ભાગ્યા હતા જેનો પોલીસે પીછો કરી છ શખ્સને ઝડપી લીધા હતા.

જુગાર રમતા ઝડપાયા જગદીશ કાનજીભાઈ જાંબુચા રહે. ભાવનગર, કાળુ કાનજીભાઈ સોલંકી રહે. આધેવાડા, સુરપાલસિંહ જયુભા ગોહિલ રહે.

અનુસંધાન ૬




# સિંધુનગરમાં આવેલ સિંધી સમાજના બે મંદિરમાં તસ્કરે કર્યો હાથફેરો

## અજાણ્યો તસ્કર દાનપેટી તોડી રોકડ-પરચૂરણ તેમજ ચીજવસ્તુઓ ચોરી ફરાર : ચોરી કરતો ઈસમ સી.સી.ટી.વી. કેમેરામાં થયો કેદ



તસવીર : મૌલીક સોની

ભાવનગર તા.૪

ભાવનગરના સિંધુનગર વિસ્તારમાં આવેલા કકુરામ મંદિર અને ભાઈ સાહેબ બખતરામ મંદિરમાં આજે વહેલી સવારે તસ્કરે હાથફેરો કર્યો હતો અને મંદિરની દાનપેટીમાંથી રોકડ રકમ તેમજ ચીજવસ્તુની ચોરી કરી ફરાર થઈ ગયો હતો.ચોરીની આ ઘટના સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થઈ હતી.

આ બનાવ અંગે પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર શહેરના સિંધુનગર વિસ્તારમાં આવેલ કકુરામ મંદિર તેમજ ભાઈ સાહેબ બખતરામ મંદિરમાં આજે વહેલી સવારે કોઈ અજાણ્યો તસ્કર બંધ મંદિરના તાળા તોડી મંદિરમાં પ્રવેશ્યો હતો અને દાનપેટી તોડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ દાનપેટી ન તૂટતાં મંદિરમાં રહેલી ચિજવસ્તુઓ ઉઠાવી હતી અને બાજુમાં આવેલ ભાઈ સાહેબ બખતરામ મંદિરમાં પ્રવેશી દાનપેટી તોડી રોકડ રકમની ચોરી ફરાર થઈ ગયો હતો.

મંદિરમાં ચોરી કરતો ઈસમ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થયો હતો.ચોરીની આઘટના અંગે પોલીસને જાણ કરવામાં આવતા ઘોઘારોડ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી.

સિંધુનગરમાં આવેલ બંને મંદિરમાંથી અંદાજે રૂ. ૧૦ હજારની મત્તાની ચોરી થઈ હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું.

## વિદ્યાનગર વિસ્તારમાંથી દબાણો હટાવાયા



મહાનગરપાલિકાના કમિશનરની આગેવાની હેઠળ છેલ્લા એકાદ મહિનાથી શહેરના વિવિધ વિસ્તારોમાંથી ગેરકાયદેસર દબાણો હટાવવાની કામગીરી ચાલી રહી છે અને વિવિધ વિસ્તારોમાંથી અસંખ્ય દબાણો હટાવી રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા છે. આજે શહેરના વિદ્યાનગર વિસ્તારમાંથી ગેરકાયદેસર રીતે ખડકી દેવાયેલા લારી-ગલ્લા અને કેબીનો જપ્ત કરવામાં આવી હતી અને રસ્તો ખુલ્લો કરાયો હતો. ગેરકાયદેસર દબાણ હટાવ કામગીરીથી દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો છે. (તસવીર : મૌલિક સોની)

## આધેવડામાં રહેતા યુવાનનો ગળાફાંસો ખાઈ આપઘાત

ભાવનગર તા.૪

ભાવનગરના આધેવાડા ગામમાં રહેતા યુવાને કોઈ કારણોસર મલેશ્રી નદીના કાંઠે આવેલ બાવળના ઝાડની ડાળીએ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના અધેવાડા ગામમાં આવેલ વકીલના ડેલા પાસે રહેતા ચિંતનભાઈ ધરમશીભાઈ મકવાણા (ઉં.વ.૨૦) નામના યુવાને કોઈ અકળ કસરનોસર ગામની માલેશ્રી નદીના કાંઠે આવેલ બાવળના ઝાડની ડાળીએ ગળાફાસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને યુવકના મૃતદેહને હોસ્પિટલ ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી.